
Sunday, 22 November 2026
પાના : ૮ ● કિંમત : રૂા.૩.૦૦

કેન્દ્ર શાસિત પ્રદેશ દાદરા નગર હવેલી અને દમણ-દીવથી પ્રસિધ્ધ થતું નં.૧ દૈનિક

गते शोको न कर्तव्यो भविष्यं नैव चिन्तयेत्।
वर्तमानेन कालेन वर्तयन्ति विचक्षणाः॥



કોઈ પણ વ્યવસ્થા કે સંસ્થાની ફરી ટીકા થાય તો તે ઉદ્ધત બની જાય છે અને પછી પોતાની જાતને સુધારવાને બદલે ટીકાકારની ટીકા કરવા લાગે છે.
- સરદાર વલ્લભભાઈ પટેલ

તમારી લાગણીનું પ્રતિબિંબ પાડતું સંઘપ્રદેશનું સર્વપ્રથમ દૈનિક

વર્તમાન પ્રવાહ


તંત્રી : મુકેશ ગોસાવી

RNI No. DDGUJ/2003/13906

દમણ કાર્યાલયઃ કલેક્ટર ઓફિસ નજીક, વીઆઈપી સર્કિટ હાઉસની સામે, ઢોલર, મોટી દમણ. Mo. 99796 19477. E-mail: vartmanpravah@gmail.com / editor.vartmanpravah@gmail.com

દમણ (VARTMAN PRAVAH, DAMAN) ● વર્ષઃ ૨૩ ● અંકઃ ૩૨૭ ● સંવત-૨૦૮૩ કારતક સુદ તેરસ ● Web: www.vartmanpravah.com vartmanpravah @VartmanPravahD

ચોમાસુ સત્રના ૧૦૦ દિવસ બાદ પણ સત્રાવસાન નહીંઃ સીમાંકન બિલ પર સસ્પેન્સ



બે-તૃતીયાંશ બહુમતી માટે સરકારના પ્રયાસો વચ્ચે કોંગ્રેસનો વિકસિત ભારત સુધી બેઠકો સ્થિર રાખવાનો મત

(સંપૂર્ણ સમાચાર સેવા)
નવી દિલ્હી, તા.૨૧

મહિલા અનામત લાગુ કરવા માટે મતવિસ્તારોના પુનર્ગઠન (સીમાંકન)ને જોડતું બંધારણ સુધારા બિલ પસાર કરવા કેન્દ્ર સરકાર વિશેષ બેઠક અંગે વિચારણા કરી રહી છે, ત્યારે સંસદનું ચોમાસુ સત્ર શનિવારે રેકોર્ડ ૧૦૦ દિવસ સુધી સત્રાવસાન કર્યા વિના ચાલુ રહ્યું હતું. અગાઉ વર્ષ ૨૦૦૮માં સત્રાવસાન વિના ૮૭ દિવસનો રેકોર્ડ નોંધાયો હતો.

ઉલ્લેખનીય છે કે ૧૩ ઓગસ્ટના રોજ બંને ગૃહોને અનિશ્ચિત સમય માટે સ્થગિત કરાયા હતા, પરંતુ સત્રાવસાનની ઔપચારિક જાહેરાત થઈ નથી. ચર્ચા હેઠળના આ સુધારાથી લોકસભાની બેઠકો ૫૪૩થી વધીને મહત્તમ ૮૫૦ થઈ શકે છે, જેનાથી ૨૦૨૯ની ચૂંટણી પહેલાં મહિલાઓ માટે ૩૩ ટકા અનામતનો માર્ગ મોકળો થશે. દક્ષિણના રાજ્યોની ચિંતા દૂર કરવા દરેક રાજ્યમાં ૫૦ ટકા બેઠકો વધારવા અથવા ૧૯૭૧ની વસ્તીગણતરી મુજબ રાજ્યોનો વર્તમાન હિસ્સો જાળવી રાખવા જેવા વિકલ્પો વિચારણા હેઠળ છે.

જોકે, તારીખો જાહેર ન થતાં ડિસેમ્બરના પ્રથમ સપ્તાહમાં શરૂ થનારા શિયાળુ સત્રના સમય અંગે અટકળો તેજ બની છે. બીજી તરફ, કોંગ્રેસના મહાસચિવ જયરામ રમેશે ૠ પર પ્રહાર કરતાં જણાવ્યું હતું કે, PM-HM જોડી હજુ પણ બિલ પસાર કરવા બે-તૃતીયાંશ બહુમતી શોધી રહી છે.

કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ ચાર પત્રો લખ્યા હોવા છતાં સર્વપક્ષીય બેઠક બોલાવાઈ નથી. રમેશે ૧૯૭૬માં ઈન્દિરા ગાંધી અને ૨૦૦૧માં અટલ બિહારી વાજપેયીએ પુનર્ગઠન ટાળ્યું હોવાનો ઉલ્લેખ કરીને, લોકસભાની બેઠકો ૫૪૩ રાખીને મહિલાઓને અનામત આપવા અને વિકસિત ભારતનું લક્ષ્ય સિદ્ધ થાય ત્યાં સુધી સીમાંકન સ્થિર રાખવાની માંગ કરી છે.

ખાનગી વાહનચાલકો માટે નવા નિયમો લાગુ

ગુજરાતમાં હવે ખાનગી વાહનોના દસ્તાવેજોની ઈ-ડિટેક્શનથી તપાસ થશે

ટોલ પ્લાઝા પર કેમેરાથી નંબર પ્લેટ સ્કેન થશે, PUC, વીમો અને રજિસ્ટ્રેશન અમાન્ય હશે તો ઈ-ચલણ મળશે



(સંપૂર્ણ સમાચાર સેવા)
ગાંધીનગર, તા.૨૧

ગુજરાત રાજ્યમાં માર્ગ સલામતી અને વાહન વ્યવહારના નિયમોના અસરકારક અમલીકરણના હેતુથી હવે ખાનગી વાહનોમાં પણ ઈ-ડિટેક્શન સિસ્ટમ દ્વારા વાહનોનાં જરૂરી દસ્તાવેજોની ચકાસણી કરવામાં આવશે.અત્યાર સુધી રાજ્યમાં હાઈવે પર આવેલા ટોલ પ્લાઝા પર ઈ-ડિટેક્શન સિસ્ટમ મારફતે મુખ્યત્વે કોમર્શિયલ વાહનો જેવા કે ટ્રક, બસ અને માલવાહક વાહનોનાં દસ્તાવેજોની ચકાસણી કરવામાં આવતી હતી. હવે આ વ્યવસ્થાનો વ્યાપ વધારી ખાનગી વાહનોને પણ તેમાં આવરી લેવામાં આવશે.ઈ-ડિટેક્શન સિસ્ટમ અંતર્ગત હાઈવે પરથી પસાર થતાં વાહનોની નંબર પ્લેટ ટોલ પ્લાઝા પર લગાવવામાં આવેલા કેમેરા દ્વારા સ્કેન કરવામાં આવશે ત્યારબાદ સિસ્ટમ મારફતે વાહનના જરૂરી દસ્તાવેજોની માન્યતા અને તેની સમયમર્યાદાની ચકાસણી કરવામાં આવશે.ઈ-ડિટેક્શન સિસ્ટમની અમલવારીને ધ્યાનમાં રાખીને તમામ ખાનગી વાહન ચાલકોએ પોતાના વાહનના જરૂરી દસ્તાવેજો અદ્યતન રાખવા અપીલ કરાઈ છે.જેમાં (1) વાહનનું PUC પ્રદૂષણ નિયંત્રણ પ્રમાણપત્ર માન્ય હોવું જોઈએ. (2) વાહનનો વીમો ચાલુ અને માન્ય હોવો જોઈએ. (3) વાહનનું રજિસ્ટ્રેશન માન્ય હોવું જોઈએ. જો, દસ્તાવેજો અમાન્ય હશે તો ઈ-ચલણની કાર્યવાહી કરાશે. ઈ-ડિટેક્શન સિસ્ટમ દ્વારા વાહનના દસ્તાવેજોની ચકાસણી દરમિયાન કોઈ જરૂરી દસ્તાવેજની સમયમર્યાદા પૂર્ણ થઈ ગઈ હોય અથવા તે માન્ય નહી હોય તો સંબંધિત વાહનચાલકને નિયમો મુજબ ઈ-ચલણ મોકલવાની કાર્યવાહી કરવામાં આવશે.

ગિરનાર પરિક્રમામાં યાત્રિકોની બેદરકારી સામે આવી

પ્લાસ્ટિક પ્રતિબંધ છતાં ગિરનાર પરિક્રમામાં યાત્રિકોની બેગમાંથી નીકળ્યો મોટો જથ્થો

ઈટવા ઘોડી ખાતે ચેકિંગમાં બોટલો અને પ્લાસ્ટિકની થેલીઓ જપ્ત, વન્યજીવોના રક્ષણ માટે ૧૩ એન્ટી પ્લાસ્ટિક સ્કવોડ તૈનાત કરી





(સંપૂર્ણ સમાચાર સેવા)
જુનાગઢ, તા.૨૧

ગિરનારની પવિત્ર પરિક્રમા દરમિયાન કેટલાક યાત્રિકોની બેદરકારીભરી પ્રકૃતિ અને વન્યજીવો માટે મોટું સંકટ ઊભું કરી રહી છે. જંગલને પ્રદૂષણમુક્ત રાખવા વનવિભાગ દ્વારા સઘન ઝુંબેશ ચલાવવામાં આવી રહી હોવા છતાં, પ્રવેશદ્વાર પર જપ્ત થયેલા પ્લાસ્ટિકના વિશાળ ઢગલા જોઈને પર્યાવરણ પ્રેમીઓમાં ચિંતાનું મોજું ફરી વળ્યું છે.મંદિરો શોધોપરિક્રમાના પ્રથમ પ્રવેશદ્વાર ગણાતા ઈટવા ઘોડી ખાતે વનવિભાગના કર્મચારીઓ દ્વારા દરેક યાત્રિકના સામાન અને બેગનું ઝીણવટભર્યું ચેકિંગ કરવામાં આવી રહ્યું છે. તપાસ દરમિયાન યાત્રિકોની બેગમાંથી પાણીની ખાલી બોટલો, ઠંડા પીણાની બોટલો, નાસ્તાના પેકેટ અને પ્રતિબંધિત પ્લાસ્ટિકની થેલીઓનો મોટો જથ્થો મળી આવ્યો હતો. વનતંત્રએ આ તમામ પ્લાસ્ટિક જપ્ત કરી જંગલ વિસ્તારમાં જતું અટકાવ્યું છે, જેના કારણે ચેકપોસ્ટ પાસે જ પ્લાસ્ટિકના મોટા ઢગલા ખડકાયા છે. આમ છતાં, અમુક લોકો તંત્રની નજર ચૂકવીને છુપાવીને પ્લાસ્ટિક જંગલમાં લઈ જતા હોવાની રાવ ઊઠી છે.જંગલની અંદર પરિક્રમા રૂટ પર પ્લાસ્ટિક ફેલાતું રોકવા માટે વનતંત્ર દ્વારા ૧૩ જેટલી ખાસ એન્ટી પ્લાસ્ટિક સ્કવોડ તૈનાત કરવામાં આવી છે. રૂટ પર તપાસ દરમિયાન જે વ્યક્તિ પાસેથી પ્લાસ્ટિક મળી આવે તેમની પાસેથી સ્થળ પર જ દંડ વસૂલવામાં આવી રહ્યો છે. બીજી તરફ, પ્રકૃતિ પ્રેમી સંસ્થાઓ અને વનવિભાગ દ્વારા 'પ્લાસ્ટિક મુક્ત ગિરનાર'ના સંદેશા સાથે યાત્રિકો પાસેથી પ્લાસ્ટિક લઈને તેના બદલે વિનામૂલ્યે કાપડની ઈકો-બેગ્સની થેલીઓનું વિતરણ પણ કરવામાં આવી રહ્યું છે. મંદિરો શોધોગિરનારનું જંગલ સિંહો, દીપડા, હરણ સહિત અસંખ્ય દુર્લભ વન્યજીવો અને પક્ષીઓનું નિવાસસ્થાન છે. જો આ પ્લાસ્ટિક જંગલમાં જાય તો વન્ય પ્રાણીઓ ખોરાકની શોધમાં તે આરોગી જતાં તેમના મોતનું જોખમ ઊભું થાય છે, તેમજ જમીન અને જળ સ્ત્રોત પણ કાયમી ધોરણે દૂષિત થાય છે.પરિક્રમા શરૂ થયા પૂર્વે જ વહીવટી તંત્રના ઉચ્ચ અધિકારીઓ, રાજ્યના મંત્રીઓ, નામાંકિત સેલિબ્રિટીઓ અને ગિરનારના સાધુ-સંતો દ્વારા યાત્રિકોને જંગલમાં પ્લાસ્ટિક ન લઈ જવા માટે ભાવભરી અપીલ કરવામાં આવી હતી. આમ છતાં, જે રીતે ચેકિંગ પોઈન્ટ પરથી ઢગલાબંધ પ્લાસ્ટિક નીકળી રહ્યું છે તે જોતા, ભક્તિની સાથે પ્રકૃતિ પ્રત્યેની આપણી નૈતિક ફરજ અને નાગરિક તરીકેની જવાબદારી અંગે ગંભીર સવાલો ઊભા થયા છે.

ભારતના મોસ્ટ વોન્ટેડ અપરાધીઓમાં સામેલ અંડરવર્લ્ડ ડોન દાઉદ ઈબ્રાહિમને લઈને ફરી એકવાર ચર્ચા તેજ



(સંપૂર્ણ સમાચાર સેવા) **નવી દિલ્હી, તા.૨૧:** ભારતના મોસ્ટ વોન્ટેડ અપરાધીઓમાં સામેલ અંડરવર્લ્ડ ડોન દાઉદ ઈબ્રાહિમને લઈને ફરી એકવાર ચર્ચા તેજ બની છે. પાકિસ્તાનમાં દાઉદનાં એક નહીં પરંતુ ત્રણ અલગ-અલગ ઠેકાણાં હોવાનો દાવો સામે આવ્યો છે.

અમેરિકાની તપાસ એજન્સી FBI માટે અંડરકવર એજન્ટ તરીકે કામ કર્યું હોવાનો દાવો કરનાર કામરાન ફરીદીએ એક પાકિસ્તાની પોડકાસ્ટ ઈન્ટરવ્યૂમાં દાઉદના કથિત રહેઠાણ, સુરક્ષા વ્યવસ્થા અને જીવનશૈલી અંગે અનેક દાવા કર્યા છે. કામરાન ફરીદીના દાવા અનુસાર, દાઉદનાં પાકિસ્તાનમાં ત્રણ ઠેકાણાં છે, જેમાં કરાચીનું '૨૨ જમીઝમા' નામનું કથિત સ્થળ પણ સામેલ છે. ફરીદીના જણાવ્યા મુજબ, બહારથી સામાન્ય રહેણાક મકાન જેવું દેખાતું આ સ્થળ અંદરથી અત્યંત સુરક્ષિત છે. અહીં સાઉન્ડપ્રૂફ બેઝમેન્ટ બનાવવામાં આવ્યું હોવાનો પણ તેણે દાવો કર્યો છે. આ બેઝમેન્ટમાં કથિત રીતે ખાનગી ક્લબ જેવી વ્યવસ્થા છે, જ્યાં મહેફિલો, મુજરા અને બિઝનેસ મીટિંગો યોજાતી હોવાનો દાવો કરવામાં આવ્યો છે. જોકે, આ સ્થળ અંગેના દાવાઓની સ્વતંત્ર પુષ્ટિ થઈ નથી.

ફરીદીએ પોતાના ઈન્ટરવ્યૂમાં દાઉદની સુરક્ષા વ્યવસ્થા અંગે પણ દાવા કર્યા છે. તેના જણાવ્યા મુજબ, છોટા શકીલ દાઉદની સુરક્ષાની જવાબદારી સંભાળે છે. પાકિસ્તાનની ગુપ્તચર એજન્સી ISIના મુખ્યાલય સુધી દર શુક્રવારે સુરક્ષા સંબંધિત અહેવાલ પહોંચતો હોવાનો પણ તેણે દાવો કર્યો છે.

દાઉદ મોટાભાગે રાત્રિના સમયે બહાર નીકળતો હોવાની અને ભારત-પાકિસ્તાન વચ્ચે તણાવ વધે ત્યારે પોતાનું ઠેકાણું બદલી નાખતો હોવાની વાત પણ ફરીદીએ કરી છે.

પોડકાસ્ટ દરમિયાન ફરીદીએ દાઉદની અંગત જીવનશૈલી અંગે પણ કેટલાક દાવા કર્યા હતા. તેના જણાવ્યા મુજબ, દાઉદ દારૂ અને કોકેઈનનું સેવન કરતો હતો. તેણે થાઈલેન્ડથી મોંઘી દારૂની બોટલ મંગાવી હોવાનો ઉલ્લેખ પણ કર્યો હતો. દારૂ છોડ્યા બાદ પણ કોકેઈનનું સેવન ચાલુ રાખ્યું હોવાનો દાવો કરવામાં આવ્યો છે. જોકે, આ અંગત જીવન સંબંધિત દાવાઓને સમર્થન આપતા સ્વતંત્ર પુરાવા રજૂ કરવામાં આવ્યા નથી.

કામરાન ફરીદીએ ૨૦૧૮માં લંડનમાં દાઉદના નજીકના સાથી તરીકે ઓળખાતા ઝાહિર મોતીવાલાની ધરપકડનો પણ ઉલ્લેખ કર્યો હતો. તેના જણાવ્યા મુજબ, આ સમગ્ર કાર્યવાહી FBIના ઓપરેશન સાથે જોડાયેલી હતી. આ ઓપરેશનનો હેતુ મોતીવાલાને અમેરિકાને સોંપીને દાઉદ અને લશ્કર-એ-તૈયબા વચ્ચેના કથિત સંબંધો અંગે કાનૂની કાર્યવાહી આગળ વધારવાનો હતો. ફરીદીના દાવા અનુસાર, પરિવારની સુરક્ષાને લઈને ચિંતા અને ધમકીઓના કારણે તેણે અમેરિકાની કોર્ટમાં જુબાની આપવાનો ઇનકાર કર્યો હતો. પાકિસ્તાન પરત ફર્યા બાદ તેને ધરપકડ અને જેલનો સામનો કરવો પડ્યો હોવાનો પણ તેણે દાવો કર્યો હતો. કામરાન ફરીદીના આ ઈન્ટરવ્યૂ બાદ દાઉદ ઈબ્રાહિમના કથિત પાકિસ્તાની ઠેકાણાં અને તેના નેટવર્ક અંગે ફરી ચર્ચા શરૂ થઈ છે. જોકે, પોડકાસ્ટમાં કરવામાં આવેલા આ દાવાઓને તપાસ એજન્સીઓ અથવા અન્ય સ્વતંત્ર સત્તાવાર સ્રોતો દ્વારા સમર્થન મળ્યું હોવાની માહિતી ઉપલબ્ધ નથી. તેથી આ વિગતોને દાવા તરીકે જ જોવી જરૂરી છે.

ઉપરાષ્ટ્રપતિ સી. પી. રાધાકૃષ્ણનનું નિવેદન

બંધારણ પ્રજાસત્તાકનો મોરલ કમ્પસ, ફરજોનું પાલન અનિવાર્ય

'કોન્સ્ટિટ્યુશન વીક સેલિબ્રેશન્સ ૨૦૨૬'ના ઉદ્ઘાટન પ્રસંગે ૫૦ કરોડ લોકોને ગરીબીમાંથી બહાર કાઢવા સહિતની સિદ્ધિઓનો ઉલ્લેખ

(સંપૂર્ણ સમાચાર સેવા)
નવી દિલ્હી, તા.૨૧

ભારતના ઉપરાષ્ટ્રપતિ સી. પી. રાધાકૃષ્ણને નવી દિલ્હીના કોન્સ્ટિટ્યુશન ક્લબ ઓફ ઈન્ડિયા ખાતે બેનેટ યુનિવર્સિટીની સ્કૂલ ઓફ લો દ્વારા આયોજિત 'કોન્સ્ટિટ્યુશન વીક સેલિબ્રેશન્સ-૨૦૨૬'ની પાંચમી આવૃત્તિનું ઉદ્ઘાટન કર્યું હતું.

આ પ્રસંગે સંબોધન કરતાં તેમણે જણાવ્યું હતું કે ભારતનું બંધારણ માત્ર કાનૂની દસ્તાવેજ કરતાં ઘણું વિશેષ છે અને તે પ્રજાસત્તાકનો મોરલ કમ્પસ છે. બંધારણીય મૂલ્યો માત્ર સંસ્થાઓ અને કાનૂની લખાણો પૂરતા સીમિત ન રહેતાં રોજિંદા જાહેર જીવનનો અભિન્ન ભાગ બનવા જોઈએ તેમ તેમણે કહ્યું હતું. સંસ્થાઓની જવાબદારી, અસંમતિનું સન્માન અને નાગરિકો દ્વારા અધિકારો તથા ફરજોના જવાબદારીપૂર્વકના ઉપયોગથી લોકશાહી ખીલે છે, તેમજ તમામ નાગરિકોના અધિકારોના રક્ષણ માટે ફરજોનું પાલન એટલું જ મહત્વપૂર્ણ છે, એમ તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું.



ડૉ. બી. આર. આંબેડકરની લોકશાહીની વ્યાખ્યાને યાદ કરતાં ઉપરાષ્ટ્રપતિએ કહ્યું કે લોકશાહી દ્વારા રક્તપાત વિના આર્થિક અને સામાજિક જીવનમાં ક્રાંતિકારી પરિવર્તનો શક્ય બને છે. છેલ્લા દાયકામાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં થયેલી પ્રગતિને તેમણે શાંત ક્રાંતિ ગણાવી હતી અને આશરે ૫૦ કરોડ લોકોને ગરીબીમાંથી બહાર કાઢવા, ચાર કરોડ પાકા મકાનોના નિર્માણ, જલ જીવન મિશન હેઠળ ગ્રામીણ નળથી જળ કવરેજ ૮૨ ટકાથી વધુ થવા તેમજ સરહદી ગામોના 'વાઇબ્રન્ટ વિલેજ' તરીકેના ઉદભવનો ઉલ્લેખ કર્યો હતો. રાષ્ટ્રનિર્માણમાં મહિલાઓની ભૂમિકા અંગે તેમણે બંધારણ સભાના ૧૫ મહિલા સભ્યોના યોગદાન અને 'નારી શક્તિ વંદન અધિનિયમ'નો ઉલ્લેખ કરતાં જણાવ્યું કે દેશ હવે મહિલાઓના વિકાસથી મહિલા-નેતૃત્વ હેઠળના વિકાસ તરફ આગળ વધી રહ્યો છે.

અનુચ્છેદ ૨૧નો ઉલ્લેખ કરતાં સી. પી. રાધાકૃષ્ણને વિકાસ અને પર્યાવરણ સંરક્ષણ વચ્ચે સંતુલન જાળવવા, વિચારહીન ઉપભોક્તાવાદ ટાળવા, ટકાઉ જીવનશૈલી અપનાવવા અને 'મિશન લાઇફ' દ્વારા પર્યાવરણ પ્રત્યે જવાબદાર બનવા આહવાન કર્યું હતું. ડિજિટલ પબ્લિક ઇન્ફ્રાસ્ટ્રક્ચર, આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ અને ટેકનોલોજીનો ઉપયોગ બંધારણીય મૂલ્યો મુજબ માનવતાના હિતમાં, પારદર્શિતા વધારવા અને નાગરિક સશક્તિકરણ માટે થવો જોઈએ તેમ તેમણે જણાવ્યું હતું. કાનૂની શિક્ષણમાં બંધારણીય સંવેદનશીલતા અને નૈતિક નેતૃત્વ પર ભાર મૂકતાં તેમણે કહ્યું કે 'વિકસિત ભારત જ૨૦૪૭'ના લક્ષ્ય માટે બંધારણીય મૂલ્યો જ પાયામાં રહેવા જોઈએ. આ કાર્યક્રમમાં કેન્દ્રીય રાજ્યમંત્રી અર્જુન રામ મેઘવાલ, એટર્ની જનરલ આર. વેંકટરમણી અને બેનેટ યુનિવર્સિટીના આગેવાનો સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.



સુવિચાર - સદ્‌વિચાર

મિત્રતા એ સાચા સંબંધોનો આધાર છે.

કવિતા

અધિક છે વેદથી પણ જ્ઞાનનો વિસ્તાર આંસુમાં

અધિક છે વેદથી પણ જ્ઞાનનો વિસ્તાર આંસુમાં,
છુપાયો છે છૂપી રીતે જગત-કિરતાર આંસુમાં.

કહીં આનંદથી ઊભરે, કહીં પર શોકથી વહેતાં,
તરે છે ને ડૂબે છે આ સકળ સંસાર આંસુમાં.

ભૂમિ, આકાશ ને પાતાળમાં પણ ધૂમ છે એની,
ખબર નહોતી હશે આવી અસર બે-ચાર આંસુમાં.

હજારો આશ અંતરની વસી છે બુંદ પાણીમાં,
હું એનો આ જ શોધું છું ડૂબીને સાર આંસુમાં.

હૃદય જે બા'ર આવે છે હશે એમાં હૃદયમૂર્તિ,
જરા તું ધ્યાનથી જો તો ખરો પળવાર આંસુમાં.

વ્યથા એને ન થાયે એ જ ચિંતા થાય છે એથી,
હૃદયનો શોક ચમકે છે બની શણગાર આંસુમાં.

લડે છે હર ઘડી આશા નિરાશા મુજ હૃદયમાંહી,
કરે છે બા'ર આવીને પરસ્પર પ્યાર આંસુમાં.

નથી નિશ્રવાસમાં 'શયદા' નથી મારા તડપવામાં,
કથા મારા જીવનની છે ફક્ત બે-ચાર આંસુમાં

- શયદા

આજની જોક

એક છોકરી : 'મને તો ભણેલોગણેલો પતિ મળે એટલે બસ. તને કેવો પતિ જોઈએ છે ?'
બીજી છોકરી : 'મને તો આમ ખાસ કોઈ ઈચ્છા નથી. મને કરોડપતિ, પ્રેમાળ અને મને ખુશ રાખી શકે તેવો પતિ મળે તેટલું જ પૂરતું !'

કબીર વાણી



હરિકી ભક્તિ કર, તજ માયાકી ચોજ;
બેર બેર ન પાઈયે, મનખા જનમકી મોજ.

- અર્થાત-

(૧) માયા એટલે જે વસ્તુ ભુત, ભવિષ્ય, વર્તમાન આદી ત્રણ કાળમાં છેજ નહિ તેને છે એમ માનવું તે માયા.
(૨) ઈંદ્રિઓને મોજ આપતી વસ્તુઓ, સુખ આપનારી છે, ને તે સુખ ખરૂં છે યાને હંમેસાં ટકનારૂં છે એમ માનવું તે માયા.
(૩) જીવની આસપાસ ઘેરો નાંખી, તેનું (આત્મસ્વરૂપ) પોતાનું ખરૂ સ્વરૂપ જોતાં અટકાવ કરે છે, તે માયા.

માયાની ખોટી વસ્તુઓની ઈચ્છા તું મુકી દે અને પરમેશ્વરની સેવા કર, કારણ કે મનુષ્યના અવતાર રૂપી મજાહ ફરી ફરીથી મળતી નથી; તે મેળવવાને બહુ મુશ્કેલી પડે છે.

ચાણક્ય ઉવાચ



સુખાર્થી ચેત્યજેદ્વિદ્યાં વિદ્યાર્થી ચેત્યજેત્સુખમ્ ।
સુખાર્થી વા કુતો વિદ્યા વિદ્યાર્થી વા કુતો સુખમ્ ॥

-અર્થાત-

જો તમારે સુખ જોઈતું હોય તો વિદ્યા (અભ્યાસ કે શીખવાનું) છોડવું પડે છે, અને જો તમારે વિદ્યા પ્રાપ્ત કરવી હોય તો આરામ કે સુખ છોડવું પડે છે. સુખ ઈચ્છનારને વિદ્યા ક્યાંથી મળે? અને વિદ્યા પ્રાપ્ત કરનારને સુખ ક્યાંથી મળે?

આજનો દિન વિશેષ

રૂખમાબાઈ

રૂખમાબાઈ (૨૨ નવેમ્બર ૧૮૬૪ - ૨૫ સપ્ટેમ્બર ૧૯૫૫) એક ભારતીય ચિકિત્સક અને નારીવાદી હતા. તેણી વસાહતી ભારતમાં પ્રથમ પ્રેક્ટિસ કરતી મહિલા ડોક્ટરોમાંની એક તરીકે તેમજ ૧૮૮૪ અને ૧૮૮૮ ની વચ્ચે બાળવધૂ તરીકે તેમના લગ્નને સંડોવતા સીમાચિહ્ન કાનૂની કેસમાં સામેલ થવા માટે જાણીતી છે.

આ કિસ્સાએ ઘણા વિષયો પર નોંધપાત્ર જાહેર ચર્ચા ઉભી કરી હતી, જે મોટાભાગે બ્રિટિશ-શાસિત ભારત અને ઈંગ્લેન્ડ બંનેમાં કાયદો વિરુદ્ધ પરંપરા, સામાજિક સુધારણા વિરુદ્ધ રૂઢિચુસ્તતા અને નારીવાદનો મુખ્યત્વે સમાવેશ થાય છે. આ આખરે ૧૮૯૧ માં સંમતિની વય કાયદામાં ફાળો આપ્યો.

સન્ડે સ્પેશિયલ : પ્રેરક પ્રસંગ

માણસની કિંમત

તૈમૂરલંગ ખૂબ જ ક્રૂર રાજા હતો અને તેની ક્રૂરતાથી રાજ્યની પ્રજા દુઃખી હતી. તે લંગડા, ઠીંગણા, કદરૂપા માણસે ન જાણે કેટલાય દેશોને નષ્ટ-પષ્ટ કરી દીધા હતા, કેટલાય ઘરો-કુટુંબોને બેઘર કરી દીધા હતા. આવા ક્રૂર-પાશવી પાસે એક દિવસ બંદીવાન કેદીઓને લાવવામાં આવ્યા, જેઓને આજે સજા તે સંભળાવવાનો હતો. આ કેદીઓમાં તૂર્કિસ્તાનના પ્રસિદ્ધ કવિ અહમદી પણ હતા. તેને જ્યારે પકડીને તૈમૂરલંગ પાસે લાવવામાં આવ્યા, ત્યારે તૈમૂરલંગે બે ગુલામો તરફ અંગૂલી નિર્દેશ દ્વારા અહમદીને કહ્યું કે મેં સાંભળ્યું છે કે 'કવિ લોકો મોટા પારખું હોય છે. તો સારું, તમે મને કહો કે આ બે ગુલામોની કિંમત શું છે ?' 'આ બનેમાંથી કોઈ પણ ૪૦૦ અશરફીથી ઓછી કિંમત ન નથી. 'અહમદીએ જવાબ આપ્યો' આ સાંભળી તૈમૂરને બહુજ આશ્ચર્ય થયું ! તેણે ફરી પ્રશ્ન કર્યો ભાઈ તો મારી શું કિંમત છે?અહમદી સ્પષ્ટ વક્તા અને સ્વાભિમાની હતા. તેણે જવાબ આપ્યો, 'તમારી કિંમત ફક્ત ચોવીસ અસરફીઓ જ છે. શું, મારી ફક્ત ચોવીસ અશરફી જ કિંમત જ છે ? આશ્ચર્ય સાથે તૈમૂરે કહ્યું, આટલી કિંમતની તો ફક્ત મારી કફની જ છે. જી હા, મેં તેની તો કિંમત લગાવી છે.-સ્વાભિમાની કવિ એ જવાબ આપ્યો. 'એટલે કે મારી કોઈ જ કિંમત જ નથી?' તૈમૂર એ વળતો ફરી તેને સવાલ કર્યો.'જી નહીં, કોઈ જ નથી. જે વ્યક્તિમાં દયા જરા પણ માત્રામાં ના હોઈ શકે, તમે જ કહો, એવા દુષ્ટને 'માણસ' તરીકે કઈ રીતે ઓળખાણ આપી શકાય ? અને આમ છતાં, તેની કિંમત પણ શું હોઈ શકે ? તૈમૂર માટે કરેલી વાત સાચી જ હતી, આમ છતાં તે ચૂપચાપ સાંભળતો રહ્યો. તે અહમદીને સજા તો તે આપી શકે તેમ ના હતા, અને જો તે સજા કરે તો અહમદી દ્વારા તેની કિંમત જે કરવામાં આવી હતી તે સાચી છે તેમ સાબિત થાય તેમ હતું, તેણે અહમદીને 'પાગલ' છે તેમ જાહેરકરાર કર્યો અને છોડી દીધો.સારા માણસની કિંમત પૈસાથી નક્કી નથી થતી તેના સ્વભાવ અને કાર્યથી નક્કી થાય છે.

'બહાર મળ, પછી બતાવું છું...'

ફ્લાઈટ મોડી પડતાં સ્પાઈસજેટના કર્મચારીની મુસાફરોને કથિત ધમકી

દિલ્હી એરપોર્ટ પર ફ્લાઇટના વિલંબને લઈને મુસાફરો અને કર્મચારી વચ્ચે બોલાચાલી; ઘટનાનો વીડિયો વાયરલ

(સંપૂર્ણ સમાચાર સેવા)

નવી દિલ્હી, તા.૨૧

ફ્લાઈટમાં વિલંબ અને રદ થવાની ફરિયાદો વચ્ચે સ્પાઈસજેટ એરલાઈન ફરી એકવાર વિવાદમાં આવી છે. દિલ્હી સ્થિત ઈન્દિરા ગાંધી ઈન્ટરનેશનલ (IGI) એરપોર્ટ પર ફ્લાઈટ મોડી પડતાં નારાજ થયેલા મુસાફરો અને એરલાઈનના કર્મચારી વચ્ચે ઉગ્ર બોલાચાલી થઈ હતી. આ દરમિયાન કર્મચારીએ મુસાફરોને કથિત રીતે 'બહાર મળ, પછી બતાવું છું' કહી ધમકી આપી હોવાનો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થયો છે. ઘટનાને પગલે એરલાઈનના કર્મચારીઓના વર્તન અને મુસાફરોને આપવામાં આવતી સુવિધાઓ સામે સવાલો ઊઠ્યા છે.



મળતી માહિતી મુજબ, દિલ્હી એરપોર્ટ પર સ્પાઈસજેટની ફ્લાઈટમાં વિલંબ થતાં મુસાફરો લાંબા સમય સુધી રાહ જોવા મજબૂર બન્યા હતા. ફ્લાઈટના વિલંબ અંગે યોગ્ય માહિતી નહીં મળતી હોવાના આક્ષેપ સાથે મુસાફરોએ એરલાઈનના કર્મચારીઓ સામે નારાજગી વ્યક્ત કરી હતી.

આ દરમિયાન મુસાફરો અને કર્મચારી વચ્ચે બોલાચાલી ઉગ્ર બની હતી. સોશિયલ મીડિયા પર વાયરલ થયેલા વીડિયોમાં કર્મચારી ઉગ્ર ભાષામાં વાત કરતો જોવા મળે છે. કર્મચારીએ મુસાફરોને 'બહાર મળ, પછી બતાવું છું' કહી ધમકી આપી હોવાનો દાવો કરવામાં આવી રહ્યો છે. આ ઘટનાની સોશિયલ મીડિયા પર ટીકા થઈ રહી છે.

મુસાફરોના જણાવ્યા અનુસાર, ફ્લાઈટ મોડી પડવાને કારણે તેમને એરપોર્ટ પર લાંબા સમય સુધી રાહ જોવી પડી હતી. આ સમયગાળા દરમિયાન એરલાઈન દ્વારા ભોજન, પીવાનું પાણી અને અન્ય જરૂરી સુવિધાઓ પૂરી પાડવામાં આવી નહોતી. ફ્લાઈટના વિલંબ અંગે પણ સમયસર અને સ્પષ્ટ માહિતી આપવામાં આવી ન હોવાનો આક્ષેપ છે.

મુસાફરોનું કહેવું છે કે ફ્લાઈટ મોડી પડે ત્યારે એરલાઈને મુસાફરોની સુવિધા અને તેમની સાથેના વ્યવહારનું ધ્યાન રાખવું જોઈએ. તેના બદલે કર્મચારી દ્વારા ઉગ્ર ભાષાનો ઉપયોગ કરવામાં આવતાં વિવાદ વધુ વકર્યો હતો. સ્પાઈસજેટની મુશ્કેલીઓ વચ્ચે નાગરિક ઉડ્ડયન મહાનિર્દેશાલય (DGCA) દ્વારા પણ એરલાઈનને કારણદર્શક નોટિસ ફટકારવામાં આવી હોવાનું અહેવાલમાં જણાવાયું છે. એરલાઈનને સાત દિવસમાં જવાબ રજૂ કરવા માટે કહેવામાં આવ્યું છે. નિર્ધારિત સમયમર્યાદામાં જવાબ નહીં મળે અથવા જવાબ સંતોષકારક નહીં હોય તો નિયમ મુજબ આગળની કાર્યવાહી થઈ શકે છે.

સ્પાઈસજેટની ફ્લાઈટમાં વિલંબ અને રદ થવાની ફરિયાદો માત્ર દિલ્હી પૂરતી મર્યાદિત નથી. અગાઉ મુંબઈ એરપોર્ટ પર પણ એરલાઈનની ફ્લાઈટ્સના સંચાલન અંગે ફરિયાદો સામે આવી હતી. અહેવાલ મુજબ, ૧૮ નવેમ્બરના રોજ મુંબઈ એરપોર્ટના ફ્લાઈટ શેડ્યૂલમાં સ્પાઈસજેટની કોઈ ફ્લાઈટ જોવા મળી નહોતી.

આ ઉપરાંત બાગડોગરાથી અમદાવાદ જવા નીકળેલા મુસાફરોએ પણ ફ્લાઈટને લઈને મુશ્કેલીઓનો સામનો કરવો પડ્યો હોવાની ફરિયાદો સામે આવી હતી.

ભારતીય વાયુસેનાએ આંકડા ફગાવ્યા

ભારતના ૩૬માંથી ૪ રાફેલ જેટ ગુમ થયાનો દાવો : બ્રિટિશ મેગેઝિનના રિપોર્ટથી વિવાદ

પાકિસ્તાની મીડિયાએ પોતાના દાવા સાથે જોડ્યા આંકડા, ભારતે તમામ ૩૬ વિમાન ઉપલબ્ધ હોવાનો પક્ષ રજૂ કર્યો

(સંપૂર્ણ સમાચાર સેવા)

નવી દિલ્હી, તા.૨૧

ભારત અને પાકિસ્તાન વચ્ચે મે ૨૦૨૫માં થયેલા સૈન્ય સંઘર્ષ બાદ રાફેલ ફાઈટર જેટને લઈને ફરી વિવાદ ઊભો થયો છે. બ્રિટિશ એવિએશન મેગેઝિન ફ્લાઈટગ્લોબલની તાજેતરમાં પ્રકાશિત વર્લ્ડ એર ફોર્સીસ ડિરેક્ટરી ૨૦૨૬માં ભારતીય વાયુસેના પાસે ૩૬ને બદલે માત્ર ૩૨ રાફેલ વિમાન હોવાનું દર્શાવવામાં આવ્યું છે. આ આંકડા સામે આવતાં જ પાકિસ્તાની મીડિયા અને ભારતના વિપક્ષ દ્વારા સવાલો ઉઠાવવામાં આવ્યા છે. જોકે, ભારતીય સંરક્ષણ વર્તુળો અને ભૂતપૂર્વ વાયુસેના અધિકારીઓએ આ દાવાને નકારી કાઢ્યો છે.



બ્રિટિશ મેગેઝિન ફ્લાઈટગ્લોબલ દ્વારા એમ્બ્રેરના સહયોગથી તૈયાર કરવામાં આવેલી વર્લ્ડ એર ફોર્સીસ ડિરેક્ટરી ૨૦૨૬માં ભારતીય વાયુસેનાના રાફેલ વિમાનોની સંખ્યા ૩૨ દર્શાવવામાં આવી છે. જ્યારે ભારતે ફ્રાન્સ પાસેથી કુલ ૩૬ રાફેલ વિમાનો ખરીદ્યાં હતાં.

નોંધનીય છે કે, નવેમ્બર ૨૦૨૫માં પ્રકાશિત થયેલી અગાઉની આવૃત્તિમાં ૩૫ રાફેલ વિમાનો સક્રિય હોવાનું દર્શાવાયું હતું. નવી આવૃત્તિમાં આ સંખ્યા ઘટાડીને ૩૨ કરવામાં આવી છે. જોકે, આ ઘટાડા પાછળનું ચોક્કસ કારણ કે કોઈ આધારભૂત પુરાવો રિપોર્ટમાં આપવામાં આવ્યો નથી.

રિપોર્ટ પ્રકાશિત થતાં જ પાકિસ્તાની મીડિયાએ તેને મે ૨૦૨૫ના સૈન્ય સંઘર્ષ દરમિયાન ભારતનાં ચાર રાફેલ વિમાનો તોડી પાડવાના પોતાના દાવા સાથે જોડ્યો છે. પાકિસ્તાનના આ દાવા અગાઉથી જ વિવાદાસ્પદ રહ્યા છે. જોકે, માત્ર ફ્લાઈટગ્લોબલના આંકડાથી ચાર રાફેલ વિમાનો તોડી પડાયાં હોવાનું સાબિત થતું નથી.

ભારતીય વાયુસેનાના ભૂતપૂર્વ વાઈસ ચીફ એર માર્શલ નર્મદેશ્વર તિવારી (નિવૃત્ત)એ આ રિપોર્ટના આંકડાઓ સામે સવાલો ઉઠાવ્યા છે. તેમણે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર આ આંકડાઓને સ્પષ્ટપણે ખોટા ગણાવી મેગેઝિનને પોતાના માહિતીના સ્ત્રોતોની ફરી તપાસ કરવાની સલાહ આપી હતી.

તેમના જણાવ્યા અનુસાર, અગાઉ પાકિસ્તાન દ્વારા તોડી પાડવામાં આવ્યા હોવાનો દાવો કરાયેલા રાફેલ વિમાનોના ચોક્કસ ટેલ નંબરો પણ સામે આવ્યા હતા. જોકે, તે જ નંબર ધરાવતા વિમાનો બાદમાં આંતરરાષ્ટ્રીય કવાયતો અને અન્ય પ્રસંગોએ જોવા મળ્યાં હતાં.

આ વિવાદ વચ્ચે જૂન ૨૦૨૬માં ભારતીય વાયુસેના દ્વારા તમામ ૩૬ રાફેલ વિમાનો માટે ટેકનિકલ અને લોજિસ્ટિક્સ સપોર્ટ સંબંધિત ટેન્ડર બહાર પાડવામાં આવ્યું હોવાનો અહેવાલમાં ઉલ્લેખ છે. આ મુદ્દાને ૩૬ વિમાનોના કાફલાની સ્થિતિ અંગેના દાવાના સમર્થનમાં રજૂ કરવામાં આવ્યો છે.

સંરક્ષણ નિષ્ણાતોના મતે, આંતરરાષ્ટ્રીય એવિએશન ડેટાબેઝમાં દર્શાવાતી સક્રિય વિમાનોની સંખ્યા અને કોઈ દેશ પાસે રહેલા કુલ વિમાનોની સંખ્યા અલગ હોઈ શકે છે. નિયમિત મેન્ટેનન્સ, અપગ્રેડેશન કે સમારકામના કારણે પણ સક્રિય વિમાનોની સંખ્યા બદલાઈ શકે છે.

પૂર્વાંચલ એક્સપ્રેસવે પર ગમખ્વાર અકસ્માત

પાર્ક કરેલી પિકઅપમાં એમ્બ્યુલન્સ ઘૂસી જતા પાંચ લોકોના કરુણ મોત

લખનઉથી ગાઝીપુર જઈ રહેલી એમ્બ્યુલન્સ ૫૩.૩ કિમીના પોઇન્ટ પર અકસ્માતનો ભોગ બની હતી

(સંપૂર્ણ સમાચાર સેવા)

લખનઉ, તા.૨૧

ઉત્તર પ્રદેશના પૂર્વાંચલ એક્સપ્રેસવે પર શનિવારે વહેલી સવારે ગમખ્વાર માર્ગ અકસ્માત સર્જાયો હતો.

સુબેહા વિસ્તારના ગેરાવાં ગામ નજીક એક્સપ્રેસવે પર પાર્ક કરેલી પિકઅપ સાથે પૂરઝડપે પસાર થતી એમ્બ્યુલન્સ પાછળથી અથડાઈ હતી. ટક્કર એટલી ભયાનક હતી કે એમ્બ્યુલન્સમાં સવાર પાંચેય લોકોનાં ઘટનાસ્થળે જ મોત નીપજ્યાં હતાં. અકસ્માતને પગલે એક્સપ્રેસવે પર અફરાતફરી મચી ગઈ હતી.

મળતી માહિતી મુજબ, શનિવારે સવારે આશરે ૬:૩૦ વાગ્યે એક રાહદારીએ ૧૧૨ કંટ્રોલ રૂમને અકસ્માતની જાણ કરી હતી. લખનઉથી ગાઝીપુર તરફ જઈ રહેલી એમ્બ્યુલન્સ પૂર્વાંચલ એક્સપ્રેસવેના ૫૩.૩ કિલોમીટર પાસે પહેલેથી પાર્ક કરેલી પિકઅપ સાથે અથડાઈ હતી. ટક્કર એટલી જોરદાર હતી કે એમ્બ્યુલન્સને ભારે નુકસાન થયું હતું અને તેમાં સવાર લોકોને જીવલેણ ઈજાઓ પહોંચી હતી.

પ્રાથમિક માહિતી અનુસાર, એમ્બ્યુલન્સમાં સવાર લોકો જયપુરથી એક મૃતદેહ લઈને પશ્ચિમ બંગાળ જઈ રહ્યા હતા. અકસ્માતની જાણ થતાં જ પોલીસ અને એક્સપ્રેસવેની સુરક્ષા ટીમ ઘટનાસ્થળે દોડી આવી હતી. તમામ પાંચ લોકોને હૈદરગઢના સામુદાયિક આરોગ્ય કેન્દ્રમાં લઈ જવામાં આવ્યા હતા, જ્યાં તબીબી તપાસ દરમિયાન તેમને મૃત જાહેર કરવામાં આવ્યા હતા.

સુબેહા પોલીસ સ્ટેશનના ઇન્સ્પેક્ટર બેચુ સિંહ સહિતના અધિકારીઓએ ઘટનાસ્થળે પહોંચીને તપાસ હાથ ધરી હતી. પ્રભારી પોલીસ અધિક્ષક વિવેક તિવારી અને હૈદરગઢના સીઓ સમીર સિંહે પણ ઘટનાસ્થળની મુલાકાત લીધી હતી.

પોલીસે મૃતકોની ઓળખ કરવાની કાર્યવાહી હાથ ધરતાં તમામ પાંચની વિગતો સામે આવી હતી. મૃતકોમાં રાજસ્થાન અને પશ્ચિમ બંગાળના રહેવાસીઓનો સમાવેશ થાય છે.

૧. હરિ ઓમ યોગી: રાજસ્થાનના અલવર જિલ્લાના પીપલ ખેડા ગામના રહેવાસી, જય સિંહના પુત્ર.

૨. અમિનૂર હક: પશ્ચિમ બંગાળના કૂચ બિહાર જિલ્લાના મધ્ય બાલા ભૂત વિસ્તારના રહેવાસી, અબ્દુલ હુસૈનના પુત્ર.

૩. રૂપિક: પશ્ચિમ બંગાળના સુકનસ પુકાનગંજ મુલી બાલા ભૂત વિસ્તારના રહેવાસી, અબ્દુલ રહેમાનના પુત્ર.

૪. મકબૂલ ખાન: રાજસ્થાનના જયપુરના જવાહર નગર કાચી બસ્તીના રહેવાસી, શુમાનના પુત્ર.

૫. આલમ: પશ્ચિમ બંગાળના કૂચ બિહાર જિલ્લાના સુલતાનગંજના ઉત્તર ભલા ભૂત વિસ્તારના રહેવાસી અને એમ્બ્યુલન્સના ચાલક.

પોલીસ અધિકારી અનિલ કુમાર પાંડેએ જણાવ્યું હતું કે, મૃતકોની ઓળખ કર્યા બાદ તેમના પરિવારજનોને જાણ કરવામાં આવી છે.

તમામ મૃતદેહોને પોસ્ટમોર્ટમ માટે મોકલી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. એક્સપ્રેસવે પર પાર્ક કરેલી પિકઅપ અને એમ્બ્યુલન્સ વચ્ચે અકસ્માત કયા સંજોગોમાં સર્જાયો તેની તપાસ પણ પોલીસ દ્વારા કરવામાં આવી રહી છે.

પેરુમાં ભૂકંપના જોરદાર આંચકા, ૬.૮ની તીવ્રતાનો ભૂકંપ આવ્યો

(સંપૂર્ણ સમાચાર સેવા)

પેરુ, તા.૨૧

દક્ષિણ અમેરિકાના દેશ પેરુમાં કારાહુઆમાયોથી ૯ કિલોમીટર ઉત્તર-પૂર્વમાં ભૂકંપના જોરદાર આંચકા અનુભવાયા હતા. સ્થાનિક સમય અનુસાર શુક્રવારે સાંજે આવેલા આ ભૂકંપના આંચકા રાજધાની લિમા સુધી અનુભવાયા હતા. રિક્ટર સ્કેલ પર ભૂકંપની તીવ્રતા ૬.૭ નોંધાઈ હતી.

રાજધાની લિમામાં ભૂકંપના ડરથી લોકો ઘરની બહાર દોડી આવ્યા હતા. પેરુની જિયોફિઝિક્સ સંસ્થાના જણાવ્યા અનુસાર, એન્ડિયન વિસ્તારના જુનિનમાં જમીનથી ૧૨૯ કિલોમીટરની ઊંડાઈએ ભૂકંપ આવ્યો હતો.

જર્મન રિસર્ચ સેન્ટર ફોર જિયોસાયન્સિસ (GFZ)એ ભૂકંપની તીવ્રતા ૬.૮ મેગ્નિટ્યુડ જણાવી હતી. અધિકારીઓએ અત્યાર સુધી જાનમાલના નુકસાન અંગે કોઈ સમાચાર આપ્યા નથી.

સુનામીને લઈને પણ કોઈ ખતરો હોવાનું જણાવવામાં આવ્યું નથી. લિમામાં સાંસદોને કોંગ્રેસની ઈમારતમાંથી બહાર નીકળતા જોવા મળ્યા હતા. અમેરિકાના જિયોલોજિકલ સર્વે (USGS)એ ભૂકંપની તીવ્રતા ૬.૭ જણાવી હતી. અમેરિકાના નેશનલ સુનામી વોર્નિંગ સેન્ટરે પુષ્ટિ કરી હતી કે કેલિફોર્નિયા, ઓરેગોન, વોશિંગ્ટન, બ્રિટિશ કોલંબિયા અથવા અલાસ્કામાં સુનામીનો કોઈ ખતરો નથી.

અધિકારીઓના જણાવ્યા અનુસાર, પુકાલ્પામાં થોડીક સેકન્ડ સુધી આવા આંચકા અનુભવાવા કોઈ સામાન્ય બાબત નથી. એક ટીવી ચેનલમાં સમાચાર પ્રસારણ દરમિયાન ત્યાં હાજર તમામ કર્મચારીઓ ખૂબ જ ડરી ગયા હતા, કારણ કે આ વિસ્તારમાં આવી કુદરતી ઘટનાઓ ભાગ્યે જ જોવા મળે છે. જોકે, હવે શહેરમાં સ્થિતિ સામાન્ય થઈ ગઈ છે.

ભૂકંપના કારણે અનેક દુકાનોમાંથી લોકો ડરના માર્યા બહાર નીકળી આવ્યા હતા. કેટલાક ખાનગી આરોગ્ય કેન્દ્રોના કર્મચારીઓ અને મેડિકલ સ્ટાફ પણ કોઈ સંભવિત દુર્ઘટનાને ટાળવા માટે રસ્તા પર આવી ગયા હતા. નોંધનીય છે કે, અલ નીનોના કારણે પેરુમાં હાલમાં એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે અને આવી ઘટનાઓની આશંકા અગાઉથી જ વ્યક્ત કરવામાં આવી હતી. આવી પરિસ્થિતિઓનો સામનો કરવા માટે તૈયાર રહેવાના હેતુથી અગાઉ પણ અનેક વખત મોક ડ્રિલ (કવાયત) યોજવામાં આવી હતી. આમાંથી સૌથી તાજેતરની મોક ડ્રિલ બે અઠવાડિયા પહેલાં જિરોન ઝાવાલા ખાતે યોજવામાં આવી હતી.

JP મોર્ગન પર સાઈબર એટેક, સેંકડો ગ્રાહકોની અંગત વિગતો ચોરાઈ

(સંપૂર્ણ સમાચાર સેવા)

નવી દિલ્હી, તા.૨૧



જેપી મોર્ગન ચેઝ ઈન્વેસ્ટમેન્ટ બેંકિંગ કંપનીને ટાર્ગેટ કરીને સાઈબર એટેક થયો છે. કંપનીના કહેવા પ્રમાણે થર્ડ પાર્ટી સર્વિસ પ્રોવાઈડર્સને નિશાન બનાવીને થયેલા હુમલામાં ઘણાં ગ્રાહકોનો ડેટા લીક થઈ ગયો છે. જોકે, બેંકિંગ સર્વિસમાં તેની કોઈ અસર થઈ ન હોવાની સ્પષ્ટતા કંપનીએ કરી હતી. કેટલા ગ્રાહકોનો ડેટા લીક થયો હશે તે બાબતે હજુ સુધી જાણકારી જાહેર કરવામાં આવી ન હતી. જેપી મોર્ગનને સર્વિસ આપતી થર્ડ પાર્ટી કંપનીઓને નિશાન બનાવીને સાઈબર એટેક થયો હતો.

કંપનીના કહેવા પ્રમાણે આ થર્ડ પાર્ટી કંપનીઓ બેંકને જુદી જુદી સર્વિસ આપે છે. શરૂઆતની તપાસમાં જણાયું કે હેકર્સે આ કંપનીઓમાં જે ગ્રાહકોનો ડેટા હતો એને તફડાવ્યો હોવાની શક્યતા છે. આ હેકિંગમાં ગ્રાહકોના નામ, ઈમેલ એડ્રેસ, સરનામું સહિતની વિગતો ચોરાઈ હોવાની આશંકા વ્યક્ત થઈ રહી છે. બેંકે દ્વારા એવી જાણકારી આપવામાં આવી નથી કે કેટલા ગ્રાહકોનો ડેટા ચોરી થયો અને એમાં બીજી કઈ વિગતો ચોરાઈ છે. એકાઉન્ટ નંબર સહિતની જાણકારી લીક થઈ છે કે નહીં તેની જાણકારી મળી શકી ન હતી.

બેંકના સત્તાવાર નિવેદનમાં કહેવાયું કે, જે ગ્રાહકોનો ડેટા ચોરાયો એવી જાણકારી મળશે કે તુરંત જ એ ગ્રાહકોનો સંપર્ક કરવામાં આવશે. લોકોની બેંકમાં જે રકમ હતી તેને અસર થઈ છે કે નહીં તે બાબતમાં બેંકે કહ્યું હતું કે બેંકિંગ સર્વિસ એ રીતે પ્રભાવિત થઈ નથી. દરમિયાન વ્હાઈટ હાઉસના સાઈબર સિક્યોરિટી વડા શોન કેર્નક્રોસને બરતરફ કરાયા હતા. એનએસએ નેટવર્કઠપ થયા બાદ વ્હાઈટ હાઉસમાંથી તેને પાણીચું પકડાવી દેવાયું હતું. એઆઈને લગતો ખતરો વધ્યો તે બાબતે વ્હાઈટ હાઉસે ચિંતા વ્યક્ત કરી હતી. ફ્લાઈટ્સથી લઈને બેંકિંગ સર્વિસ પ્રભાવિત થઈ હતી. તેના કારણે ટ્રમ્પ સરકારની સાઈબર સુરક્ષા વિભાગની ટીકા થતી હતી. હવે વ્હાઈટ હાઉસે નવા સાઈબર સિક્યોરિટીના વડા તરીકે કિર્સ્ટન ડેવિસની નિમણૂક કરી છે.

ગિરનાર લીલી પરિક્રમાના રૂટ પર વન વિભાગ અને પોલીસની બાજ નજર, સંવેદનશીલ પોઈન્ટ પર વન વિભાગના ચેકપોઈન્ટ





ખાસ કરીને સિંહ, દીપડા સહિતના જંગલી પ્રાણીઓના સંભવિત ખતરા સામે સતત તકેદારી રાખવામાં આવી રહી છે

(સંપૂર્ણ સમાચાર સેવા)

જૂનાગઢ,તા.૨૧

જૂનાગઢમાં યોજાતી પવિત્ર ગિરનાર લીલી પરિક્રમાને લઈને વહીવટી તંત્ર દ્વારા શ્રદ્ધાળુઓની સુરક્ષા માટે વિશેષ તૈયારીઓ કરવામાં આવી છે. પરિક્રમાના રૂટનો મોટો હિસ્સો ગાઢ જંગલ વિસ્તારમાંથી પસાર થતો હોવાથી લાખોની સંખ્યામાં ઉમટતા યાત્રાળુઓની સલામતીને ધ્યાનમાં રાખીને વન વિભાગ અને પોલીસ તંત્ર દ્વારા સંકલિત રીતે કામગીરી કરવામાં આવી રહી છે. ખાસ કરીને સિંહ, દીપડા સહિતના જંગલી પ્રાણીઓના સંભવિત ખતરા સામે સતત તકેદારી રાખવામાં આવી રહી છે.

પરિક્રમા રૂટ પર જંગલ વિસ્તારના અલગ-અલગ સંવેદનશીલ સ્થળોએ વન વિભાગ દ્વારા વિશેષ ચેકપોઈન્ટ ઊભા કરવામાં આવ્યા છે. આ ચેકપોઈન્ટ પર વન વિભાગના અધિકારીઓ અને કર્મચારીઓ સતત ફરજ બજાવી રહ્યા છે. યાત્રાળુઓ નિર્ધારિત માર્ગ પર જ રહે અને જંગલના અંદરના વિસ્તારોમાં ન જાય તે માટે પણ સતત માર્ગદર્શન આપવામાં આવી રહ્યું છે.

વન વિભાગની ટીમ દ્વારા જંગલી પ્રાણીઓની હિલચાલ પર પણ નજર રાખવામાં આવી રહી છે. કોઈપણ સંભવિત જોખમ ઊભું થાય તે પહેલાં તેની જાણકારી મેળવી જરૂરી પગલાં લેવામાં આવે તે માટે પેટ્રોલિંગ અને ટ્રેકિંગની કામગીરીને મહત્વ આપવામાં આવી રહ્યું છે.પરિક્રમા દરમિયાન મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ એકસાથે માર્ગ પર આવતા હોવાથી પોલીસ તંત્ર દ્વારા પણ પૂરતો બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો છે. ભીડનું વ્યવસ્થાપન, માર્ગદર્શન અને સંવેદનશીલ વિસ્તારોમાં દેખરેખ માટે પોલીસ કર્મચારીઓ તૈનાત છે. વન વિભાગ અને પોલીસ વચ્ચે સંકલન જળવાઈ રહે તે માટે સતત સંપર્ક વ્યવસ્થા પણ રાખવામાં આવી રહી છે.

તંત્ર દ્વારા શ્રદ્ધાળુઓને નિર્ધારિત રૂટ પરથી જ પરિક્રમા કરવા અને જંગલ વિસ્તારમાં એકલા અથવા મુખ્ય માર્ગથી દૂર ન જવા માટે અપીલ કરવામાં આવી રહી છે. જંગલી પ્રાણીઓ દેખાય તો તેમની નજીક જવાના પ્રયાસો ન કરવા અને તાત્કાલિક વન વિભાગને જાણ કરવા પણ સૂચના આપવામાં આવી છે.

વન વિભાગ, પોલીસ અને વહીવટી તંત્રની સંયુક્ત સુરક્ષા વ્યવસ્થાને કારણે પરિક્રમા દરમિયાન શ્રદ્ધાળુઓને સલામત વાતાવરણ મળી રહે તે માટે સતત કામગીરી ચાલી રહી છે. લાખોની સંખ્યામાં ભાવિકોની હાજરી વચ્ચે વ્યવસ્થા જાળવવા માટે તંત્ર ૨૪ કલાક સક્રિય છે.

રાજુલાના ભાજપના નેતા વિક્રમ સાંખટ સામે દુષ્કર્મની ફરિયાદ

અમરેલી જિલ્લા ભાજપ પ્રમુખ અતુલ કાનાણીએ વિક્રમ સાંખટને તમામ સત્તાવાર હોદ્દાઓ પરથી તાત્કાલિક અસરથી દૂર કર્યા

(સંપૂર્ણ સમાચાર સેવા)

અમરેલી,તા.૨૧

અમરેલી જિલ્લાના રાજુલામાં ભાજપના હોદ્દેદાર સામે દુષ્કર્મની ફરિયાદ નોંધાતા રાજકીય વર્તુળોમાં ભારે ચકચાર મચી ગઈ છે. રાજુલા તાલુકા ભાજપના સોશિયલ મીડિયા ઈન્ચાર્જ વિક્રમ સાંખટ સામે દુષ્કર્મ આચરવા અંગે સત્તાવાર ફરિયાદ નોંધાવવામાં આવી છે.

આ ગંભીર ફરિયાદ સામે આવ્યા બાદ અમરેલી જિલ્લા ભાજપ સંગઠન દ્વારા તાત્કાલિક કાર્યવાહી કરવામાં આવી છે.

વિક્રમ સાંખટ તાલુકા ભાજપમાં સોશિયલ મીડિયા ઈન્ચાર્જ તરીકે જવાબદારી સંભાળતા હતા. તેમની સામે દુષ્કર્મ જેવા ગંભીર ગુનાની ફરિયાદ નોંધાતા સ્થાનિક રાજકીય વર્તુળોમાં ચર્ચા શરૂ થઈ છે. પક્ષના હોદ્દેદાર સામે થયેલી ફરિયાદને પગલે ભાજપ સંગઠન દ્વારા પણ આ મામલે ગંભીરતાથી વિચારણા કરવામાં આવી હતી.

આ સમગ્ર મામલે અમરેલી જિલ્લા ભાજપ પ્રમુખ અતુલ કાનાણીએ તાત્કાલિક નિર્ણય લીધો છે. વિક્રમ સાંખટ સામે નોંધાયેલી ગંભીર ફરિયાદને ધ્યાને રાખીને તેમને ભારતીય જનતા પાર્ટીના તમામ સત્તાવાર હોદ્દાઓ પરથી તાત્કાલિક અસરથી દૂર કરવાનો આદેશ આપવામાં આવ્યો છે. આમ, ફરિયાદ સામે આવ્યા બાદ જિલ્લા ભાજપ સંગઠને ઝડપી કાર્યવાહી કરી છે.

ભાજપના હોદ્દેદાર સામે દુષ્કર્મની ફરિયાદ અને ત્યારબાદ પક્ષ દ્વારા કરવામાં આવેલી કાર્યવાહી હાલ અમરેલી જિલ્લામાં ચર્ચાનો વિષય બની છે. એક તરફ ફરિયાદને પગલે પોલીસ તપાસનો મામલો મહત્વનો બન્યો છે, તો બીજી તરફ પક્ષે પણ વિક્રમ સાંખટને તમામ જવાબદારીઓમાંથી મુક્ત કર્યા છે. હવે આ કેસમાં પોલીસ તપાસમાં શું હકીકતો સામે આવે છે તેના પર સૌની નજર રહેશે.

ભોગ-મનોરથ અને ધજાજી ઉત્સવ માટે રૂ. ૨,૫૦૦ ફી નક્કી

દ્વારકાના જગત મંદિરમાં મંજૂરી વિના ફોટોગ્રાફી પર પ્રતિબંધ

મંદિર તંત્રનો મહત્વપૂર્ણ નિર્ણય; ફોટોગ્રાફી અને વીડિયોગ્રાફી માટે વ્યવસ્થાપકની પૂર્વ મંજૂરી ફરજિયાત



(સંપૂર્ણ સમાચાર સેવા)

દ્વારકા, તા.૨૧

ગુજરાતના સુપ્રસિદ્ધ યાત્રાધામ દ્વારકાના જગત મંદિરમાં ફોટોગ્રાફી અને વીડિયોગ્રાફીને લઈને મંદિર તંત્ર દ્વારા મહત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો છે. હવે મંદિર પરિસરમાં મંજૂરી વિના કોઈપણ પ્રકારની ફોટોગ્રાફી કે વીડિયોગ્રાફી કરી શકાશે નહીં. આ માટે મંદિરના વ્યવસ્થાપકની પૂર્વ મંજૂરી મેળવવી ફરજિયાત બનાવવામાં આવી છે. ખાસ કરીને ભોગ-મનોરથ અને ધજાજી ઉત્સવ જેવા ધાર્મિક પ્રસંગોની ફોટોગ્રાફી માટે રૂ. ૨,૫૦૦ની ફી નક્કી કરવામાં આવી છે. દ્વારકાના જગત મંદિરમાં દરરોજ મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ દર્શનાર્થે આવતા હોય છે. ધાર્મિક ઉત્સવો અને વિશેષ પ્રસંગો દરમિયાન પણ ભક્તોની ભારે ભીડ જોવા મળે છે. આવી સ્થિતિમાં દર્શન વ્યવસ્થા, મંદિરની પવિત્રતા અને ધાર્મિક પરંપરાઓ જળવાઈ રહે તે હેતુથી તંત્ર દ્વારા ફોટોગ્રાફી અને વીડિયોગ્રાફી માટેના નિયમો કડક બનાવવામાં આવ્યા છે. નવા નિયમ મુજબ મંદિર પરિસરમાં ફોટો કે વીડિયો ઉતારવા માટે મંદિરના વ્યવસ્થાપકની અગાઉથી મંજૂરી લેવી પડશે. મંજૂરી વિના કેમેરા અથવા અન્ય રેકોર્ડિંગ સાધનોનો ઉપયોગ કરી શકાશે નહીં. મંદિરમાં યોજાતા વિશેષ ધાર્મિક પ્રસંગો માટે ફોટોગ્રાફીની અલગ વ્યવસ્થા કરવામાં આવી છે. ભોગ-મનોરથ તેમજ ધજાજી ઉત્સવ દરમિયાન ફોટોગ્રાફી કરાવવા ઇચ્છતા શ્રદ્ધાળુઓએ રૂ. ૨,૫૦૦ની નિર્ધારિત ફી ચૂકવવાની રહેશે. આ ઉપરાંત મંદિર તંત્ર દ્વારા નક્કી કરવામાં આવેલી પ્રક્રિયા અને શરતોનું પાલન કરવું પણ ફરજિયાત રહેશે. મંદિર પરિસરમાં ફોટોગ્રાફી અને કેમેરા સંચાલનને સુવ્યવસ્થિત બનાવવા માટે સંસ્થા દ્વારા નિયુક્ત અધિકૃત ફોટોગ્રાફરને જ મંજૂરી આપવામાં આવશે. અનધિકૃત વ્યક્તિઓ દ્વારા ફોટા કે વીડિયો ઉતારવા પર રોક રહેશે.

મંદિર તંત્રના આ નિર્ણય પાછળ દર્શન વ્યવસ્થામાં અડચણો ઊભી ન થાય, શ્રદ્ધાળુઓની ગોપનીયતા જળવાઈ રહે અને મંદિરની ગરિમા તથા ધાર્મિક પરંપરાઓનું જતન થાય તેવો હેતુ રહેલો છે. મંદિર તંત્રના આ નિર્ણયથી હવે વિશેષ ધાર્મિક પ્રસંગો દરમિયાન ફોટોગ્રાફી અને વીડિયોગ્રાફી પર નિયંત્રણ રહેશે. સાથે જ દર્શનાર્થીઓને શાંતિપૂર્ણ વાતાવરણમાં ભગવાન દ્વારકાધીશનાં દર્શનનો લાભ મળી રહે તે માટે વ્યવસ્થા વધુ સુચારુ બનાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે.

જગત મંદિરમાં લાગુ કરવામાં આવેલા નવા નિયમોનું શ્રદ્ધાળુઓએ પાલન કરવું પડશે. હવે મંદિર પરિસરમાં ફોટોગ્રાફી કરાવવા ઇચ્છતા ભક્તોએ અગાઉથી મંજૂરી અને નિર્ધારિત પ્રક્રિયાની જાણકારી મેળવી લેવી જરૂરી બનશે.

લીલી પરિક્રમાએ જતા ૧૫ શ્રદ્ધાળુઓ ઈજાગ્રસ્ત

જૂનાગઢ લીલી પરિક્રમાએ જતા શ્રદ્ધાળુઓને નડ્યો અકસ્માત



ટાયર ફાટતાં ચાલકે સ્ટિયરિંગ પરથી કાબૂ ગુમાવ્યો હતો અને વાહન રસ્તા પર પલટી મારી ગયું હતું

(સંપૂર્ણ સમાચાર સેવા)

રાજકોટ,તા.૨૧

રાજકોટ જિલ્લાના જસદણ તાલુકાના ઈશ્વરિયા ગામ નજીક ગમખ્વાર માર્ગ અકસ્માત સર્જાયો છે. જૂનાગઢ ખાતે યોજાતી લીલી પરિક્રમામાં ભાગ લેવા જઈ રહેલા શ્રદ્ધાળુઓની બોલેરો પીકઅપ પલટી ખાઈ જતાં ૧૫ લોકો ઈજાગ્રસ્ત થયા છે. આ અકસ્માતમાં ૬ શ્રદ્ધાળુઓની હાલત ગંભીર હોવાનું જાણવા મળ્યું છે. ઘટનાને પગલે આસપાસના વિસ્તારમાં અફરાતફરી મચી ગઈ હતી.

પ્રાપ્ત માહિતી મુજબ, બોલેરો પીકઅપમાં શ્રદ્ધાળુઓ જૂનાગઢની લીલી પરિક્રમા માટે જઈ રહ્યા હતા. દરમિયાન જસદણના ઈશ્વરિયા ગામ નજીક અચાનક વાહનનું ટાયર ફાટ્યું હતું. ટાયર ફાટતાં ચાલકે સ્ટિયરિંગ પરથી કાબૂ ગુમાવ્યો હતો અને વાહન રસ્તા પર પલટી મારી ગયું હતું. અકસ્માતને પગલે વાહનમાં સવાર શ્રદ્ધાળુઓને ગંભીર ઈજાઓ પહોંચી હતી.

અકસ્માતનો અવાજ સાંભળીને આસપાસના સ્થાનિક લોકો તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવ્યા હતા. લોકોએ વાહનમાં ફસાયેલા ઈજાગ્રસ્તોને બહાર કાઢવામાં મદદ કરી હતી. ઘટનાની જાણ થતાં ૧૦૮ એમ્બ્યુલન્સની ચાર ગાડીઓ ઘટનાસ્થળે પહોંચી હતી અને તમામ ૧૫ ઈજાગ્રસ્તોને સારવાર માટે આટકોટની કે.ડી. પરવાડિયા હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. આટકોટની કે.ડી. પરવાડિયા હોસ્પિટલમાં ઈજાગ્રસ્તોને પ્રાથમિક સારવાર આપવામાં આવી હતી. જોકે, ૬ શ્રદ્ધાળુઓની હાલત ગંભીર હોવાથી વધુ સારવાર માટે તેમને રાજકોટ ખસેડવાની કાર્યવાહી કરવામાં આવી હતી. ધાર્મિક યાત્રાએ નીકળેલા શ્રદ્ધાળુઓ સાથે બનેલી આ દુર્ઘટનાને પગલે તેમના પરિવારો અને સ્થાનિકોમાં ચિંતાનો માહોલ જોવા મળી રહ્યો છે. હાલ ઈજાગ્રસ્તોની સારવાર ચાલી રહી છે.

પ્રાંતિજના ભાજપના ધારાસભ્ય ગજેન્દ્રસિંહ પરમારના ઘરે યુવતીનો હોબાળો

(સંપૂર્ણ સમાચાર સેવા)

સાબરકાંઠા,તા.૨૧

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ વિધાનસભા બેઠકના ભાજપના ધારાસભ્ય ગજેન્દ્રસિંહ પરમારના નિવાસસ્થાને એક યુવતીએ હાઈવોલ્ટેજ ડ્રામા કર્યો હોવાની ઘટના સામે આવી છે. અમદાવાદની એક યુવતીએ ધારાસભ્યના ઘરે બળજબરીપૂર્વક પ્રવેશ કરીને બૂમબરાડા પાડ્યા હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે.

આ ઘટનાને પગલે રાજકીય વર્તુળોમાં ચર્ચા શરૂ થઈ છે.મળતી માહિતી મુજબ, ધારાસભ્ય ગજેન્દ્રસિંહ પરમારના નિવાસસ્થાને તેમના વૃદ્ધ પિતા સહિત અન્ય મુલાકાતીઓ હાજર હતા. તે દરમિયાન અમદાવાદની યુવતી અચાનક ઘરમાં બળજબરીથી પ્રવેશી હતી અને બૂમબરાડા પાડીને હોબાળો મચાવ્યો હતો. યુવતીના આ વર્તનથી ઘરમાં થોડા સમય માટે તંગદિલીનો માહોલ સર્જાયો હતો.

ફરિયાદમાં જણાવ્યા અનુસાર, અગાઉના વિવાદો અને તે અંગે નોંધાયેલી ફરિયાદના સમાધાનના મુદ્દે યુવતીએ આ હંગામો કર્યો હતો. આ દરમિયાન તેણે ધારાસભ્ય ગજેન્દ્રસિંહ પરમારનું રાજકારણ ખતમ કરી નાખવાની ધમકી આપી હોવાનો પણ આક્ષેપ કરવામાં આવ્યો છે.

ઘટનાની જાણ થતાં પોલીસને બોલાવવામાં આવી હતી.

જોકે, પોલીસની વાન ઘટનાસ્થળે પહોંચે તે પહેલાં જ યુવતી નંબર પ્લેટ વગરની કાર લઈને ત્યાંથી ફરાર થઈ ગઈ હતી. આ ઘટનાને પગલે ધારાસભ્યના પરિવાર દ્વારા પોલીસનો સંપર્ક કરવામાં આવ્યો હતો.સમગ્ર મામલે ધારાસભ્ય ગજેન્દ્રસિંહ પરમારના પિતાએ તલોદ પોલીસ સ્ટેશનમાં સત્તાવાર ફરિયાદ નોંધાવી છે. પોલીસે ફરિયાદના આધારે તપાસ શરૂ કરી છે. ફરાર યુવતી અને નંબર પ્લેટ વગરની કાર અંગે વિગતો મેળવવા સહિતની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. હવે પોલીસ તપાસમાં આ સમગ્ર વિવાદ પાછળનું કારણ અને અન્ય વિગતો સામે આવે તેવી શક્યતા છે.

સેમિનારના બહાને સંપર્કમાં આવેલા શખ્સ સામે ગુનો

ભરૂચમાં ૧૬ વર્ષની સગીરા સાથે વારંવાર દુષ્કર્મની ફરિયાદ

ચાવજ ગામ નજીકની ટેલેન્ટ પુલ એકેડેમી સાથે જોડાયેલા કબીર સૈયદ સામે ગંભીર આક્ષેપ, વિશ્વાસમાં લઈને શોષણ કર્યાની ફરિયાદ

(સંપૂર્ણ સમાચાર સેવા)

ભરૂચ,તા.૨૧

ભરૂચ જિલ્લામાં ૧૬ વર્ષની સગીરા સાથે વારંવાર દુષ્કર્મ આચરવામાં આવ્યું હોવાની ગંભીર ફરિયાદ સામે આવતા સમગ્ર પંથકમાં ચકચાર મચી ગઈ છે. શિક્ષણ અને સેમિનારના બહાને સગીરાના સંપર્કમાં આવેલા એક શખ્સે તેને વિશ્વાસમાં લઈને શારીરિક શોષણ કર્યું હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે. આ મામલે ભરૂચ પોલીસે ફરિયાદ નોંધી તપાસ શરૂ કરી છે.

મળતી માહિતી મુજબ, ભરૂચના ચાવજ ગામ નજીક આવેલા ધર્મનંદન કોમ્પ્લેક્સમાં કાર્યરત ટેલેન્ટ પુલ એકેડેમી સાથે આ સમગ્ર મામલો જોડાયેલો છે. ફરિયાદ અનુસાર, કબીર સૈયદ નામનો આરોપી સેમિનારના બહાને ૧૬ વર્ષની સગીરાના સંપર્કમાં આવ્યો હતો. ત્યારબાદ સગીરાને વિશ્વાસમાં લઈને તેની સાથે વારંવાર દુષ્કર્મ આચર્યું હોવાના ગંભીર આક્ષેપ કરવામાં આવ્યા છે.અભ્યાસ અને કારકિર્દી ઘડતરના હેતુથી વિદ્યાર્થીઓ શિક્ષણ સંસ્થાઓ અને સેમિનારમાં ભાગ લેતા હોય છે. ત્યારે શિક્ષણના માધ્યમથી સંપર્કમાં આવેલા વ્યક્તિ સામે સગીરાના શોષણની ફરિયાદ નોંધાતા વાલીઓમાં પણ ચિંતા જોવા મળી રહી છે. સગીરાઓની સુરક્ષા અને શૈક્ષણિક સંસ્થાઓમાં સલામતીની વ્યવસ્થાને લઈને સવાલો ઊભા થયા છે. સગીરાની ફરિયાદના આધારે ભરૂચ છ ડિવિઝન પોલીસે કબીર સૈયદ સામે દુષ્કર્મ, અપહરણ, POCSO એક્ટ અને એટ્રોસિટી એક્ટ સહિતની વિવિધ કલમો હેઠળ ગુનો નોંધ્યો છે. ઘટનાની ગંભીરતાને ધ્યાનમાં રાખીને DYSP અનિલ સીસારા સહિતની પોલીસ ટીમ ઘટનાસ્થળે પહોંચી હતી અને પંચનામું કર્યું હતું. પોલીસ દ્વારા સમગ્ર મામલે ઝીણવટભરી તપાસ હાથ ધરવામાં આવી છે. આ ગુનામાં આરોપી સિવાય અન્ય કોઈ વ્યક્તિની સંડોવણી છે કે કેમ તે દિશામાં પણ તપાસ કરવામાં આવી રહી છે. હાલ સગીરાની ફરિયાદના આધારે આગળની કાયદેસરની કાર્યવાહી ચાલુ છે.

બિકાનેરના નોખા ગામે સગીરાને સાત દિવસ ઘરમાં ગોંધી રાખ્યાનો આક્ષેપ

(સંપૂર્ણ સમાચાર સેવા)

અમદાવાદ,તા.૨૧

અમદાવાદના રામોલ વિસ્તારમાંથી ઘરેથી નીકળેલી ૧૫ વર્ષીય સગીરાને આશ્રય આપવાના બહાને રાજસ્થાન લઈ જઈ ગોંધી રાખી દુષ્કર્મ આચરવામાં આવ્યું હોવાનો ગંભીર આક્ષેપ સામે આવ્યો છે. આ મામલે રામોલ પોલીસ સ્ટેશનમાં મુખ્ય આરોપી રાકેશ અને તેની માતા સહિત કુલ ચાર લોકો સામે ફરિયાદ નોંધાવવામાં આવી છે. પોલીસે સમગ્ર ઘટનાની તપાસ હાથ ધરી છે.ફરિયાદમાં જણાવ્યા મુજબ, સગીરાને રાજસ્થાનના બિકાનેર જિલ્લાના નોખા ગામે લઈ જવામાં આવી હતી. આશ્રય આપવાના બહાને તેને એક ઘરમાં રાખવામાં આવી હતી, પરંતુ ત્યારબાદ તેને ત્યાંથી બહાર જવા દેવામાં આવી ન હોવાનું આક્ષેપ કરવામાં આવ્યો છે. ફરિયાદ મુજબ, ૩ નવેમ્બરથી ૯ નવેમ્બર દરમિયાન સગીરાને ઘરમાં ગોંધી રાખવામાં આવી હતી. આ સમયગાળા દરમિયાન મુખ્ય આરોપી રાકેશે સગીરા સાથે અનેક વખત દુષ્કર્મ આચર્યું હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે.

આ સમગ્ર મામલામાં રાકેશ ઉપરાંત તેની માતા સહિત કુલ ત્રણ મહિલાઓની પણ સંડોવણી હોવાનો ફરિયાદમાં આક્ષેપ કરવામાં આવ્યો છે. સગીરાને ગોંધી રાખવામાં અને સમગ્ર ઘટનામાં આરોપીઓને મદદ કરવામાં તેમની ભૂમિકા હોવાનો દાવો કરવામાં આવ્યો છે. પોલીસે તમામ આરોપીઓ સામે ફરિયાદ નોંધીને ઘટનાની હકીકત, આરોપીઓની ભૂમિકા અને સગીરાને રાજસ્થાન લઈ જવાની સમગ્ર પરિસ્થિતિ અંગે તપાસ શરૂ કરી છે.

મળતી માહિતી મુજબ, ૧૦ નવેમ્બરના રોજ સ્થાનિક પોલીસની મદદથી સગીરાને આરોપીઓની ચુંગાલમાંથી બહાર કાઢવામાં આવી હતી. ત્યારબાદ બિકાનેરની બાળ કલ્યાણ સમિતિ (CWC) દ્વારા અમદાવાદમાં સગીરાના પરિવારનો સંપર્ક કરવામાં આવ્યો હતો.

સગીરા અમદાવાદ પરત આવ્યા બાદ પરિવારજનોએ તેની પાસેથી સમગ્ર ઘટનાની માહિતી મેળવી હતી. ત્યારબાદ પરિવાર રામોલ પોલીસ સ્ટેશન પહોંચ્યો હતો અને આરોપીઓ સામે ફરિયાદ નોંધાવી હતી.

ફરિયાદના આધારે રામોલ પોલીસે ગુનો નોંધીને આરોપીઓની ભૂમિકા અંગે તપાસ શરૂ કરી છે. ઘટનામાં અન્ય કોઈ વ્યક્તિની સંડોવણી છે કે નહીં, સગીરાને રાજસ્થાન કેવી રીતે લઈ જવામાં આવી અને આરોપીઓ દ્વારા તેને કઈ રીતે ગોંધી રાખવામાં આવી હતી તે સહિતના મુદ્દે તપાસ ચાલી રહી છે.

લખતર-વિરમગામ હાઇવે પર સ્ટિયરિંગ પરથી કાબૂ ગુમાવતા કન્ટેનર ગટરમાં ખાબક્યું

(સંપૂર્ણ સમાચાર સેવા)

સુરેન્દ્રનગર,તા.૨૧

સુરેન્દ્રનગર જિલ્લાના લખતર-વિરમગામ હાઇવે પર લખતર બસ સ્ટેન્ડ નજીક કન્ટેનર અકસ્માતની ઘટના સામે આવી છે. સુરેન્દ્રનગરથી બહુચરાજી તરફ જઈ રહેલું કન્ટેનર અચાનક રોડ પર આવેલા જાનવરને બચાવવાના પ્રયાસ દરમિયાન ચાલકે સ્ટિયરિંગ પરથી કાબૂ ગુમાવતા રોડની સાઇડમાં આવેલી ગટરમાં ખાબક્યું હતું. સદનસીબે અકસ્માતમાં કોઈ જાનહાનિ થઈ નહોતી.

પ્રાથમિક માહિતી મુજબ, કન્ટેનર સુરેન્દ્રનગરથી બહુચરાજી ખાતે આવેલી હોન્ડા કંપની તરફ જઈ રહ્યું હતું. દરમિયાન લખતર બસ સ્ટેન્ડ નજીક અચાનક એક જાનવર રોડ પર આવી ગયું હતું. જાનવરને બચાવવા માટે કન્ટેનર ચાલકે તાત્કાલિક વાહન વાળવાનો પ્રયાસ કર્યો હતો. આ દરમિયાન ભારે વાહન પરથી કાબૂ ગુમાવતા કન્ટેનર રોડની સાઇડમાં આવેલી ગટરમાં ઉતરી ગયું હતું.

અકસ્માતમાં કન્ટેનર ગટરમાં ફસાઈ જતા ઘટનાસ્થળે આસપાસના લોકો અને રાહદારીઓ એકત્ર થઈ ગયા હતા. અકસ્માતની ગંભીરતા જોતા લોકો તાત્કાલિક મદદ માટે આગળ આવ્યા હતા.કન્ટેનર ગટરમાં ખાબક્યા બાદ તેમાં ફસાયેલા ડ્રાઇવરને સ્થાનિક રહીશો અને રાહદારીઓએ સમયસૂચકતા દાખવી બહાર કાઢ્યો હતો. ડ્રાઇવરને કોઈ ગંભીર ઈજા થઈ ન હોવાનું જાણવા મળ્યું છે. સદનસીબે અકસ્માતમાં કોઈ જાનહાનિ ન થતાં સ્થાનિકોએ રાહતનો શ્વાસ લીધો હતો. ગટરમાં ફસાયેલા ભારેખમ કન્ટેનરને બહાર કાઢવા માટે બે ક્રેનની મદદ લેવામાં આવી હતી. ભારે જહેમત બાદ કન્ટેનરને ગટરમાંથી બહાર કાઢવામાં આવ્યું હતું. અકસ્માતને પગલે હાઇવે પર થોડા સમય માટે લોકોની ભીડ એકઠી થઈ હતી. આ ઘટનાએ હાઇવે પર વાહનચાલકો માટે અચાનક રસ્તા પર આવતા પશુઓના જોખમને ફરી એકવાર ઉજાગર કર્યું છે.

રોકાણકારોની શ્રદ્ધા અતૂટ અને વિશ્વાસનું પ્રતિક

ઇન્વેસ્ટમેન્ટ પ્રોફેસર®

www.nikhilbhatt.in



નિખિલ ભટ્ટ

+91 99390 80808

નિફ્ટી ફ્યુચર ૨૫૩૦૩ પોઇન્ટ અતિ મહત્વની સપાટી...!!!

રોકાણકાર મિત્રો, આનંદ ને...!!

ભારતીય શેરબજાર માટે સ્થાનિક અર્થતંત્રનો આધાર સૌથી મહત્વપૂર્ણ પરિબળ બની શકે છે. વૈશ્વિક બજારોમાં વ્યાજદર અને ક્રુડ ઓઈલની અનિશ્ચિતતા હોવા છતાં ભારતનું મોટું ઘરેલુ બજાર, સરકારી મૂડી ખર્ચ, બેન્કિંગ વ્યવસ્થામાં ધિરાણની માંગ અને સેવાઓ ક્ષેત્રની પ્રવૃત્તિ આર્થિક વૃદ્ધિને આધાર આપી રહ્યા છે. નવેમ્બર દરમિયાન સ્થાનિક સંસ્થાકીય રોકાણકારોની ખરીદી અને વિદેશી રોકાણકારોની દિશા બંને બજારના મહત્વના નિયામક રહેશે.

ભારતીય અર્થતંત્રમાં વૃદ્ધિની ગતિ હજુ પણ વૈશ્વિક મોટા અર્થતંત્રોની સરખામણીમાં મજબૂત છે. ભારત રેટિંગ્સે નાણાકીય વર્ષ ૨૦૨૬-૨૭ માટે ૬.૮% વૃદ્ધિનો અંદાજ આપ્યો છે. જોકે તેણે વૃદ્ધિ સામે રૂપિયા, મોંઘવારી અને હવામાન સંબંધિત જોખમોનો ઉલ્લેખ કર્યો છે. ભારતીય રિઝર્વ બેન્કે અગાઉ વૃદ્ધિનો અંદાજ ૬.૬% રાખ્યો હતો અને ક્રુડ ઓઈલના ઊંચા ભાવને મુખ્ય જોખમ ગણાવ્યું હતું. તેથી નવેમ્બર દરમિયાન આર્થિક વૃદ્ધિ અને ઊર્જા ખર્ચ વચ્ચેનું સંતુલન મહત્વપૂર્ણ બનશે. ભારતીય અર્થતંત્ર માટે સ્થાનિક વપરાશ લાંબા ગાળાનો સૌથી મોટો આધાર છે. શહેરી આવક, ગ્રામ્ય આવક, રોજગાર અને ગ્રાહક વિશ્વાસમાં સુધારો થાય તો દૈનિક વપરાશની વસ્તુઓ, વાહન, રહેણાંક અને નાણાકીય સેવાઓમાં માંગ વધવાની શક્યતા રહે છે. નવેમ્બરમાં તહેવારો બાદના વેચાણના આંકડા પણ મહત્વપૂર્ણ રહેશે. જો તહેવારી માંગમાં વધારો ટકાઉ વપરાશમાં રૂપાંતરિત થાય તો કંપનીઓની આવકમાં સુધારો થઈ શકે છે. બીજી તરફ મોંઘવારી અને ઊંચા ઈંધણ ખર્ચથી વાસ્તવિક ગ્રાહક આવક પર દબાણ આવે તો વપરાશ વૃદ્ધિ મર્યાદિત રહી શકે છે.

મિત્રો, ભારતીય અર્થતંત્ર માટે મહત્વનું પરિબળ સરકારી મૂડી ખર્ચ છે જે લાંબા ગાળાનો મુખ્ય આધાર છે. માર્ગ, રેલવે, વીજળી, બંદરો, શહેરી માળખું અને ઔદ્યોગિક સુવિધાઓમાં સતત રોકાણથી ખાનગી ક્ષેત્રમાં પણ નવી મૂડીરોકાણની જરૂરિયાત ઊભી થાય છે. નવેમ્બરમાં સરકારી ખર્ચ અને નવા પ્રોજેક્ટ સંબંધિત જાહેરાતો મૂડીગત સાધનો, બાંધકામ, ઇજનેરી, વીજળી અને ઔદ્યોગિક ક્ષેત્ર માટે મહત્વપૂર્ણ રહેશે સાથે સાથે

બેન્કિંગ ક્ષેત્ર પણ ભારતીય અર્થતંત્રની નાણાકીય પ્રવૃત્તિનું કેન્દ્ર છે. ધિરાણ વૃદ્ધિ મજબૂત રહે તો ઉદ્યોગ, રહેણાંક, વાહન અને નાના વ્યવસાયોમાં રોકાણને ટેકો મળે છે. નવેમ્બરમાં બેન્કો માટે થાપણ વૃદ્ધિ, ધિરાણ વૃદ્ધિ, વ્યાજદર અને બાકી ધિરાણની ગુણવત્તા પર ધ્યાન રહેશે. જો આર્થિક વૃદ્ધિ મજબૂત રહે અને ધિરાણની માંગ ચાલુ રહે તો નાણાકીય ક્ષેત્રને આધાર મળી શકે છે.

ભારતીય ઉત્પાદન ક્ષેત્રમાં ઓગસ્ટ દરમિયાન વૃદ્ધિ પાંચ વર્ષના નીચલા સ્તરે આવી હતી. નવા ઓર્ડર અને ઉત્પાદન પ્રવૃત્તિમાં નરમાઈ જોવા મળતાં નવેમ્બર માટે ઉત્પાદન ક્ષેત્રમાં સુધારો મહત્વપૂર્ણ બની રહ્યો છે. જો નવા ઓર્ડર અને નિકાસ માંગમાં વધારો થાય તો ઉત્પાદન ક્ષેત્રની ગતિ સુધરી શકે છે. આ સાથે વીજળી, પરિવહન, મૂડીગત સાધનો અને ઔદ્યોગિક કાચા માલની માંગમાં પણ વધારો થઈ શકે છે. ભારતીય અર્થતંત્રમાં સેવાઓ ક્ષેત્રનું યોગદાન ખૂબ મોટું છે. નાણાકીય સેવાઓ, માહિતી પ્રૌદ્યોગિકી, વેપાર, પરિવહન, પ્રવાસન અને અન્ય સેવાઓમાં પ્રવૃત્તિ દેશની આર્થિક ગતિ માટે મહત્વપૂર્ણ રહેશે. અમેરિકી અને યુરોપીય બજારોમાં માંગ જળવાય તો નિકાસ આધારિત સેવાઓ કંપનીઓને લાભ મળી શકે છે. પરંતુ વૈશ્વિક આર્થિક વૃદ્ધિ ધીમી પડે તો નવી સેવાઓના કરારો અને ખર્ચમાં ઘટાડો થઈ શકે છે.


કોમોડિટી ક્ષેત્રે રૂપિયા માટે નવેમ્બર દરમિયાન ક્રુડ ઓઈલ અને વિદેશી મૂડીપ્રવાહ મુખ્ય રહેશે. ઘટાડેલા ક્રુડ ઓઈલથી તેને થોડો આધાર મળ્યો હતો. ભારતીય રિઝર્વ બેન્કની સંભવિત કામગીરી પણ બજારમાં રૂપિયા માટે સ્થિરતા લાવતી રહી છે. જો ડોલર વૈશ્વિક સ્તરે મજબૂત રહે તો રૂપિયા પર દબાણ ચાલુ રહી શકે છે. તેથી નવેમ્બરમાં આયાતકારોની માંગ, વિદેશી મૂડીપ્રવાહ અને ઊર્જાના ભાવ પર નજર રાખવી જરૂરી રહેશે. ક્રુડ ઓઈલ ભારતીય અર્થતંત્ર માટે સૌથી મહત્વપૂર્ણ આયાતી ચીજવસ્તુ છે. ભાવમાં વધારો થાય તો આયાત ખર્ચ વધે છે, રૂપિયા નબળો પડી શકે છે અને મોંઘવારી પર દબાણ આવે છે. સતત ઊંચા ક્રુડ ઓઈલથી સરકારની નાણાકીય સ્થિતિ અને ગ્રાહક ખર્ચ પર પણ અસર થઈ શકે છે. નવેમ્બરમાં જો આંતરરાષ્ટ્રીય પુરવઠો સ્થિર રહે અને મધ્યપૂર્વની સ્થિતિમાં સુધારો થાય તો ક્રુડ ઓઈલમાં રાહત મળી શકે છે. પરંતુ ભૌગોલિક તણાવ ફરી વધે તો ભાવમાં ઝડપી ઉછાળો આવી શકે છે.

સ્થાનિક મોંઘવારીના દૃષ્ટિકોણથી નવેમ્બર મહત્વપૂર્ણ રહેશે. ગ્રાહક સ્તરની મોંઘવારી અને જથ્થાબંધ ભાવ વચ્ચેનો તફાવત દર્શાવે છે કે ઉત્પાદન ખર્ચમાં હજુ પણ દબાણ છે. જો કાચા માલ અને ઊર્જાના ભાવમાં ઘટાડો થાય તો કંપનીઓના નફામાં સુધારો થઈ શકે છે. મોંઘવારી નિયંત્રણમાં રહે તો ગ્રાહકની ખરીદ શક્તિ અને સ્થાનિક માંગ માટે સકારાત્મક વાતાવરણ ઊભું થઈ શકે છે.

બેન્કિંગ અને નાણાકીય સેવાઓમાં ધિરાણ વૃદ્ધિ મુખ્ય રહેશે. ટેકનોલોજીમાં વૈશ્વિક માંગ અને ડોલર મહત્વપૂર્ણ રહેશે. દૈનિક વપરાશની વસ્તુઓમાં સ્થાનિક વપરાશ અને ગ્રામ્ય માંગ પર ધ્યાન રહેશે. ઓટો ઉદ્યોગમાં ગ્રાહક માંગ અને ધિરાણ ખર્ચ મહત્વપૂર્ણ રહેશે જ્યારે ફાર્મામાં નિકાસ અને વૈશ્વિક આરોગ્ય ખર્ચ મહત્વપૂર્ણ રહેશે. મૂડીગત સાધનોમાં સરકારી મૂડી ખર્ચ અને ખાનગી રોકાણ આધારરૂપ રહેશે. મિલકત અને બાંધકામમાં રહેણાંક માંગ અને ધિરાણ ખર્ચ મુખ્ય રહેશે.


ભાવિ દિશા

નવેમ્બર દરમિયાન ભારતીય બજાર માટે સ્થાનિક અર્થતંત્રનું મહત્વ વધશે. જો સ્થાનિક માંગ, ધિરાણ, ઉત્પાદન અને સરકારી મૂડી ખર્ચમાં સ્થિરતા રહે તો વૈશ્વિક અસ્થિરતા સામે બજારને આંતરિક આધાર મળી શકે છે. વિદેશી રોકાણકારોની વેચવાલી ઘટે અને સ્થાનિક સંસ્થાકીય રોકાણકારોની ખરીદી ચાલુ રહે તો બજારની પ્રવાહિતા સુધરી શકે છે પરંતુ ઊંચા ક્રુડ ઓઈલ અને મજબૂત ડોલર યથાવત રહે તો અસ્થિરતા ચાલુ રહી શકે છે આથી નવેમ્બર ૨૦૨૬માં ભારતીય બજાર માટે મૂળભૂત આર્થિક પરિબળોનું મહત્વ વધશે. કંપનીઓની આવક વૃદ્ધિ, ખર્ચ નિયંત્રણ, ધિરાણની માંગ અને સ્થાનિક વપરાશ બજારની ગુણવત્તા નક્કી કરવામાં મહત્વપૂર્ણ રહેશે.



	PRV. Close	OPEN	HIGH	LOW	CLOSE	NET
19.10.2026 TO 23.10.2026	23119.20	23160.80	23182.00	22435.00	22589.00	-530.20
26.10.2026 TO 30.10.2026	22576.40	22560.00	23175.00	22440.00	23101.00	524.40
09.11.2026 TO 13.11.2026	25308.70	25225.00	25285.80	25083.00	25175.00	-133.70
16.11.2026 TO 20.11.2026	25171.00	25249.00	25809.00	25100.10	25752.00	581.00

નિફ્ટી ફ્યુચર તા. ૧૬-૧૧-૨૦૨૬ ના રોજ ૨૫૧૭૧ પોઇન્ટ ખુલીને ૨૫૧૦૦ પોઇન્ટના નીચા મથાળેથી ૨૫૮૦૯ પોઇન્ટના ઊંચા મથાળે સપાટીને સ્પર્શી સાપ્તાહિક ૭૦૮ પોઇન્ટની મુવમેન્ટ નોંધાવી સરેરાશ ૨૧૯ પોઇન્ટના ઉછાળે ૨૫૭૫૨ પોઇન્ટ બંધ થયેલ.



	PRV. Close	OPEN	HIGH	LOW	CLOSE	NET
26.10.2026 TO 30.10.2026	55918.00	55999.80	55999.80	54124.80	54255.80	-1662.20
02.11.2026 TO 06.11.2026	54242.20	54299.00	55305.00	53931.60	54805.00	562.80
09.11.2026 TO 13.11.2026	61337.60	61011.00	61144.80	60666.00	60942.00	-395.60
16.11.2026 TO 20.11.2026	60933.40	61200.00	63651.60	61094.80	64427.40	3494.00

બેન્ક નિફ્ટી ફ્યુચર તા.૨૬-૧૦-૨૦૨૬ ના રોજ ૬૦૯૩૩ પોઇન્ટ ખુલીને ૬૧૦૯૪ પોઇન્ટના નીચા મથાળેથી ૬૩૬૫૧ પોઇન્ટના ઊંચા મથાળે સપાટીને સ્પર્શી સાપ્તાહિક ૨૫૫૬ પોઇન્ટની મુવમેન્ટ નોંધાવી સરેરાશ ૧૩૪૭ પોઇન્ટના ઉછાળે ૬૪૪૨૭ પોઇન્ટ બંધ થયેલ.

નિફ્ટી ફ્યુચર : ૨૫૭૫૨ પોઇન્ટ આગામી વધઘટે સંભવિત નિફ્ટી ફ્યુચર ૨૫૪૭૪ પોઇન્ટના પ્રથમ અને ૨૫૩૦૩ પોઇન્ટના અતિ મહત્વના સ્ટ્રોંગ સ્ટોપલોસે ટ્રેડિંગ સંદર્ભે ૨૫૮૦૮ પોઇન્ટ થી ૨૫૯૭૯ પોઇન્ટ, ૨૬૦૦૮ પોઇન્ટની અતિ મહત્વની સપાટીને સ્પર્શી શકે તેવી સંભાવના ધરાવે છે. ૨૫૩૦૩ પોઇન્ટ આસપાસ સાવધાનીપૂર્વક પોઝિશન બનાવવી...!!

બેન્ક નિફ્ટી ફ્યુચર : ૬૪૪૨૭ પોઇન્ટ આગામી વધઘટે સંભવિત બેન્ક નિફ્ટી ફ્યુચર ૬૪૮૦૮ પોઇન્ટના પ્રથમ અને ૬૩૬૦૬ પોઇન્ટના અતિ મહત્વના સ્ટ્રોંગ સ્ટોપલોસે ટ્રેડિંગ સંદર્ભે ૬૪૬૦૬ પોઇન્ટ થી ૬૪૮૦૮ પોઇન્ટ, ૬૫૦૦૮ પોઇન્ટની અતિ મહત્વની સપાટીને સ્પર્શી શકે તેવી સંભાવના ધરાવે છે. ૬૩૬૦૬ પોઇન્ટ આસપાસ સાવધાનીપૂર્વક પોઝિશન બનાવવી.

ફ્યુચર રોકાણ

(૧) **સન ફાર્મા (૧૮૮૨) :** ફાર્માસ્યુટિકલ્સ સેક્ટરની આ કંપનીના શેરનો ભાવ હાલમાં રૂ.૧૮૪૪ આસપાસ પ્રવર્તી રહ્યો છે. રૂ.૧૮૨૮ ના સ્ટ્રોંગ સપોર્ટથી આ સ્ટોક ટૂંકા સમયગાળે રૂ.૧૯૦૩ થી રૂ.૧૯૧૩ આસપાસ ભાવ સપાટી નોંધાવે તેવી શક્યતા છે...!! રૂ.૧૯૨૦ ઉપર તેજી તરફી ધ્યાન...!!

(૨) **એક્સિસ બેન્ક (૧૪૩૮) :** ટેકનિકલ ચાર્ટ મુજબ પ્રાઇવેટ બેંકિંગ સેકટરનો આ સ્ટોક રૂ.૧૪૩૮ આસપાસ પોઝીટીવ બ્રેકઆઉટ!! રૂ.૧૪૦૪ ના સપોર્ટથી આ સ્ટોક રૂ.૧૪૬૪ થી રૂ.૧૪૭૦ આસપાસ ભાવ સપાટી નોંધાવે તેવી સંભાવના છે...!!

(૩) **નેસ્લે ઇન્ડિયા (૧૩૧૫) :** એફએમસીજી સેક્ટરનો આ સ્ટોક રૂ.૧૨૯૩ નો પ્રથમ તેમજ રૂ.૧૨૮૦ બીજા સપોર્ટથી રોકાણલક્ષી આ સ્ટોક રૂ.૧૩૪૭ થી રૂ.૧૩૬૦ આસપાસ ભાવ સપાટી નોંધાવે તેવી શક્યતા છે...!!

(૪) **ICICI જનરલ ઇન્સ્યોરન્સ (૧૭૨૭) :** ટેકનીકલ ચાર્ટ મુજબ ઇન્સ્યોરનસ સેક્ટરનો આ સ્ટોક રૂ.૧૭૪૭ આસપાસ સપોર્ટથી રૂ.૧૭૦૭ થી રૂ.૧૬૯૦ ના નીચા મથાળે ભાવ સપાટીની શકયતા ધરાવે છે. ટ્રેડીંગલક્ષી રૂ.૧૭૬૦ નો સપોર્ટ ખાસ ધ્યાને લેવો..!!

(૫) **અદાણી ગ્રીન (૧૪૨૮) :** ટેકનિકલ ચાર્ટ મુજબ પાવર સેકટરનો આ સ્ટોક રૂ.૧૪૪૮ આસપાસ સપોર્ટથી રૂ.૧૩૯૭ થી રૂ. ૧૩૮૫ના નીચા મથાળે ભાવ સપાટીની શકયતા ધરાવે છે. ટ્રેડિંગલક્ષી આ સ્ટોક ૧૪૬૦નો સપોર્ટ ખાસ ધ્યાને લેવો...!!

(૬) **JSW સ્ટીલ (૧૩૨૮) :** ટેકનિકલ ચાર્ટ મુજબ સ્ટીલ સેકટરનો આ સ્ટોક રૂ.૧૩૬૩ આસપાસનાં સપોર્ટથી રૂ.૧૩૧૯ થી રૂ.૧૩૦૮ના નીચા મથાળે ભાવ સપાટીની શકયતા ધરાવે છે. ટ્રેડીંગલક્ષી રૂ. ૧૩૭૦નો સપોર્ટ ખાસ ધ્યાને લેવો...!!!

હવે જોઇએ અંગત અભિપ્રાયરૂપી સાપ્તાહિક સ્ટોક મુવમેન્ટ

(૧) **એયુ બેન્ક (૯૬૭) :** બેંકિંગ સેકટરનો આ અગ્રણી કંપનીના શેરનો ભાવ હાલમાં રૂ.૯૪૪ આસપાસ પ્રવર્તી રહ્યો છે. રૂ.૯૩૦ ના સપોર્ટથી આ સ્ટોક ટૂંકા સમયગાળે રૂ.૯૭૯ થી રૂ.૯૮૪ નો ભાવ સપાટી નોંધાવે તેવી શક્યતા છે....!! રૂ.૯૯૦ ઉપર તેજી તરફી ધ્યાન...!!!

(૨) **ગોદરેજ કન્ઝ્યુમર (૯૨૨):** ટેકનીકલ ચાર્ટ મુજબ એફમએમસીજી ટૂંકાગાળે ટ્રેડીંગલક્ષી આસ્ટોક રૂ.૯૩૯ થી રૂ.૯૪૪ ના ભાવ સપાટી દર્શાવે તેવી સંભાવના ધરાવે છે. રૂ. ૮૯૦નો સ્ટ્રોંગ સપોર્ટ ધ્યાને લેવો...!!!

(૩) **HDFC બેન્ક (૮૩૨):** રૂ.૮૦૮ નો પ્રથમ તેમજ રૂ.૭૯૦ના સ્ટ્રોંગ સપોર્ટથી બેંકિંગ સેકટરનો રોકાણલક્ષી આ સ્ટોક રૂ.૮૪૮ થી રૂ.૮૬૦ સુધીના ભાવ સપાટી સ્પર્શી શકે તેવી શક્યતા....!!!

(૪) **SBI કાર્ડસ (૫૭૩):** સ્થાનિક ફંડોની લેવાલીની શકયતાએ આ સ્ટોક રૂ.૫૬૦ આસપાસના સ્ટ્રોંગ સપોર્ટથી રૂ.૫૮૮ થી રૂ.૫૯૫ આસપાસ ભાવની સપાટી દર્શાવે તેવી સંભાવના છે...!!

(૫) **JSW એનર્જી (૫૦૭) :** એનર્જી સેકટરનો આ સ્ટોક રૂ.૪૮૮ નો પ્રથમ તેમજ રૂ.૪૭૪ ના બીજા સ્ટ્રોંગ સપોર્ટથી રૂ.૫૨૪ થી રૂ.૫૩૦ આસપાસ ભાવ સપાટી સ્પર્શી શકે તેવી શક્યતા....!!!

(૬) **ICICI પ્રુડેન્શિયલ લાઇફ (૪૫૮) :** ઈશ્યોરન્સ સેકટરનો આ સ્ટોક રૂ.૪૬૭ ના સ્ટ્રોંગ સપોર્ટથી રૂ.૪૭૪ના ભાવ સપાટી દર્શાવે તેવી સંભાવના છે...!! રૂ. ૪૨૪નો સ્ટ્રોંગ સપોર્ટ ધ્યાને લેવો...!!!

(૭) **ભારત ઇલેક્ટ્રોનિકસ (૪૦૦) :** સ્થાનિક ફંડોની લેવાલીની શકયતાએ આ સ્ટોકમાં રૂ. ૩૮૮ આસપાસના સ્ટ્રોંગ સપોર્ટથી ડિલેવરીબેઇઝ રૂ. ૪૧૪ થી રૂ. ૪૨૨ના ભાવ સપાાટી દર્શાવે તેવી સંભાવના છે...!!

(૮) **કોલ ઇન્ડિયા (૩૮૮) :** રૂ. ૩૭૬ આસપાસના સ્ટ્રોંગ સપોર્ટથી ડિલેવરીબેઇઝ રૂ.૩૯૬ થી રૂ.૪૦૪ આસપાસ ભાવ સપાટી નોધાવે તેવી સંભાવના છે...!!

સ્મોલ સેવિંગ્ઝ સ્ક્રીપો

(૧) **સેઇલ (૧૬૪) :** સ્ટીલ સેકટરનો આ સ્ટોક ડિલિવરીબેઇઝ રૂ.૧૭૩ ના સ્ટ્રોંગ સપોર્ટથી રૂ.૧૮૦ થી રૂ.૧૮૦ ના ભાવ સપાટીની સંભાવના ધરાવે છે...!! રૂ.૧૪૭ નો સ્ટ્રોંગ સપોર્ટ ધ્યાને લેવો...!!

(૨) **થોમસ કુક (૧૧૪):** ડિલેવરીબેઇઝ રોકાણકારે ટ્રાવેલ સેકટરનો આ સ્ટોકમાં રૂ. ૯૮ નો સ્ટ્રોંગ સપોર્ટ મહોત્વનો ગણાય...!! ટૂંકાગાળે રૂ.૧૨૨ થી રૂ.૧૩૦ સુધીની ભાવ સપાટી નોંધાવાની સંભાવના રહેલી છે...!!!

(૩) **રેન્ટોરન્ટ બ્રાન્ડ એશિયા (૯૦) :** ટ્રેડિંગ સંદર્ભે રૂ.૮૩ ના પ્રથમ તેમજ રૂ.૭૭ ના અતિ મહત્વના સ્ટ્રોંગ સપોર્ટથી ટ્રેડિંગ સંદર્ભે રૂ.૯૭ થી રૂ.૧૦૮ સુધીના ભાવ સપાર્ટી નોંધાવશે...!!!

(૪) **જયસ્વાલ નેકો ઇન્ડસ્ટ્રીઝ (૮૮)** રૂ.૮૦ ના સ્ટ્રોંગ સપોર્ટથી રોકાણલક્ષી આ સ્ટોક મધ્યમગાળે રૂ.૯૩ થી રૂ.૯૮ ની ભાવ સપાટી દર્શાવે તેવી સંભાવના છે...!!

The Securities quoted are for illustration only and are not recommendatory. Investment in securities market are subject to market risks. Read Disclaimer and related all the documents carefully before investing, mentioned on www.nikhilbhatt.in
ખાસ નોંધ : ડિસ્ક્લેમર/પોલીસી/શરતો-https://www.capsavaj.com/policies ને આધિન....!!

તબક્કાવાર નફો બુક કરે એ શાણો રોકાણકાર...

નિફ્ટી ફ્યુચર રેન્જ ૨૫૩૦૩ થી ૨૬૦૦૮ પોઇન્ટ ધ્યાને લેવી...!!!

ભારતીય શેરબજારમાં રોકાણકારો પર અસર કરતા પરિબળો...!!!



રોકાણકારો માટે વિગતવાર માર્ગદર્શન તરીકે મુદ્દાઓ જોઈએ તો...

ભારતીય શેરબજાર એ દેશના અર્થતંત્રનો અરીસો છે. શેરબજારમાં ભાવની વધઘટ માત્ર કંપનીઓના ત્રિમાસિક પરિણામો કે નાણાકીય સ્થિતિ પર નિર્ભર હોતી નથી, પરંતુ તેની પાછળ અનેક વિદેશી, દેશી અને અન્ય આર્થિક-સામાજિક પરિબળો કામ કરતા હોય છે. એક સમજદાર રોકાણકાર તરીકે સફળતા મેળવવા માટે આ પરિબળોને સમજવા અને તેનું યોગ્ય પૃથક્કરણ કરવું અત્યંત આવશ્યક છે.

૧. વૈશ્વિક પરિબળો :

આજના આધુનિક અને વૈશ્વિકીકરણના યુગમાં વિશ્વના મુખ્ય અર્થતંત્રો એકબીજા સાથે જોડાયેલા છે. આથી વિદેશી બજારોની હલચલની સીધી અસર ભારતીય શેરબજાર પર પડે છે.

યુએસ ફેડરલ રિઝર્વની નીતિઓ

અમેરિકાની મધ્યસ્થ બેંક દ્વારા વ્યાજદરમાં કરવામાં આવતા ફેરફારો વૈશ્વિક મૂડીપ્રવાહને અસર કરે છે. જો અમેરિકામાં વ્યાજદર વધે, તો વિદેશી રોકાણકારો ભાર જેવા ઉભરતા બજારોમાંથી નાણાં ખેંચીને અમેરિકી બોન્ડ્સ કે સુરક્ષિત સંપત્તિઓમાં રોકાણ કરવાનું પસંદ કરે છે.

ક્રુડ ઓઈલ અને ચલણ દર

ભારત પોતાની જરૂરિયાતનું ૮૦% થી વધુ કચ્ચું તેલ આયાત કરે છે. આથી આંતરરાષ્ટ્રીય બજારમાં ક્રુડ ઓઈલના ભાવ વધવાથી ભારતની ચાલુ ખાતાની ખાધ અને મોંઘવારી વધે છે. સાથે જ, યુએસ ડોલર સામે ભારતીય રૂપિયાનું મૂલ્ય ઘટવાથી આયાતી વસ્તુઓ મોંઘી થાય છે.

ભૌગોલિક-રાજકીય તણાવ

બે કે તેથી વધુ દેશો વચ્ચેના યુદ્ધ, સરહદી વિવાદો કે વેપાર યુદ્ધ વૈશ્વિક સપ્લાય ચેઇનને ખોરવી નાખે છે, જેનાથી બજારમાં અનિશ્ચિતતા અને અસ્થિરતા સર્જાય છે.

૨. સ્થાનિક પરિબળો :

દેશની આંતરિક આર્થિક અને રાજકીય પરિસ્થિતિ બજારનો પાયો મજબૂત કરવામાં મુખ્ય ભૂમિકા ભજવે છે.

RBIની નાણાકીય નીતિ

રિઝર્વ બેંક ઓફ ઇન્ડિયા દ્વારા નક્કી કરવામાં આવતા રેપો રેટ અને ફુગાવાના લક્ષ્યાંકો સ્થાનિક બજારમાં લિક્વિડિટી (રોકડ પ્રવાહ) નક્કી કરે છે. વ્યાજદરમાં ઘટાડો ઉદ્યોગો માટે ધિરાણ સસ્તું બનાવે છે, જેથી બેંકિંગ, ઓટોમોબાઇલ અને રિયલ્ટી સેક્ટરને મોટો ફાયદો થાય છે.



જીડીપી ગ્રોથ અને કંપનીઓના પરિણામો

દેશનો આર્થિક વિકાસ દર અને લિસ્ટેડ કંપનીઓના દર ત્રિમાસિક ગાળે આવતા નાણાકીય પરિણામો બજારની વાસ્તવિક તાકાત દર્શાવે છે. મજબૂત કમાણીથી શેરના ભાવમાં તેજી આવે છે.

ચોમાસુ

ભારતીય અર્થતંત્રમાં કૃષિ ક્ષેત્રનું મહત્વ મોટું છે. સારું ચોમાસું ગ્રામીણ વિસ્તારમાં માંગ અને આવક વધારે છે, જેની સકારાત્મક અસર FMCG, ટ્રેક્ટર અને એગ્રી-કેમિકલ્સ ક્ષેત્રની કંપનીઓ પર જોવા મળે છે.

૩.અન્ય મહત્વપૂર્ણ પરિબળો સરકારી નીતિઓ અને વાર્ષિક બજેટ

સરકારની ટેક્સ નીતિઓ, ઈન્ફ્રાસ્ટ્રક્ચર કેપિટલ એક્સપેન્ડિચર અને પીએલઆઈ જેવી પ્રોત્સાહક યોજનાઓ ચોક્કસ ઉદ્યોગોને વેગ આપે છે.

સ્થાનિક તેમજ વિદેશી રોકાણકારોનો પ્રવાહ

વિદેશી સંસ્થાકીય રોકાણકારો અને સ્થાનિક સંસ્થાકીય રોકાણકારો તથા મ્યુચ્યુઅલ ફંડ્સમાં જંઈડ દ્વારા આવતું સ્થાનિક રોકાણ બજારને નીચલા મથાળે મજબૂત આધાર પૂરો પાડે છે.

રોકાણકારો માટે મહત્વની સલાહ

રોકાણ કરતી વખતે દૈનિક અફવાઓ કે બજારની ક્ષણિક અસ્થિરતાથી ગભરાવું જોઈએ નહીં. વૈશ્વિક અને સ્થાનિક આંકડાઓનો અભ્યાસ કરીને લાંબા ગાળાનો દ્રષ્ટિકોણ રાખવો, પોર્ટફોલિયોનું યોગ્ય વૈવિધ્યીકરણ કરવું અને ફંડામેન્ટલી મજબૂત કંપનીઓમાં તબક્કાવાર રોકાણ કરવું એ જ સંપત્તિ સર્જનનો ઉત્તમ માર્ગ છે.

નિકાસમાં વૈવિધ્યકરણ ભારત માટે નવેમ્બરમાં મહત્વપૂર્ણ બનશે...!!

ભારતની નિકાસમાં નવા બજારોનું મહત્વ વધી રહ્યું છે. તાજેતરના વેપાર આંકડાઓ દર્શાવે છે કે પરંપરાગત બજારો ઉપરાંત સિંગાપોર, તાન્ઝાનિયા અને સ્પેન જેવા બજારોમાં પણ નિકાસ વૃદ્ધિના સંકેતો જોવા મળ્યા છે. નવેમ્બરમાં વૈશ્વિક વેપાર માટે આ વૈવિધ્યકરણ વધુ મહત્વપૂર્ણ બની શકે છે. જો એક મોટા બજારમાં વેપાર અવરોધ ઊભો થાય તો અન્ય બજારોમાં નિકાસ વધારવાની ક્ષમતા ભારતીય કંપનીઓ માટે જોખમ ઘટાડે છે. ઇલેક્ટ્રોનિકસ, એન્જિનિયરિંગ, પેટ્રોલિયમ ઉત્પાદનો અને અન્ય ઉચ્ચ મૂલ્યવાળા ઉત્પાદનો ભારતની નિકાસ રચનામાં વધુ મહત્વ ધરાવતા થઈ રહ્યા છે. આ બદલાવથી દેશની નિકાસ માત્ર પરંપરાગત કૃષિ અને કાપડ ઉત્પાદનો પર નિર્ભર રહેતી નથી. નવેમ્બરમાં વેપાર નીતિ, વૈશ્વિક માંગ અને શિપિંગ ખર્ચ નિકાસકારો માટે મહત્વપૂર્ણ રહેશે. ઊર્જા ખર્ચમાં વધારો થાય તો પરિવહન ખર્ચ પણ વધી શકે છે. નવા બજારોમાં પ્રવેશ માટે ગુણવત્તા, ભાવ સ્પર્ધા અને સ્થાનિક વેપાર કરારો મહત્વપૂર્ણ રહેશે. તેથી નવેમ્બરમાં નિકાસ વૃદ્ધિ જાળવી રાખવા માટે ભારતે ઉત્પાદન ક્ષમતા સાથે બજાર વૈવિધ્યકરણ પર પણ ધ્યાન આપવું પડશે.

નવેમ્બરમાં ભારતીય અર્થતંત્ર માટે ઘરેલું માંગ મુખ્ય આધાર બની શકે

નવેમ્બર ૨૦૨૬ દરમિયાન ભારતીય અર્થતંત્રમાં ઘરેલું માંગની ભૂમિકા વધુ મહત્વપૂર્ણ રહેવાની શક્યતા છે. ઓક્ટોબર અને નવેમ્બરના તહેવારી સમયગાળા દરમિયાન ગ્રાહક ખર્ચમાં વધારો થતો હોવાથી વેપાર, ઉત્પાદન, પરિવહન અને સેવાઓ ક્ષેત્રને એકસાથે ગતિ મળે છે.

તાજેતરના આર્થિક સંકેતોમાં પણ ભારતની આંતરિક માંગને વૃદ્ધિના મહત્વના આધાર તરીકે જોવામાં આવી રહી છે. તાજેતરના વિશ્લેષણ મુજબ બેન્ક ધિરાણ અને ઘરેલું માંગ આર્થિક પ્રવૃત્તિને ટેકો આપી રહ્યા છે.

નવેમ્બરમાં દિવાળી બાદ લગ્નસરાની ખરીદી શરૂ થવાથી કપડાં, ઘરવપરાશની વસ્તુઓ, ઇલેક્ટ્રોનિકસ, વાહનો, ફર્નિચર અને અન્ય ઉપભોક્તા ચીજોની માંગ ચાલુ રહી શકે છે. ખાસ કરીને નાના શહેરો અને ગ્રામ્ય વિસ્તારોમાં જો ખરીફ પાકથી આવકને ટેકો મળે તો ગ્રાહક ખર્ચમાં વધુ સુધારો થઈ શકે છે.

ઘરેલું વપરાશમાં વધારો ઉત્પાદન ક્ષેત્ર માટે પણ મહત્વપૂર્ણ રહેશે. વેપારીઓ તરફથી ઓર્ડર વધે તો કંપનીઓ ઉત્પાદન વધારી શકે છે અને સપ્લાય ચેઇન સાથે જોડાયેલા નાના તથા મધ્યમ ઉદ્યોગોને પણ વધારાનું કામ મળી શકે છે. જોકે નવેમ્બરમાં માંગની ગુણવત્તા પર પણ ધ્યાન રહેશે.

સ્પોર્ટ્સ ન્યુઝ

ન્યૂઝીલેન્ડ સામે ભારતની ૧૧૮ રનની સરસાઈ

રાહુલની સદી બાદ ગિલ સદીથી માત્ર બે રન દૂર અટક્યો

વેલિંગ્ટન ટેસ્ટના ત્રીજા દિવસે ભારતનો દબદબો; રાહુલના ૧૩૬, ગિલના ૯૮ અને પંતની અણનમ ૫૫ રનની ઇનિંગ્સ

(સંપૂર્ણ સમાચાર સેવા)

વેલિંગ્ટન, તા.૨૧ : ભારત અને ન્યૂઝીલેન્ડ વચ્ચે રમાઈ રહેલી પ્રથમ ટેસ્ટ મેચના ત્રીજા દિવસે ભારતીય બેટ્સમેનોએ શાનદાર પ્રદર્શન કરીને ટીમને મજબૂત સ્થિતિમાં પહોંચાડી છે. કેએલ રાહુલની શાનદાર સદી અને કેપ્ટન શુભમન ગિલની આક્રમક બેટિંગના સહારે ભારતે દિવસના અંતે ચાર વિકેટે ૪૮૬ રન બનાવી લીધા હતા. આ સાથે જ ભારતીય ટીમે ન્યૂઝીલેન્ડના પ્રથમ દાવના ૩૬૮ રનના જવાબમાં ૧૧૮ રનની મહત્વપૂર્ણ સરસાઈ મેળવી છે.

ભારતીય કેપ્ટન શુભમન ગિલે શાનદાર બેટિંગ કરતાં ૯૮ રન બનાવ્યા હતા. જોકે, સદીથી માત્ર બે રન દૂર હતો ત્યારે બોલ્ડ થતાં તેની ટેસ્ટ કારકિર્દીની ૧૨મી સદી ચૂકી ગયો હતો. ગિલના આઉટ થવાથી ભારતીય છાવણીમાં નિરાશા જોવા મળી હતી. સામે છેડે બેટિંગ કરી રહેલો ઋષભ પંત પણ આ વિકેટથી આશ્ચર્યચકિત થઈ ગયો હતો.

ભારત તરફથી કેએલ રાહુલે ૨૯૦ બોલમાં નવ ચોગ્ગા અને બે છગ્ગાની મદદથી ૧૩૬ રન બનાવ્યા હતા. તેણે લાંબા સમય સુધી ક્રીઝ પર ટકી રહીને ટીમને મજબૂત સ્થિતિમાં પહોંચાડી હતી. નાથન સ્મિથે તેને બોલ્ડ કરીને તેની શાનદાર ઇનિંગ્સનો અંત લાવ્યો હતો. રાહુલ અને ગિલ વચ્ચે ત્રીજી વિકેટ માટે ૯૧ રનની મહત્વપૂર્ણ ભાગીદારી થઈ હતી. આ પહેલાં યશસ્વી જયસ્વાલે ૮૫ રન બનાવીને ટીમને સારી શરૂઆત અપાવી હતી. જયસ્વાલ અને રાહુલ વચ્ચે પ્રથમ વિકેટ માટે ૧૩૦ રનની ભાગીદારી નોંધાઈ હતી. ત્યારબાદ રાહુલ અને દેવદત્ત પડિક્કલ વચ્ચે બીજી વિકેટ માટે ૧૬૫ રનની શાનદાર ભાગીદારી થઈ હતી. પડિક્કલે પણ ૮૦ રનનું યોગદાન આપ્યું હતું. ત્રીજા દિવસની રમત પૂરી થઈ ત્યારે ભારતે ચાર વિકેટ ગુમાવીને ૪૮૬ રન બનાવ્યા હતા. વિકેટકીપર બેટ્સમેન ઋષભ પંત ૫૫ રન સાથે અણનમ હતો, જ્યારે અંશુલ કંબોજ તેની સાથે ક્રીઝ પર હતો. ભારતીય ટીમ પાસે હવે ૧૧૮ રનની સરસાઈ છે અને ચોથા દિવસે વધુ રન ઉમેરીને ન્યૂઝીલેન્ડ સામે મોટો પડકાર ઊભો કરવાની તક રહેશે.

આ પહેલાં ન્યૂઝીલેન્ડનો પ્રથમ દાવ ૩૬૮ રનમાં સમેટાયો હતો. કિવી ટીમ તરફથી હેનરી નિકોલ્સે અણનમ ૧૭૫ રન અને ગ્લેન ફિલિપ્સે ૧૧૮ રન બનાવ્યા હતા. બંને વચ્ચે છઠ્ઠી વિકેટ માટે ૨૧૬ રનની મહત્વપૂર્ણ ભાગીદારી થઈ હતી. ભારત તરફથી જસપ્રીત બુમરાહે ચાર વિકેટ ઝડપી હતી, જ્યારે આકાશ દીપે ત્રણ વિકેટ મેળવી હતી. અંશુલ કંબોજને બે અને પ્રસિદ્ધ કૃષ્ણાને એક વિકેટ મળી હતી. હવે ચોથા દિવસની રમત પર સૌની નજર રહેશે, જ્યાં ભારતીય ટીમ પોતાની સરસાઈ વધુ મજબૂત બનાવવાનો પ્રયાસ કરશે.

દરેકને ખુશ રાખી શકાય નહીં : કપિલ દેવ

સિરાજની પસંદગીને ધાર્મિક રંગ આપવાના વિવાદ વચ્ચે કપિલ દેવે જવાબ આપ્યો

પસંદગીકારો અને ટીમ મેનેજમેન્ટની કામગીરીનો કર્યો બચાવ

(સંપૂર્ણ સમાચાર સેવા)

નવી દિલ્હી, તા.૨૧ : ન્યૂઝીલેન્ડ સામેની વેલિંગ્ટન ટેસ્ટમાં ભારતીય ઝડપી બોલર મોહમ્મદ સિરાજને પ્લેઇંગ ઇલેવનમાં સ્થાન ન મળતાં શરૂ થયેલો વિવાદ હવે રાજકીય રંગ પકડી રહ્યો છે. કોંગ્રેસના સાંસદ ઈમરાન મસૂદે સિરાજને તેના નામના આધારે ટીમમાંથી બહાર રાખવામાં આવ્યો હોવાનો આરોપ લગાવ્યો હતો. આ વિવાદ વચ્ચે ભારતના પૂર્વ કેપ્ટન અને દિગ્ગજ ક્રિકેટર કપિલ દેવે પ્રતિક્રિયા આપતાં જણાવ્યું હતું કે દરેકને ખુશ રાખી શકાય નહીં અને ટીમની પસંદગીનો નિર્ણય પસંદગીકારો, કેપ્ટન તથા ટીમ મેનેજમેન્ટનો હોય છે. પત્રકારો સાથેની વાતચીત દરમિયાન કપિલ દેવને ઈમરાન મસૂદના નિવેદન અંગે સવાલ કરવામાં આવ્યો હતો. તેના જવાબમાં તેમણે કહ્યું હતું કે ટીમની પસંદગી અંગે નિર્ણય લેવાની જવાબદારી પસંદગીકારો, કેપ્ટન અને ટીમ મેનેજમેન્ટની છે. તેમના જણાવ્યા મુજબ, આ જવાબદારી સંભાળતા લોકો જ આ મુદ્દે યોગ્ય જવાબ આપી શકે છે.

કપિલ દેવે પસંદગીકારોની કામગીરીની પ્રશંસા કરતાં કહ્યું કે તેઓ સારું કામ કરી રહ્યા છે. દરેક વ્યક્તિને ખુશ રાખવી શક્ય નથી. તેથી ટીમ પસંદગી અંગે બિનજરૂરી ટિપ્પણીઓ કરવાને બદલે જવાબદારી સંભાળતા લોકો પર વિશ્વાસ રાખવો જોઈએ.

કપિલ દેવે વધુમાં જણાવ્યું હતું કે વ્યક્તિગત પસંદ-નાપસંદ કરતાં ટીમની યોજના અને દેશનું પ્રદર્શન વધારે મહત્ત્વ ધરાવે છે. તેમણે કહ્યું કે તેમને મોહમ્મદ સિરાજ પસંદ છે, પરંતુ તેના આધારે ટીમમાં સ્થાન આપવાનો નિર્ણય લઈ શકાય નહીં. ટીમમાં કોને સ્થાન આપવું તે પસંદગીકારો, મેનેજમેન્ટ અને કેપ્ટનનો અધિકાર છે. તેમણે ભારતીય ક્રિકેટની વ્યવસ્થા પર વિશ્વાસ વ્યક્ત કરતાં કહ્યું કે ટીમ સારું પ્રદર્શન કરી રહી છે તે સૌથી મહત્ત્વની બાબત છે. વ્યક્તિગત અભિપ્રાયો કરતાં સંગઠનની રણનીતિને પ્રાધાન્ય મળવું જોઈએ. ઉલ્લેખનીય છે કે, ન્યૂઝીલેન્ડ સામેની પ્રથમ ટેસ્ટની પ્લેઇંગ ઇલેવનમાં મોહમ્મદ સિરાજને સ્થાન મળ્યું ન હતું. ત્યારબાદ કોંગ્રેસ સાંસદ ઈમરાન મસૂદે આ નિર્ણય સામે સવાલ ઉઠાવતાં આરોપ લગાવ્યો હતો કે સારા પ્રદર્શન છતાં સિરાજને ટીમમાં સ્થાન આપવામાં આવ્યું નથી અને તેના નામના કારણે તેની સાથે ભેદભાવ થઈ રહ્યો હોવાની શક્યતા છે.

આ નિવેદન બાદ ક્રિકેટ અને રાજકીય વર્તુળોમાં ચર્ચા શરૂ થઈ હતી. હવે કપિલ દેવની પ્રતિક્રિયાથી આ વિવાદમાં નવી ચર્ચા જાગી છે. જોકે, સિરાજને ટીમમાં સ્થાન ન મળવા અંગે પસંદગીકારો તરફથી કોઈ સત્તાવાર સ્પષ્ટતા કરવામાં આવી હોવાની માહિતી નથી.

પાકિસ્તાન ક્રિકેટમાં ધરખમ ફેરફાર

સેન્ટ્રલ કોન્ટ્રાક્ટમાંથી મોહમ્મદ રિઝવાન સહિત ૧૩ ખેલાડીઓની હકાલપટ્ટી

કેટેગરી-આધારિત ને બદલે ફોર્મેટ-આધારિત સિસ્ટમ અપનાવી છે, જેમાં ૩૮ ખેલાડીઓને સ્થાન મળ્યું છે

(સંપૂર્ણ સમાચાર સેવા)

ઈસ્લામાબાદ, તા.૨૧ : પાકિસ્તાન ક્રિકેટ બોર્ડ (PCB) એ સનિયર પુરૂષ ક્રિકેટ ટીમ માટે નવા સેન્ટ્રલ કોન્ટ્રાક્ટની જાહેરાત કરી દીધી છે. આ નવો કોન્ટ્રાક્ટ ૩૦ જૂન ૨૦૨૭ સુધી અમલમાં રહેશે. આ વખતે પીસીબીએ અગાઉની 'કેટેગરી-આધારિત' સિસ્ટમ નાબૂદ કરીને 'ફોર્મેટ-આધારિત' સિસ્ટમ અમલમાં મૂકી છે. આ નવી યાદીમાં કુલ ૩૮ ખેલાડીઓને સ્થાન મળ્યું છે, જેમાંથી ૧૯ ખેલાડીઓને ડેવલપમેન્ટ કેટેગરીમાં રાખવામાં આવ્યા છે. પીસીબીનો સૌથી ચોંકાવનારો નિર્ણય એ રહ્યો છે કે કોઈ પણ એક ખેલાડીને ત્રણેય ફોર્મેટનો કોન્ટ્રાક્ટ આપવામાં આવ્યો નથી.

નવા કોન્ટ્રાક્ટમાં સૌથી મોટો આંચકો વિકેટકીપર-બેટ્સમેન મોહમ્મદ રિઝવાનને લાગ્યો છે, જેને કોન્ટ્રાક્ટ યાદીમાંથી જ બહાર કરી દેવાયો છે. રિઝવાન હાલ તપાસ હેઠળ હોવાનું સામે આવ્યું છે. રિઝવાન ઉપરાંત ગયા વર્ષે બી-કેટેગરીમાં સામેલ રહેલા સેમ અયૂબ અને હસન અલીને પણ કોન્ટ્રાક્ટ મળ્યો નથી. કોન્ટ્રાક્ટમાંથી બહાર ફેંકાયેલા અન્ય ૧૩ મુખ્ય ખેલાડીઓમાં પૂર્વ કેપ્ટન શાન મસૂદ, અબ્દુલ્લા શફીક, મોહમ્મદ હારિસ, મોહમ્મદ નવાઝ, નોમાન અલી, હુસૈન તલત, ખુર્રમ શહઝાદ, ખુશદિલ શાહ, મોહમ્મદ અબ્બાસ અફરીદી અને મોહમ્મદ વસીમ જુનિયરનો સમાવેશ થાય છે.

નવું કોન્ટ્રાક્ટ માળખું અને ખેલાડીઓની યાદી

ટેસ્ટ અને ODI કોન્ટ્રાક્ટ: બાબર આઝમ અને સલમાન અલી આગા.

ટેસ્ટ કોન્ટ્રાક્ટ: અઝાન અવૈસ, મોહમ્મદ અબ્બાસ, સાજિદ ખાન અને સઉદ શકીલ.

ODI અને T20I કોન્ટ્રાક્ટ: અબરાર અહમદ, અરાફાત મિન્હાસ, ફખર ઝમાન, ફહીમ અશરફ, હારિસ રઉફ અને શાહીન અફરીદી.

T20I કોન્ટ્રાક્ટ: હસન નવાઝ, માઝ સદાકત, મોહમ્મદ સલમાન મિર્ઝા, નસીમ શાહ, સાહિબઝાદા ફરહાન, શદાબ ખાન અને ઉસ્માન તારિક.

ડેવલપમેન્ટ કોન્ટ્રાક્ટ (૧૯ ખેલાડીઓ): અબ્દુલ સમદ, અબ્દુલ્લા ફઝલ, અહમદ દાનિયાલ, અલી રઝા, ફરહાન યુસુફ, હુનૈન શાહ, મોહમ્મદ તાહા, મોહમ્મદ તય્યબ આરિફ, મુહમ્મદ ગૌરી, મુહમ્મદ ઈમરાન રંધાવા, રઝાઉલ્લાહ, સાદ બેગ, સાદ મસૂદ, સમીર મિન્હાસ, સાકિબ ખાન, શાહઝૈબ ખાન, શમીલ હુસૈન, સુફયાન મોકિમ અને ઉબૈદ શાહ.

ભારત સાથે સંરક્ષણ સહયોગ મજબૂત કરવા અમેરિકાને ભલામણ

મહાસાગરમાં ચીનની વધતી નૌસૈન્ય હાજરી ભારત માટે ચિંતાનો વિષય

USCCના અહેવાલમાં ચીન અને પાકિસ્તાન વચ્ચે વધી રહેલા સૈન્ય સહયોગને ભારત માટે સંભવિત બે મોરચે સુરક્ષાના પડકાર તરીકે દર્શાવવામાં આવ્યો

(સંપૂર્ણ સમાચાર સેવા)

નવી દિલ્હી, તા.૨૧

ભારત અને ચીન વચ્ચે સરહદી તણાવ તથા પાકિસ્તાન સાથેના સુરક્ષા પડકારો વચ્ચે અમેરિકાના એક મહત્ત્વપૂર્ણ અહેવાલમાં ભારતની સુરક્ષાને લઈને ચિંતા વ્યક્ત કરવામાં આવી છે. અમેરિકન કોંગ્રેસના યુએસ-ચાઈના ઇકોનોમિક એન્ડ સિક્યોરિટી રિવ્યૂ કમિશન (USCC)ના અહેવાલમાં ચીન અને પાકિસ્તાન વચ્ચે વધી રહેલા સૈન્ય સહયોગને ભારત માટે સંભવિત બે મોરચે સુરક્ષાના પડકાર તરીકે દર્શાવવામાં આવ્યો છે. આ ઉપરાંત હિંદ મહાસાગરમાં ચીનની વધતી નૌસૈન્ય હાજરીને ધ્યાનમાં રાખીને ભારત અને અમેરિકા વચ્ચે સંરક્ષણ ક્ષેત્રે સહયોગ વધારવાની ભલામણ કરવામાં આવી છે.

'China's Other Front: India and the Future of US Strategy in the Indo-Pacific' શીર્ષક હેઠળ રજૂ કરાયેલા અહેવાલમાં જણાવાયું છે કે ચીન ભારતના વધતા આર્થિક અને સૈન્ય પ્રભાવને પ્રાદેશિક પડકાર તરીકે જુએ છે. ભારત પર સૈન્ય, આર્થિક અને દરિયાઈ ક્ષેત્રે દબાણ વધારવાની ચીનની વ્યૂહરચના અંગે પણ ચિંતા વ્યક્ત કરવામાં આવી છે. ચીન અને પાકિસ્તાન વચ્ચેના વધતા સંરક્ષણ સંબંધો ભારતની સુરક્ષા સ્થિતિને વધુ જટિલ બનાવી શકે છે તેમ અહેવાલમાં જણાવાયું છે.

મે ૨૦૨૫માં ભારત અને પાકિસ્તાન વચ્ચે થયેલા સૈન્ય સંઘર્ષનો ઉલ્લેખ કરતાં અહેવાલમાં જણાવાયું છે કે, ચીન સીધા યુદ્ધમાં સામેલ થયા વિના પણ સંકટના સમયે પાકિસ્તાનને સહાય પૂરી પાડી શકે છે. ઓપરેશન સિંદૂર દરમિયાન સામે આવેલી પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને ભવિષ્યમાં પાકિસ્તાન સાથે સંઘર્ષ થાય તો ચીનની સંભવિત ભૂમિકા ભારત માટે સુરક્ષાનો પડકાર બની શકે છે. અહેવાલમાં હિંદ મહાસાગરમાં ચીનની વધતી નૌસૈન્ય અને દેખરેખની પ્રવૃત્તિઓ અંગે પણ ચિંતા વ્યક્ત કરવામાં આવી છે. ચીનનાં નૌકાદળનાં જહાજો, સબમરીન અને સંશોધન જહાજોની આ વિસ્તારમાં વધતી અવરજવર ભારતના પરંપરાગત વ્યૂહાત્મક પ્રભાવને પડકારી રહી હોવાનું જણાવાયું છે. ચીન આ વિસ્તારમાં નૌસૈન્ય તૈનાતી માટે જરૂરી માળખાકીય સુવિધાઓ અને લોજિસ્ટિક્સ વ્યવસ્થા પણ વિકસાવી રહ્યું છે.

વર્ષ ૨૦૨૦માં ગલવાન ખીણમાં થયેલી અથડામણ બાદ ભારત અને ચીન વચ્ચેના સંબંધોમાં તણાવ વધ્યો હતો. વર્ષ ૨૦૨૪ના અંતથી બંને દેશોએ સંબંધો સામાન્ય બનાવવાની દિશામાં પ્રયાસો શરૂ કર્યા હોવા છતાં સરહદી વિવાદ અને પરસ્પર અવિશ્વાસ યથાવત છે. ભારતનું સ્પષ્ટ વલણ રહ્યું છે કે સરહદ પર શાંતિ અને સ્થિરતા જાળવ્યા વિના બંને દેશો વચ્ચે સંપૂર્ણ સામાન્ય સંબંધો સ્થાપિત થઈ શકે નહીં.

ચીનની વધતી પ્રાદેશિક અને દરિયાઈ હાજરીનો સામનો કરવા USCCએ અમેરિકન કોંગ્રેસને ભારત સાથે સંરક્ષણ સહયોગ વધુ મજબૂત કરવાની ભલામણ કરી છે. ખાસ કરીને હિંદ મહાસાગરમાં દરિયાઈ સુરક્ષા, ગુપ્તચર માહિતીની આપ-લે અને ચીનનાં નૌકાદળ તથા સબમરીનની ગતિવિધિઓ પર સંયુક્ત દેખરેખ વધારવા સૂચવાયું છે.

આ ઉપરાંત બંને દેશો વચ્ચે સંરક્ષણ, સરકારી, વ્યાપારી અને શૈક્ષણિક ક્ષેત્રના નેતાઓ વચ્ચે લાંબા ગાળાના સંબંધો વિકસાવવા વ્યૂહાત્મક નેતૃત્વ વિનિમય કાર્યક્રમ શરૂ કરવાની પણ ભલામણ કરવામાં આવી છે.

અમેરિકન કમિશનના આ અહેવાલથી ભારતની આસપાસ બદલાતા સુરક્ષા સમીકરણો ફરી ચર્ચામાં આવ્યાં છે. જોકે, ચીન અને પાકિસ્તાન ભારત સામે સંયુક્ત યુદ્ધની કોઈ સત્તાવાર યોજના બનાવી રહ્યાં હોવાનો પુરાવો આ અહેવાલ રજૂ કરતો નથી. તેમ છતાં બંને દેશો વચ્ચેના વધતા સૈન્ય સહયોગને ધ્યાનમાં રાખીને ભારતે સરહદી તેમજ દરિયાઈ સુરક્ષા વધુ મજબૂત બનાવવાની જરૂરિયાત પર ભાર મૂકાયો છે.

માતાની અર્થીને કાંધ આપતી વખતે ભાવુક થયા CM યોગી, નાના ભાઈ મહેન્દ્ર સિંહે આપ્યો મુખાગ્નિ

(સંપૂર્ણ સમાચાર સેવા)

હરિદ્વાર, તા.૨૧

ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ માટે શનિવારનો દિવસ અત્યંત દુ:ખદ અને ભાવુક રહ્યો હતો. તેમના માતા સાવિત્રી દેવીના ૨૧ નવેમ્બર, ૨૦૨૬ના રોજ હરિદ્વારના ચંડી ઘાટ સ્થિત મોક્ષધામ ખાતે અંતિમ સંસ્કાર કરવામાં આવ્યા હતા. માતાની અંતિમ વિદાય સમયે મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ ભાવુક થઈ ગયા હતા. માતાની અર્થીને કાંધ આપતી વખતે તેમની આંખોમાંથી આંસુ સરી પડ્યાં હતાં.

સાવિત્રી દેવીના અંતિમ સંસ્કાર પરિવારની હાજરીમાં શાસ્ત્રોક્ત વિધિ મુજબ સંપન્ન કરવામાં આવ્યા હતા. યોગી આદિત્યનાથના નાના ભાઈ મહેન્દ્ર સિંહ બિષ્ટે માતાને મુખાગ્નિ આપી હતી. હરિદ્વારના ચંડી ઘાટ સ્થિત મોક્ષધામમાં અંતિમ વિધિ દરમિયાન પરિવારજનો અને નજીકના સંબંધીઓ ઉપસ્થિત રહ્યા હતા. અંતિમ સંસ્કાર પહેલાં યોગી આદિત્યનાથ પોતાના પૈતૃક ગામ પંચૂર પહોંચ્યા હતા, જ્યાં તેમણે માતાના પાર્થિવ દેહનાં અંતિમ દર્શન કરી શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી. આ દરમિયાન તેઓ અત્યંત ભાવુક જોવા મળ્યા હતા. માતાની અર્થીને પોતાના ખભે ઊંચકીને તેમણે અંતિમ વિદાય આપી હતી. આ દૃશ્યો જોઈ ઉપસ્થિત લોકો પણ ભાવુક થઈ ગયા હતા.

યોગી આદિત્યનાથના નાના ભાઈ મહેન્દ્ર સિંહ બિષ્ટે માતાના છેલ્લા દિવસો અંગે માહિતી આપતાં જણાવ્યું હતું કે, સાવિત્રી દેવી છેલ્લા આશરે એક વર્ષથી બોલી શકતાં ન હતાં. અવાજ બંધ થઈ જવાને કારણે પરિવારજનો તેમની સાથે ફોન પર વાતચીત પણ કરી શકતા ન હતા. આથી પરિવારના સભ્યો તેમની નજીક રહીને સતત દેખરેખ રાખતા હતા.

મહેન્દ્ર સિંહ બિષ્ટે જણાવ્યું હતું કે, પરિવારના કેટલાક સભ્યો અંતિમ સંસ્કાર દરમિયાન હાજર રહ્યા હતા, જ્યારે ભારતીય સેનામાં ફરજ બજાવતા એક ભાઈને ફોન દ્વારા માતાના નિધનના સમાચાર આપવામાં આવ્યા હતા. પરિવારની તમામ બહેનોને પણ ફોન મારફતે જાણ કરવામાં આવી હતી. પરિવારે અંતિમ સંસ્કારના કાર્યક્રમ દરમિયાન ગામમાં ચાલી રહેલા લગ્ન પ્રસંગનું પણ ખાસ ધ્યાન રાખ્યું હતું. ગામના લોકોના શુભ પ્રસંગમાં કોઈ અડચણ ઊભી ન થાય તે માટે અંતિમ વિધિનું આયોજન તે મુજબ કરવામાં આવ્યું હતું. પરિવારના જણાવ્યા અનુસાર, સાવિત્રી દેવીના અસ્થિ વિસર્જન માટે પરિવારજનો ૨૨ અથવા ૨૩ નવેમ્બરે ફરી હરિદ્વાર આવી શકે છે. હાલ અંતિમ સંસ્કારની વિધિ પૂર્ણ થયા બાદ પરિવાર દ્વારા આગળની ધાર્મિક વિધિઓ કરવામાં આવશે. માતાની વિદાય સમયે મુખ્યમંત્રી યોગી આદિત્યનાથની ભાવુક ક્ષણોએ સૌનું ધ્યાન ખેંચ્યું હતું. જાહેર જીવનમાં કડક અને શિસ્તબદ્ધ નેતા તરીકે ઓળખાતા યોગી આદિત્યનાથ માતાની અંતિમ વિદાય વખતે એક પુત્ર તરીકે ભાવુક થઈ ગયા હતા.

NIAને માહિતી આપવામાં ચીનનો અસહકાર

પહલગામ આતંકી હુમલામાં વપરાયેલા GoPro કેમેરાનું ચીન કનેક્શન

અમેરિકામાં બનેલો કેમેરો લશ્કર-એ-તૈયબાના આતંકીઓના હાથમાં કેવી રીતે આવ્યો તેની તપાસમાં ચીનનો જવાબ મળતો નથી

(સંપૂર્ણ સમાચાર સેવા)

નવી દિલ્હી, તા.૨૧

જમ્મુ-કાશ્મીરના પહલગામમાં થયેલા આતંકી હુમલાની તપાસ દરમિયાન આંતરરાષ્ટ્રીય સપ્લાય ચેઇનનું મહત્ત્વનું પાસું સામે આવ્યું છે. રાષ્ટ્રીય તપાસ એજન્સી (NIA)ના ડિરેક્ટર જનરલ રાકેશ અગ્રવાલના જણાવ્યા અનુસાર, હુમલાની જવાબદારી લેનારા આતંકવાદીઓ પાસેથી અમેરિકામાં બનેલો GoPro કેમેરો મળી આવ્યો હતો. આ કેમેરો ચીનના કોમર્શિયલ ડિસ્ટ્રિબ્યુટર સુધી પહોંચ્યો હોવાની માહિતી મળ્યા બાદ ભારતે ચીન પાસે વધુ વિગતો માગી હતી. જોકે, આ અંગે ચીન તરફથી હજુ સુધી કોઈ જવાબ મળ્યો નથી.

તપાસ દરમિયાન NIAએ GoPro કેમેરાના ઉત્પાદક અમેરિકન કંપનીનો સંપર્ક કર્યો હતો. તપાસ એજન્સીએ જાણવા માગતી હતી કે સંબંધિત કેમેરાનું વેચાણ ક્યાં કરવામાં આવ્યું હતું અને તેની સપ્લાય ચેઇન શું હતી. કંપની તરફથી મળેલી માહિતી અનુસાર, આ કેમેરો મૂળ ચીનના એક કોમર્શિયલ ડિસ્ટ્રિબ્યુટરને મોકલવામાં આવ્યો હતો. આ માહિતીના આધારે ભારતે ચીનનો સંપર્ક કરીને કેમેરાના વેચાણ, વિતરણ અને ત્યારબાદ તેની હિલચાલ અંગે જરૂરી વિગતો માગી હતી.

જોકે, ચીન તરફથી કોઈ જવાબ આપવામાં આવ્યો ન હોવાનું તપાસ સાથે સંકળાયેલી વિગતોમાં જણાવાયું છે.

પહલગામ હુમલા બાદ દાચીગામના જંગલ વિસ્તારમાં થયેલી અથડામણમાં માર્યા ગયેલા આતંકીઓ પાસેથી પણ હાઈ-ટેક કેમેરો મળી આવ્યો હોવાનું સામે આવ્યું હતું. આ ઘટનાએ આતંકવાદી સંગઠનો સુધી આધુનિક ટેક્નોલોજી અને ઈલેક્ટ્રોનિક ઉપકરણો પહોંચાડતી સપ્લાય ચેઇન અંગે તપાસ એજન્સીઓનું ધ્યાન દોર્યું છે.

તપાસ એજન્સીઓ હવે એ દિશામાં પણ તપાસ કરી રહી છે કે અમેરિકામાં ઉત્પાદિત કેમેરા ચીનના ડિસ્ટ્રિબ્યુટર સુધી પહોંચ્યા બાદ આતંકવાદીઓના હાથમાં કેવી રીતે પહોંચ્યો હતો. આ પ્રક્રિયામાં કયા મધ્યસ્થીઓ કે અન્ય લોકો સામેલ હતા તેની વિગતો મેળવવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે.

તપાસ અધિકારીઓના મતે, આતંકવાદી સંગઠનોને મળતા ટેક્નોલોજીકલ સપોર્ટ અને આંતરરાષ્ટ્રીય સપ્લાય નેટવર્કની કડીઓ શોધવી જરૂરી છે. કેમેરાની સપ્લાય ચેઇન અંગેની તપાસથી આતંકી સંગઠનોને મદદ પૂરી પાડતા નેટવર્ક અને તેમની કાર્યપદ્ધતિ અંગે વધુ વિગતો સામે આવી શકે છે.

પહલગામ હુમલાની તપાસમાં હવે માત્ર હુમલાખોરો અને તેમના સ્થાનિક સંપર્કો જ નહીં, પરંતુ આતંકવાદીઓ સુધી આધુનિક ઉપકરણો પહોંચાડતી આંતરરાષ્ટ્રીય સપ્લાય ચેઇન પણ તપાસના કેન્દ્રમાં આવી છે.

અમેરિકામાં બે મહિલા ઉમેદવારોને સરખા મત, સિક્કો ઉછાળતાં એક બની વિજેતા

(સંપૂર્ણ સમાચાર સેવા)

ફ્લોરિડા, તા.૨૧

અમેરિકાના ફ્લોરિડા રાજ્યમાં એટલાન્ટિક બીચમાં સિટી કમિશનરની ચૂંટણી થઈ હતી. બે મહિલા ઉમેદવારોને એક સરખા મત મળતાં રાજ્યના કાયદા પ્રમાણે સિક્કો ઉછાળીને હાર-જીતનો નિર્ણય લેવાયો હતો. જે કામ મતદારો ન કરી શક્યા એ કામ સિક્કાએ કર્યું.

એટલાન્ટિક બીચ સિટીમાં કમિશનરની બેઠક માટે ચૂંટણી યોજાઈ હતી. સિટીની ચાર નંબરની બેઠક પરથી બંને ઉમેદવારોને ૩૧૬૨ મતો મળ્યા હતા. લિઝા હેરોલ્ડ અને જેનિફર લેગનરે મહિનાઓ સુધી પ્રચાર કર્યો હતો અને એકબીજાને હરાવવા મહેનત કરી હતી. પરંતુ બંને વચ્ચે મત ગણતરીમાં ટાઈ થતાં આખરે ફ્લોરિડાના કાયદા પ્રમાણે સિક્કો ઉછાળીને પરિણામ નક્કી થયું હતું.

ચૂંટણી અધિકારીની હાજરીમાં જેનિફર અને લિઝાએ સિક્કો ઉછાળ્યો હતો. મેચમાં સિક્કો ઉછાળીને ટોસ જીત-હાર નક્કી થાય એમ આખી ચૂંટણીનો નિર્ણય જ સિક્કા પર હતો. મહિનાઓ પછી જે નિર્ણય ન લેવાયો તે ૧૦-૨૦ સેકન્ડમાં લેવાઈ ગયો હતો.

સિક્કો ઉછળ્યો ત્યારે બંનેના ભાગ્ય પણ ઉછળ્યા હતા, પરંતુ સિક્કો નીચે આવ્યો ત્યારે જેનિફરના નસીબ તરફ ઢળ્યો હતો. એ સાથે જ જેનિફર ચાર નંબરની સિટી કમિશનરી બેઠકની વિજેતા જાહેર થઈ હતી.

ભારતના ઓછા વ્યાજદર જોઈ ટ્રમ્પે અમેરિકાની ફેડરલ રિઝર્વ પર કર્યા પ્રહાર

(સંપૂર્ણ સમાચાર સેવા)

નવી દિલ્હી, તા.૨૧

અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ભારતની આર્થિક નીતિઓ, ખાસ કરીને ઓછા વ્યાજદરો અને 7 ટકાના મજબૂત જીડીપી ગ્રોથ રેટના મુક્ત મને વખાણ કર્યા છે. એશિયા પ્રવાસથી પરત ફર્યા બાદ યોજાયેલા કાર્યક્રમમાં ટ્રમ્પે યુએસ સેન્ટ્રલ બેંક (ફેડરલ રિઝર્વ) પર આકરા પ્રહારો કરતા કહ્યું હતું કે, જો અમેરિકા પણ ભારત જેવી નીતિ અપનાવે, તો તેનો જીડીપી ગ્રોથ 20 ટકા સુધી પહોંચી શકે છે.

ટ્રમ્પે યુએસ ફેડરલ રિઝર્વની નીતિઓ સામે અસંતોષ વ્યક્ત કરતા આક્ષેપ કર્યો હતો કે દેશમાં વ્યાજદરો બિનજરૂરી રીતે ખૂબ ઊંચા રાખવામાં આવ્યા છે. તેમણે જણાવ્યું હતું કે, "અમેરિકામાં વ્યાજદરો વધારે છે કારણ કે આપણું ફેડરલ રિઝર્વ અત્યંત રાજકીય રીતે કામ કરી રહ્યું છે. જ્યારે આર્થિક આંકડાઓ સારા થઈ રહ્યા હોય ત્યારે સેન્ટ્રલ બેંકે દરો વધારવાને બદલે ઘટાડવા જોઈએ."

ભારતીય અર્થવ્યવસ્થાની પ્રશંસા કરતા ટ્રમ્પે કહ્યું કે, "જો તમે ભારત તરફ નજર કરો તો ત્યાં વ્યાજદરો ઓછા છે અને તેમનો જીડીપી ગ્રોથ 7 ટકા છે. જો અમેરિકા યોગ્ય અપ્રોચ અપનાવે તો આપણો જીડીપી 4 ટકા નહીં પણ 14, 15 કે 20 ટકા સુધી પહોંચી શકે છે અને અમેરિકા દેશનું દેવું ખૂબ ઝડપથી ચૂકવી શકશે." પોતાના સંબોધન દરમિયાન ટ્રમ્પે પૂર્વ ફેડરલ રિઝર્વ ચેરમેન એલોન ગ્રીનસ્પેનની નીતિઓને યાદ કરી હતી. તેમણે કહ્યું કે, ગ્રીનસ્પેન એક શ્રેષ્ઠ વડા હતા, જે આંકડા સારા આવતા જ વ્યાજદરો ઘટાડીને ઈકોનોમીને વેગ આપતા હતા. જ્યારે વર્તમાન મેનેજમેન્ટ તેનાથી બિલકુલ ઊંધું કામ કરી રહ્યું છે, જેના કારણે વિકાસ દર અટકી રહ્યો છે.

સુપ્રીમના જજને બદલે ઓવૈસીને આપી દીધું ગાર્ડ ઓફ ઓનર

(સંપૂર્ણ સમાચાર સેવા)

સહારનપુર, તા.૨૧

ઉત્તર પ્રદેશના સહારનપુરમાં પોલીસની એક મોટી વહીવટી ભૂલ ચર્ચાનો વિષય બની છે. અહીંના સર્કિટ હાઉસ ખાતે સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશના સ્વાગત માટે તૈયાર ઉભેલા પોલીસકર્મીઓએ ભૂલથી AIMIM વડા અને સાંસદ અસદુદ્દીન ઓવૈસીને ગાર્ડ ઓફ ઓનર આપી દીધું હતું. આ સમગ્ર ઘટનાનો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થતાં પોલીસ વિભાગમાં ખળભળાટ મચી ગયો છે.

વિગતો મુજબ, શનિવારે સર્કિટ હાઉસ ખાતે સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશના આગમન નિમિત્તે પોલીસકર્મીઓ સંપૂર્ણ ગણવેશમાં સલામી આપવા તૈનાત હતા. જોકે, ન્યાયાધીશ પહોંચે તે પહેલાં સવારે ૧૧:૩૦ વાગ્યે સાંસદ અસદુદ્દીન ઓવૈસી પોતાના કાફલા સાથે ત્યાં પહોંચ્યા હતા.

તેમની સાથે રહેલા સુરક્ષાકર્મીઓને જોઈને તૈનાત પોલીસ જવાનો મૂંઝવણમાં મુકાયા હતા અને ઓવૈસી કારમાંથી ઉતરતાની સાથે જ તેમને ઔપચારિક સલામી આપી દીધી હતી. ઓવૈસી પણ ઉભા રહીને સલામી ઝીલતા જોવા મળ્યા હતા.

અગાઉ આઝાદ સમાજ પાર્ટીના વડા અને સાંસદ ચંદ્રશેખર

પન્નુ હત્યા કાવતરામાં નિખિલ ગુપ્તાને સજા

અમેરિકન કોર્ટે નિખિલ ગુપ્તાને ફટકારી ૧૯ વર્ષ અને ૭ મહિનાની જેલ

અમેરિકન કોર્ટમાં ત્રણેય આરોપો સ્વીકાર્યા, સજા પહેલાં પત્ર લખી વ્યક્ત કર્યો અફસોસ, પન્નુએ પણ કોર્ટમાં રજૂ કર્યો પોતાનો પક્ષ

(સંપૂર્ણ સમાચાર સેવા)

નવી દિલ્હી, તા.૨૧

ખાલિસ્તાની આતંકી ગુરપતવંત સિંહ પન્નુની હત્યાનું કાવતરું ઘડવાના કેસમાં અમેરિકાની એક અદાલતે ભારતીય નાગરિક નિખિલ ગુપ્તાને ૧૯ વર્ષ અને ૭ મહિનાની જેલની સજા ફટકારી છે. ન્યૂયોર્કની ફેડરલ કોર્ટમાં શુક્રવારે આશરે ૮૦ મિનિટ સુધી ચાલેલી સુનાવણી બાદ જજ વિક્ટર મારેરોએ આ મહત્વપૂર્ણ ચુકાદો સંભળાવ્યો હતો.

૫૫ વર્ષીય નિખિલ ગુપ્તાએ આ વર્ષની શરૂઆતમાં જ પોતાના પર લાગેલા ત્રણ ગંભીર આરોપોનો સ્વીકાર કર્યો હતો. જેમાં હત્યાની સોપારી આપવી, હત્યાનું કાવતરું રચવું અને મની લોન્ડરિંગનો સમાવેશ થાય છે. આ તમામ આરોપો વર્ષ ૨૦૨૩માં ન્યૂયોર્કમાં પન્નુની હત્યા કરવાની યોજના સાથે જોડાયેલા હતા.

ભારત સમાચાર, અમેરિકન તપાસ એજન્સીઓના જણાવ્યા મુજબ, વર્ષ ૨૦૨૩માં નિખિલ ગુપ્તાએ પન્નુની હત્યાની યોજનાને અંજામ આપવા માટે કેટલાક લોકોનો સંપર્ક કર્યો હતો. આ કેસમાં સહ-આરોપી વિકાસ યાદવના કહેવાથી ગુપ્તાએ શૂટરની વ્યવસ્થા કરવા માટે એક વ્યક્તિનો સંપર્ક સાધ્યો હતો. જોકે, જે વ્યક્તિને ગુપ્તા શૂટરની વ્યવસ્થા કરનાર ગુનેગાર સમજી રહ્યા હતા, તે હકિકતમાં અમેરિકન ડ્રગ એન્ફોર્સમેન્ટ એડમિનિસ્ટ્રેશનનો ગુપ્ત બાતમીદાર નીકળ્યો હતો. હત્યા માટે ૧ લાખ ડોલર નક્કી થયા હતા અને ૯ જૂન ૨૦૨૩ના રોજ એડવાન્સ પેટે અંડરકવર અધિકારીને ૧૫ હજાર ડોલર રોકડા આપવામાં આવ્યા હતા. એજન્સીઓએ સમગ્ર વાતચીત અને નાણાકીય લેવડદેવડ પર નજર રાખીને ગુપ્તાની ધરપકડ કરી હતી.

કોર્ટ દ્વારા સજા સંભળાવવામાં આવે તે પહેલાં નિખિલ ગુપ્તાએ અદાલતને એક અંગત પત્ર સોંપીને પોતાના કૃત્ય બદલ ખેદ વ્યક્ત કર્યો હતો. તેમણે પત્રમાં લખ્યું હતું કે, "કાશ હું સમયમાં પાછળ જઈને ૨૦૨૩માં મારાથી થયેલી ભૂલો સુધારી શકતો." ગુપ્તાએ જણાવ્યું હતું કે, ૨૦૨૩ની શરૂઆતમાં તેઓ પોતાના પરિવારથી દૂર થઈ ગયા હતા અને દરરોજ રાત્રે વધુ પડતો દારૂ પીવાની લતે ચઢ્યા હતા. તેમણે પોતાના પરિવાર અને આસપાસના લોકોને પહોંચેલી પીડા બદલ અફસોસ વ્યક્ત કર્યો હતો, તેમજ આ ઘટનામાં કોઈનો જીવ ગયો નથી કે કોઈ ઘાયલ થયું નથી તે બદલ ઈશ્વરનો આભાર માન્યો હતો.

સુનાવણી દરમિયાન ખાલિસ્તાન સમર્થક સંગઠન સાથે જોડાયેલા અને ભારતમાં આતંકી જાહેર થયેલા ગુરપતવંત સિંહ પન્નુએ પણ કોર્ટ સમક્ષ પોતાનો પક્ષ રજૂ કર્યો હતો. અમેરિકન અને કેનેડિયન નાગરિકત્વ ધરાવતા પન્નુએ દાવો કર્યો હતો કે હત્યાના કાવતરાનો પર્દાફાશ થયા બાદ જીવના જોખમને કારણે તેઓ ૧,૨૦૦થી વધુ દિવસોથી પોતાની નિયમિત કાયદાકીય પ્રેક્ટિસ કરી શક્યા નથી. સુનાવણી પૂર્વે કોર્ટ પરિસરની બહાર પન્નુના કેટલાક સમર્થકોએ ગુપ્તા અને અન્ય આરોપીઓના પૂતળા સાથે પ્રદર્શન પણ કર્યું હતું.

નોંધનીય છે કે, અમેરિકન ફરિયાદીઓના આરોપોને પગલે આ મામલે ભારત અને અમેરિકાના સંબંધો અંગે પણ આંતરરાષ્ટ્રીય સ્તરે ભારે ચર્ચા જગાવી હતી.

ટ્રમ્પે ચીનને Nvidia અને AMDની લાખો AI ચિપ્સ વેચવાની મંજૂરી આપી

(સંપૂર્ણ સમાચાર સેવા)

નવી દિલ્હી, તા.૨૧

ટ્રમ્પે ચીનને 6 મહિનામાં 9 લાખ AI ચિપ્સ વેચવાની મંજૂરી આપી. યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના વહીવટીતંત્રે છ મહિનાના સમયગાળામાં ચીની કંપનીઓને લગભગ 900,000 એડવાન્સ્ડ AI ચિપ્સના વેચાણને મંજૂરી આપી હતી. આ ચિપ્સ અમેરિકન કંપનીઓ Nvidia અને AMD દ્વારા બનાવવામાં આવી હતી.

યુએસ હાઉસ ફોરેન અફેર્સ કમિટીએ ગુરુવારે લાઇસન્સ માહિતી જાહેર કરી. યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના વહીવટીતંત્રે છ મહિનાના સમયગાળામાં ચીની કંપનીઓને લગભગ 900,000 એડવાન્સ્ડ AI ચિપ્સના વેચાણને મંજૂરી આપી હતી. આ ચિપ્સ અમેરિકન કંપનીઓ Nvidia અને AMD દ્વારા બનાવવામાં આવી હતી. યુએસ હાઉસ ફોરેન અફેર્સ કમિટીએ ગુરુવારે લાઇસન્સ માહિતી જાહેર કરી.

કરાર અનુસાર, યુએસ વાણિજ્ય વિભાગે ડિસેમ્બર 2025 અને મે 2026 વચ્ચે ચીનને કુલ 879,000 ચિપ્સના શિપમેન્ટને મંજૂરી આપી હતી. આમાં મોટી ચીની કંપનીઓ માટે નિર્ધારિત ચિપ્સનો સમાવેશ થતો હતો.સમિતિ અનુસાર, અલીબાબાને 75,000 ચિપ્સ, ટેન્સેન્ટને 150,000, બાયડુને 43,000 અને ઈલેક્ટ્રિક વાહન ઉત્પાદક BYDને 4,000 ચિપ્સ મોકલવાની મંજૂરી મળી છે. આ ચાર કંપનીઓ પેન્ટાગોનની ચીની સૈન્ય સાથે સંબંધો હોવાનો આરોપ ધરાવતી કંપનીઓની યાદીમાં છે. જોકે, મંજૂરી મળ્યા પછી ખરેખર કેટલી ચિપ્સ ચીન મોકલવામાં આવી તે સ્પષ્ટ નથી. આ છ મહિનાના સમયગાળા દરમિયાન, ચીની કંપનીઓએ કુલ 3.4 મિલિયનથી વધુ ચિપ્સ ખરીદવાની પરવાનગી માંગી હતી. મંજૂરીઓમાં Nvidia ની H200 અને AMD ની MI325X ચિપ્સનો સમાવેશ થાય છે.

ભૂતપૂર્વ યુએસ અધિકારી અને ચીન-યુએસ ટેકનોલોજી મુદ્દાઓના નિષ્ણાત ક્રિસ મેકગુઇરે આ મંજૂરીઓ પર સવાલ ઉઠાવ્યા હતા. તેમણે કહ્યું હતું કે, મંજૂર કરાયેલી 30% થી વધુ ચિપ્સ એવી કંપનીઓ માટે હતી જેને યુએસ ડિપાર્ટમેન્ટ ઓફ ડિફેન્સે ચીની લશ્કરી કંપનીઓ સાથે જોડાયેલી તરીકે ઓળખી છે. આનાથી પ્રશ્નો ઉભા થાય છે કે ચિપ્સનું વેચાણ કરતા પહેલા યોગ્ય રાષ્ટ્રીય સુરક્ષા ચકાસણી કરવામાં આવી હતી કે કેમ.

Nvidia એ કહ્યું કે, આ મંજૂરીઓ કડક શરતોને આધીન છે અને ચિપ્સની સંખ્યા મર્યાદિત છે. કંપનીએ એમ પણ કહ્યું કે કેટલાક લાઇસન્સ મળ્યા હોવા છતાં, તેણે ચીનમાં H200 ચિપ્સ મોકલવાનું બંધ કરી દીધું છે. AMD એ કહ્યું કે તે યુએસ નિકાસ નિયમોનું પાલન કરે છે અને કડક પ્રક્રિયાઓ જાળવે છે. Alibaba, Tencent, Baidu, BYD, યુએસ ડિપાર્ટમેન્ટ ઓફ કોમર્સ અને ચીની દૂતાવાસે ટિપ્પણી માટેની વિનંતીનો તાત્કાલિક જવાબ આપ્યો ન હતો.

ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ જો બાઈડેનએ ચીનના અદ્યતન AI ચિપ્સના પુરવઠા પર પ્રતિબંધો લાદ્યા હતા, કારણ કે તેમને ડર હતો કે તે ચીનની સેનાને મજબૂત બનાવશે અને AI ક્ષેત્રમાં અમેરિકાના ફાયદાને નબળી પાડશે.

જોકે, ટ્રમ્પે ડિસેમ્બરમાં Nvidia ને ચીનને H200 ચિપ્સ મોકલવાની મંજૂરી આપીને આ પ્રતિબંધો હળવા કર્યા હતા. આ નિર્ણયની અમેરિકામાં ટીકા થઈ હતી.

જુલાઈમાં, વાણિજ્ય વિભાગના અધિકારી જેફરી કેસલરે સમિતિને જણાવ્યું હતું કે ચિપ સપ્લાય શરૂ થઈ ગયો છે, પરંતુ સંખ્યા ખૂબ ઓછી હતી. મે મહિનાની શરૂઆતમાં, રોઇટર્સે અહેવાલ આપ્યો હતો કે લગભગ 10 ચીની કંપનીઓને H200 ચિપ્સ ખરીદવા માટે મંજૂરી મળી હતી, પરંતુ કોઈ ડિલિવરી કરવામાં આવી ન હતી.

યુક્રેન પર હુમલો કરતી રશિયન મિસાઇલ પોલેન્ડમાં ખાબકતાં યુરોપમાં ખળભળાટ

પોલેન્ડના વડાપ્રધાન ડોનાલ્ડ ટસ્કે આ ઘટનાને રશિયાની જાણીજોઈને કરવામાં આવેલી ઉશ્કેરણી હોવાની આશંકા વ્યક્ત કરી હતી

(સંપૂર્ણ સમાચાર સેવા)

નવી દિલ્હી, તા.૨૧

રશિયા અને યુક્રેન વચ્ચે ચાલી રહેલા યુદ્ધની અસર હવે યુરોપના અન્ય દેશોની સુરક્ષા માટે પણ ચિંતાનો વિષય બની છે. ૨૦ નવેમ્બર, ૨૦૨૬ના રોજ યુક્રેન પર રશિયાના મોટા હવાઈ હુમલા દરમિયાન રશિયાની KH-101 ક્રૂઝ મિસાઇલ પોલેન્ડના હવાઈ ક્ષેત્રમાં પ્રવેશી ગઈ હતી. આ મિસાઇલ પોલેન્ડના ઝામોસ્ક નજીક ખાબકી હતી. ઘટનાનો વિસ્ફોટ નજીકના દેખરેખ કેમેરામાં પણ કેદ થયો હતો. આ સ્થળ યુક્રેનની સરહદથી આશરે ૪૬ કિલોમીટર દૂર હોવાનું અહેવાલમાં જણાવાયું છે. મિસાઇલ હવાઈ ક્ષેત્રમાં પ્રવેશ્યા બાદ પોલેન્ડના સરકારી સુરક્ષા કેન્દ્રે લુબ્લિન અને પોડકાર્પાકી વિસ્તારોમાં એલર્ટ જાહેર કર્યું હતું. લોકોને સુરક્ષિત સ્થળે આશરો લેવા સૂચના આપવામાં આવી હતી. દેશની હવાઈ સંરક્ષણ વ્યવસ્થા સક્રિય કરવામાં આવી હતી. રેસઝો એરપોર્ટ પર પણ થોડા સમય માટે વિમાનોની અવરજવર અટકાવવામાં આવી હતી. જોકે, આ ઘટનામાં કોઈ જાનહાનિ કે મહત્ત્વપૂર્ણ માળખાકીય નુકસાન થયું ન હોવાનું અધિકારીઓએ જણાવ્યું હતું. સ્થિતિ સામાન્ય થતાં એલર્ટ પાછું ખેંચી લેવામાં આવ્યું હતું.

પોલેન્ડના સંરક્ષણ મંત્રી વ્લાદિસ્લાવ કોસિનિયાક-કામિશે જણાવ્યું હતું કે, રશિયાના હુમલા દરમિયાન ત્રણ હવાઈ વસ્તુઓએ પોલેન્ડના હવાઈ ક્ષેત્રનું ઉલ્લંઘન કર્યું હતું. તેમાં બે મિસાઇલ અને એક જેટ એન્જિનથી ચાલતું ડ્રોન સામેલ હોવાનું જણાવાયું છે. આ ત્રણેય વસ્તુઓ અલગ-અલગ સ્થળોએ ખાબકી હતી. સૈન્યના રડારે કુલ ૧૧ હવાઈ વસ્તુઓને સંભવિત જોખમ તરીકે ઓળખી હતી, જેમાંથી ત્રણ પોલેન્ડના હવાઈ ક્ષેત્રમાં પ્રવેશી હતી.

પોલેન્ડના વડાપ્રધાન ડોનાલ્ડ ટસ્કે આ ઘટનાને રશિયાની જાણીજોઈને કરવામાં આવેલી ઉશ્કેરણી હોવાની આશંકા વ્યક્ત કરી હતી. તેમણે સૈન્ય અને ગુપ્તચર વિભાગના અધિકારીઓ સાથે બેઠક યોજી હતી.

આ ઘટના એવા સમયે બની છે, જ્યારે યુક્રેનને સમર્થન આપતા દેશોનું સૈન્ય અભ્યાસ પોલેન્ડમાં ચાલી રહ્યું છે. નાટોના મહાસચિવ માર્ક રુટેએ પોલેન્ડના હવાઈ ક્ષેત્રના ઉલ્લંઘનને ગંભીર ગણાવ્યું હતું અને પોલેન્ડને સમર્થન આપવાની ખાતરી આપી હતી. આ સમગ્ર ઘટના યુક્રેન પર રશિયાના મોટા હવાઈ હુમલા દરમિયાન બની હતી.

યુક્રેનના રાષ્ટ્રપતિ વોલોદિમીર ઝેલેન્સ્કીના જણાવ્યા અનુસાર, રશિયાએ ૪૦૦થી વધુ ડ્રોન અને ૧૧૦થી વધુ મિસાઇલથી હુમલો કર્યો હતો. આ હુમલામાં ઓછામાં ઓછા આઠ લોકોનાં મોત થયાં હતાં અને બે ડઝનથી વધુ લોકો ઘાયલ થયા હતા. રહેણાંક ઈમારતો, તબીબી કેન્દ્રો અને વીજળીના માળખાંને પણ નુકસાન પહોંચ્યું હતું.

આ ઘટનાએ ફરી એકવાર સ્પષ્ટ કર્યું છે કે રશિયા-યુક્રેન યુદ્ધની અસર બંને દેશોની સરહદો પૂરતી મર્યાદિત નથી. પોલેન્ડ નાટોનું સભ્ય હોવાથી તેના હવાઈ ક્ષેત્રમાં રશિયન મિસાઇલ પ્રવેશવાની ઘટનાએ યુરોપની સુરક્ષા અને નાટોની સૈન્ય તૈયારી અંગે નવી ચિંતા ઊભી કરી છે.

હાલ પોલેન્ડમાં તપાસ ચાલી રહી છે અને રશિયા તરફથી આ ઘટના અંગે સત્તાવાર પ્રતિક્રિયા સામે આવી નથી.

મૂવી ન્યૂઝ

શ્રીલીલાની એક ઝલક માટે ચાહકોની પડાપડી

ચેન્નઈના થિયેટરની બહાર શ્રીલીલાને જોવા ઉમટી ચાહકોની ભારે ભીડ



(સંપૂર્ણ સમાચાર સેવા) **મુંબઈ**

દક્ષિણ ભારતીય અભિનેત્રી શ્રીલીલા પોતાની ફિલ્મ 'ઓમ'ના પ્રથમ દિવસના પ્રથમ શો માટે ચેન્નઈના કમલા સિનેમામાં પહોંચી હતી. જોકે, ફિલ્મનું સ્ક્રીનિંગ પૂરું થયા બાદ જ્યારે તે થિયેટરની બહાર નીકળી ત્યારે તેને જોવા અને તેની સાથે સેલ્ફી લેવા ચાહકોની ભારે ભીડ એકઠી થઈ ગઈ હતી. જોતજોતામાં એવી પરિસ્થિતિ સર્જાઈ કે અભિનેત્રીને સુરક્ષિત રીતે બહાર લઈ જવા માટે સુરક્ષાકર્મીઓએ હસ્તક્ષેપ કરવો પડ્યો હતો. અત્રે ઉલ્લેખનીય છે કે, ધનુષ અભિનીત ફિલ્મ 'ઓમ : ઓપરેશન મોલ' ૨૦ નવેમ્બરે વિશ્વભરના સિનેમાઘરોમાં રિલીઝ થઈ છે.

રાજકુમાર પેરિયાસામીના નિર્દેશનમાં બનેલી આ એક્શન-સ્પાય થ્રિલરમાં ધનુષ ઉપરાંત સાઈ પલ્લવી, મામૂટી, નસીરુદ્દીન શાહ અને શ્રીલીલા મુખ્ય ભૂમિકામાં છે. ફિલ્મની રિલીઝને લઈને ચાહકોમાં પહેલેથી જ ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો હતો. શ્રીલીલા ફિલ્મનો પ્રથમ શો જોવા માટે સામાન્ય દર્શકોની વચ્ચે થિયેટરમાં પહોંચી હતી. તેના આગમનથી દર્શકોનો ઉત્સાહ વધી ગયો હતો. ફિલ્મ પૂરી થયા બાદ તે બહાર નીકળતાં જ મોટી સંખ્યામાં ચાહકો તેની આસપાસ એકઠા થઈ ગયા હતા. અનેક લોકો તેની તસવીરો લેવા અને નજીકથી જોવા માટે પડાપડી કરવા લાગ્યા હતા. સોશિયલ મીડિયા પર વાયરલ થયેલા વીડિયોમાં શ્રીલીલા ભીડમાંથી બહાર નીકળવાનો પ્રયાસ કરતી જોવા મળે છે. પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને સુરક્ષાકર્મીઓએ આગળ આવીને રસ્તો ખાલી કરાવ્યો હતો અને અભિનેત્રીને સુરક્ષિત રીતે તેની કાર સુધી પહોંચાડી હતી. થિયેટરની અંદરના વીડિયોમાં શ્રીલીલા દર્શકોનું અભિવાદન કરતી અને તેમની સાથે સમય વિતાવતી પણ જોવા મળી હતી. ફિલ્મ જોયા બાદ મીડિયા સાથે વાત કરતાં તેણે આ અનુભવને અદભૂત અને સુંદર ગણાવ્યો હતો. તેણે કહ્યું કે દર્શકો સાથે ફિલ્મ જોવી તેના માટે સ્વપ્ન સાકાર થવા સમાન અનુભવ હતો. સાથે જ તેણે દર્શકોને આ ફિલ્મ જોવા અને તેને બહોળો પ્રતિસાદ આપવાની પણ અપીલ કરી હતી.

ઓસ્કર વિજેતા નવલકથા પરથી બનશે વેબ સિરીઝ

એ પેસેજ ટુ ઈન્ડિયામાં નસીરુદ્દીન શાહ અને અલી ફઝલની એન્ટ્રી



(સંપૂર્ણ સમાચાર સેવા) **મુંબઈ**

મૂળ ઈ એમ ફોર્સ્ટરની પ્રખ્યાત નવલકથા 'એ પેસેજ ટુ ઈન્ડિયા' પરથી અગાઉ ઓસ્કર વિજેતા ફિલ્મ બની ચૂકી છે.હવે આ જ નોવલ પરથી બની રહેલી એક વેબ સીરિઝમાં નસરુદ્દિન શાહ તથા અલી ફઝલ સહિતના કલાકારો ભૂમિકા ભજવવાના છે. 'દિલ્હી ક્રાઇમ' સીરિઝ બનાવી અમ્મી એવોર્ડ જીતનાર રીચી મહેતા હવે પાંચ હપ્તાની સીરિઝ 'એ પેસેજ ટુ ઈન્ડિયા'બનાવી રહ્યા છે. આ સીરિઝનો દરેક એપિસોડ એક કલાકનો હશે.આ સીરિઝમાં અલી ફઝલ અઝીઝની ભૂમિકામાં અને નસીરુદ્દીન શાહ ગોડબોલેની ભૂમિકામાં જોવા મળશે. જ્યારે ફિઓના શો મિસિસ મૂર અને ટોમ મિસોન ફિલ્ડિંગની ભૂમિકા ભજવી રહ્યાં છે. આ એક સત્તાવાર યુકે-કેનેડા કો-પ્રોડકશન છે. આ નવલકથા પરથી અગાઉ ડેવિડ લીને ૧૯૮૪માં ફિચર ફિલ્મ બનાવી હતી જેને અગિયાર ઓસ્કર નોમિનેશન મળ્યા હતા અને તેમાંથી બે ઓસ્કર જીત્યા હતા.જેમાં પેગી એશક્રોફ્ટને મિસિસ મૂરની ભૂમિકા ભજવવા બદલ બેસ્ટ સપોર્ટિંગ એક્ટ્રેસનો ઓસ્કર મળ્યો હતો.

સલમાન અને સોનુ બાદ શાહરૂખ ખાને પણ શરદ કપૂરને મદદનો હાથ લંબાવ્યો

(સંપૂર્ણ સમાચાર સેવા) **મુંબઈ**

શાહરૂખ ખાન સાથે ફિલ્મ 'જોશ'માં કામ કરનાર અભિનેતા શરદ કપૂરે થોડા દિવસો પહેલા બોલિવૂડ પાસે કામ માટે અપીલ કરી હતી. ત્યારબાદ સોનુ સૂદથી લઈને સલમાન ખાન સુધી ઘણા સ્ટાર્સે અભિનેતાના મુશ્કેલ સમયમાં તેની મદદ કરવા માટે આગળ આવ્યા હતા.સલમાન ખાન બાદ હવે શાહરૂખ ખાને મોટું દિલ બતાવ્યું છે, તેણે પોતાના જૂના કો-સ્ટાર શરદ કપૂરની મદદ માટે હાથ લંબાવ્યો છે. શરદે તાજેતરમાં જણાવ્યું કે, શાહરૂખ ખાને સામેથી મને ફોન કર્યો હતો. તેમણે એ પણ જણાવ્યું કે કિંગ ખાન સાથે તેમની શું વાતચીત થઈ.

એક અહેવાલ પ્રમાણે શરદ કપૂરે શાહરૂખ ખાન સાથે થયેલી વાતચીત અંગે જણાવ્યું કે, 'હું જે કામ માંગી રહ્યો હતો, તે વીડિયો વાઈરલ થયા બાદ શાહરૂખ ખાને મને તરત જ ફોન કર્યો. તેમણે મને કહ્યું કે તારે જે કરવું હોય તે કર. હું તારી મદદ કરીશ. હું થોડા જ સમયમાં આર્યન ખાનને પણ મળવાનો છું.' જોકે, શરદ અને આર્યનની આ મુલાકાત કોઈ પ્રોજેક્ટ અંગે છે કે કેમ, તેની વિગતો અભિનેતાએ શેર નથી કરી. 'જોશ' દરમિયાન શાહરૂખ ખાન સાથેના પોતાના સંબંધો વિશે વાત કરતાં શરદ કપૂરે કહ્યું, 'જે સમયે અમે ફિલ્મનું શૂટિંગ કરી રહ્યા હતા, ત્યારે અમારો બોન્ડ ખૂબ જ સારો હતો. જ્યારે પણ શાહરૂખ ખાનને કોઈ ડાયલોગ બોલવામાં તકલીફ પડતી, ત્યારે હું તેમની મદદ કરતો હતો, પછી ભલે તે સીન મારી વિરુદ્ધ જ કેમ ન હોય. હું બસ એ જ ઈચ્છતો હતો કે અમે એક સારી ફિલ્મ બનાવીએ. શાહરૂખ ખાન એક કોન્ફિડન્ટ એક્ટર છે, તેઓ ખૂબ જ મોટા માણસ છે.' આ જ ઈન્ટરવ્યુમાં શરદ કપૂરે એ પણ જણાવ્યું કે, સોનુ સૂદે મને મળ્યા બાદ મારા માટે ડોક્ટરોની એક ટીમ અરેન્જ કરી અને પગની ઈજા માટે મેડિકલ સુવિધાઓ ઉપલબ્ધ કરાવી. હું પોતાની સારવાર માટે કરજત જવાનો છું.જેમને ખબર નથી, તેમને જણાવી દઈએ કે, શરદ કપૂરે માત્ર ઐશ્વર્યા રાય અને શાહરૂખ ખાન સાથે મોટી ફિલ્મ 'જોશ'માં જ કામ નથી કર્યું, પરંતુ ૯૦ અને ૨૦૦૦ના દાયકામાં તેઓ ઘણા સપોર્ટિંગ અને વિલનના પાત્રોમાં મોટા પડદા પર જોવા મળ્યા હતા. શરદે 'દસ્તક', 'જાની દુશ્મન', 'યે હૈ જલવા', 'લાલ સલામ', 'એલઓસી કારગિલ', 'લક્ષ્ય', 'જય હો' જેવી ઘણી મોટી ફિલ્મોમાં મહત્વની ભૂમિકાઓ ભજવી છે.

ઐશ્વર્યાના લગ્નજીવન અંગેની અફવાઓ પર અર્જુન સરજાએ નોંધાવી ફરિયાદ

(સંપૂર્ણ સમાચાર સેવા) **મુંબઈ**



ફિલ્મી દુનિયામાં સિતારાઓના અંગત જીવનને લઈને અવારનવાર જાતજાતની ચર્ચાઓ થતી રહે છે. ક્યારેક તેમના સંબંધો પર સવાલ ઉઠે છે તો ક્યારેક લગ્નજીવનને લઈને અટકળો લગાવવામાં આવે છે. આ દિવસોમાં એક્ટર અને ફિલ્મમેકર અર્જુન સરજાનો પરિવાર પણ આવી જ કેટલીક ચર્ચાઓની વચ્ચે છે. તેની નાની દીકરી અંજનાના લગ્ન બાદ મોટી દીકરી ઐશ્વર્યા અર્જુનના લગ્નને લઈને સોશિયલ મીડિયા પર અનેક પ્રકારની વાતો થવા લાગી. હવે આ અફવાઓ પર અર્જુને મૌન તોડ્યું છે. તેમણે દીકરી વિરુદ્ધ કથિત રીતે અપમાનજનક વાતો ફેલાવનારાઓ સામે ફરિયાદ નોંધાવી છે.

અર્જુન સરજાએ ગુરુવાર, ૧૯ નવેમ્બરના રોજ એક નિવેદન જાહેર કરીને પોતાની નારાજગી વ્યક્ત કરી. તેમણે કહ્યું કે તેઓ હંમેશાથી ઐશ્વર્યાની પર્સનલ લાઈફનું સન્માન કરતા આવ્યા છે. તેઓ નથી ઈચ્છતા કે તેમની દીકરીની અંગત બાબતો પર પરિવાર તરફથી કોઈ જાહેર ટિપ્પણી કરવામાં આવે. ઐશ્વર્યા જ્યારે અને જે રીતે ઈચ્છશે, પોતે પોતાની વાત રજૂ કરશે. જોકે, અર્જુને સ્પષ્ટ કર્યું કે કોઈની પર્સનલ લાઈફ પર ચર્ચા કરવી અને તેના ચારિત્ર્ય પર પાયાવિહોણા આરોપો લગાવવામાં ફરક હોય છે. તેમણે કહ્યું કે તેમની દીકરી વિશે અત્યંત અપમાનજનક વાતો કહેવામાં આવી રહી છે. ત્યાં સુધી કે તેમને કોઈ પણ આધાર વિના દારૂડિયા સુદ્ધાં ગણાવવામાં આવી રહ્યા છે.

અર્જુનના જણાવ્યા મુજબ, કોઈ કલાકારનું જાહેર જીવનમાં હોવું લોકોને તેના અંગત જીવન વિશે મનઘડંત વાતો ફેલાવવાનો અધિકાર આપતું નથી. કોઈ મહિલાના ચારિત્ર્ય પર આ રીતે સવાલ ઉઠાવવા બેજવાબદાર છે અને તેને સ્વીકારી શકાય નહીં. તેમણે પોતાના નિવેદનમાં જણાવ્યું કે આ મામલે સંબંધિત અધિકારીઓ સમક્ષ ઔપચારિક ફરિયાદ નોંધાવવામાં આવી છે. તેમણે કહ્યું કે તેમનો પરિવાર અત્યાર સુધી આવી વાતો પર ચૂપ રહેવું જ સારૂ સમજતો હતો. પરંતુ વારંવાર ખોટી માહિતી ફેલાવવામાં આવે તેને ચૂપચાપ સહન કરી શકાય નહીં. અર્જુને એમ પણ કહ્યું કે તેમની આ વાત માત્ર પોતાની દીકરી માટે જ નથી. તેઓ એ તમામ મહિલાઓની સાથે ઊભા છે, જેમને પોતાના અંગત જીવન અને નિર્ણયોને કારણે લોકોના સવાલોનો સામનો કરવો પડે છે. તેમણે કહ્યું કે દરેક મહિલાને સન્માન સાથે પોતાનું જીવન જીવવાનો અધિકાર છે. કોઈને પણ તેની રહેણીકરણી અને અંગત નિર્ણયોના આધારે બદનામ ન કરવી જોઈએ. તેમણે આગળ ચેતવણી આપી કે તેમની દીકરી વિશે ખોટી માહિતી ફેલાવનારા લોકો સાવધાન રહે. જરૂર પડ્યે તેમની સામે કાયદેસરની કાર્યવાહી પણ કરવામાં આવશે.

અર્જુને સ્પષ્ટ કહ્યું કે, સન્માન અને ગરિમા સાથે કોઈ સમાધાન કરી શકાય નહીં. ઐશ્વર્યા અર્જુને જૂન ૨૦૨૪માં એક્ટર ઉમાપતિ રામૈયા સાથે ચેન્નઈમાં લગ્ન કર્યા હતા. ઉમાપતિ દિગ્ગજ એક્ટર થમ્બી રામૈયાના પુત્ર છે. બંનેની મુલાકાત વર્ષ ૨૦૨૧માં રિયાલિટી શો 'સર્વાઈવર તમિલ' દરમિયાન થઈ હતી. ત્યારબાદ બંને વચ્ચે મિત્રતા થઈ અને સંબંધ આગળ વધ્યો. ઓક્ટોબર ૨૦૨૩માં બંનેએ સગાઈ કરી લીધી હતી. તાજેતરમાં અર્જુનની નાની દીકરી અંજનાએ આ વર્ષે ઓક્ટોબરમાં ઈસાયા નટર સાથે લગ્ન કર્યા. આ લગ્નમાં ઉમાપતિ અને તેમના પિતા થમ્બી રામૈયાની ગેરહાજરીએ લોકોનું ધ્યાન ખેંચ્યું. ત્યારબાદ ઐશ્વર્યા અને ઉમાપતિના સંબંધમાં અણબનાવની ચર્ચાઓ તેજ થઈ ગઈ.

ગેસ રિફિલના પૈસા લીધાની દાઝ રાખી અપહરણ

ભાવનગરમાં વેપારીનું અપહરણ કરી છરીની અણીએ ૩. ૪ લાખની ખંડણી

ગેસ રિફિલના કાયદેસરના પૈસા લીધાની દાઝ રાખી વેપારીને અધેવાડાની અવાવરું જગ્યાએ લઈ ગયા, જાનથી મારી નાખવાની ધમકી આપી ખંડણી પડાવી

(સંપૂર્ણ સમાચાર સેવા)

ભાવનગર,તા.૨૧

ભાવનગર શહેરમાં વેપારીનું અપહરણ કરી છરીની અણીએ રૂ. ૪ લાખની ખંડણી પડાવવાના ચકચારી બનાવમાં પોલીસે મુખ્ય આરોપીની ધરપકડ કરી છે. શહેરના સરદારનગર વિસ્તારમાં ગેસ એજન્સી ધરાવતા વેપારીને નિશાન બનાવી આરોપીઓએ જાનથી મારી નાખવાની ધમકી આપી ખંડણી વસૂલી હોવાની ફરિયાદ નોંધાઈ હતી. આ મામલે ભરતનગર પોલીસે કાર્યવાહી હાથ ધરી મુખ્ય આરોપીને ઝડપી પાડ્યો છે.

પ્રાપ્ત વિગતો અનુસાર, ગેસ રિફિલના કાયદેસરના પૈસા લીધાની દાઝ રાખી આરોપીઓએ વેપારીનું અપહરણ કર્યું હતું. ત્યારબાદ વેપારીના ગળા પર છરી ટેકવી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. આરોપીઓ વેપારીને અધેવાડા વિસ્તારની અવાવરું જગ્યાએ લઈ ગયા હતા. ત્યાં પ્રથમ રૂ. ૧ લાખ અને ત્યારબાદ ટુકડે-ટુકડે કુલ રૂ. ૪ લાખની ખંડણી પડાવી હતી. આ સમગ્ર મામલે વેપારીએ ભરતનગર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. પોલીસે આ ગુનામાં માલધારી સોસાયટીમાં રહેતા કલ્પેશ ઉર્ફે ભોડી ભોપાભાઈ ભરવાડની ધરપકડ કરી છે. ધરપકડ બાદ પોલીસે આરોપીને ઘટનાસ્થળે લઈ જઈ સમગ્ર ઘટનાનું રિકન્સ્ટ્રક્શન કરાવ્યું હતું. ગુનામાં કઈ રીતે વેપારીનું અપહરણ કરવામાં આવ્યું અને ખંડણી વસૂલવામાં આવી તે અંગે પોલીસ દ્વારા વિગતો મેળવવામાં આવી હતી.

ધરપકડ કરાયેલા આરોપીને કોર્ટમાં રજૂ કરવામાં આવતાં કોર્ટે બે દિવસના પોલીસ રિમાન્ડ મંજૂર કર્યા છે. રિમાન્ડ દરમિયાન પોલીસ ખંડણીની રકમ, ગુનામાં ઉપયોગમાં લેવાયેલા સાધનો અને અન્ય સંડોવાયેલા શખ્સો અંગે પૂછપરછ કરશે.

આ કેસમાં સંડોવાયેલો અન્ય એક આરોપી હજુ ફરાર છે. તેને ઝડપી પાડવા માટે ભરતનગર પોલીસે તપાસ અને શોધખોળ તેજ કરી છે. હવે પોલીસ તપાસમાં આ ખંડણીના ગુનામાં અન્ય કઈ વિગતો સામે આવે છે તે જોવું રહ્યું.

ભરૂચમાં 'ઓપરેશન હેલ્થ'થી હોટલ સંચાલકોમાં ફફડાટ, ૧૮ હોટલોને સુધારા નોટિસ







૬૨ કિલો બિનઆરોગ્યપ્રદ ખાદ્ય સામગ્રીનો સ્થળ પર જ નાશ, ફૂડ સેફ્ટી અને હાઇજીનના નિયમોનું પાલન કરવા તંત્રની કડક સૂચના

(સંપૂર્ણ સમાચાર સેવા)

ભરૂચ,તા.૨૧

ભરૂચ જિલ્લામાં ખોરાક અને ઔષધ નિયમન વિભાગ દ્વારા નાગરિકોના આરોગ્ય સાથે ચેડાં કરતી હોટલો અને ખાદ્ય પ્રતિષ્ઠાનો સામે કડક કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. 'ઓપરેશન હેલ્થ' અભિયાન હેઠળ છેલ્લા ત્રણ દિવસ દરમિયાન નેશનલ હાઈવે-૪૮ પર આવેલી કુલ ૪૫ હોટલ અને રેસ્ટોરન્ટમાં સઘન તપાસ કરવામાં આવી હતી. તપાસ દરમિયાન ફૂડ સેફ્ટી અને સ્વચ્છતાને લગતી અનેક અનિયમિતતાઓ સામે આવતા હોટલ સંચાલકોમાં દોડધામ મચી ગઈ હતી.

વિભાગની ટીમે હોટલોના કિચન, ખાદ્ય સામગ્રીના સંગ્રહ અને સ્વચ્છતા સહિતના વિવિધ પાસાંની તપાસ કરી હતી. ફૂડ સેફ્ટીની પ્રવર્તમાન શરતો અને નિયમોનું યોગ્ય પાલન ન કરતી કુલ ૧૮ હોટલોને સુધારા નોટિસ આપવામાં આવી છે.

વિભાગે સંચાલકોને જરૂરી ખામીઓ દૂર કરી ફૂડ સેફ્ટીના નિયમોનું કડક પાલન કરવા સૂચના આપી છે. નિયમોનું પાલન નહીં થાય તો આગામી તબક્કે વધુ કડક કાર્યવાહી થઈ શકે તેવી સ્થિતિ છે.

તપાસ દરમિયાન ત્રણ હોટલોમાં ગંભીર અનિયમિતતા અને અસ્વચ્છતા જોવા મળતા તેમને સેલ્ફ ક્લોઝર આપવામાં આવ્યું હતું. આ હોટલોને તાત્કાલિક અસરથી બંધ કરાવવામાં આવી છે. નિયમોમાં જરૂરી સુધારા કરવામાં નહીં આવે ત્યાં સુધી હોટલો ફરી શરૂ ન કરવા સ્પષ્ટ સૂચના આપવામાં આવી છે.

'ઓપરેશન હેલ્થ' દરમિયાન હોટલોના કિચન અને સ્ટોરેજમાંથી વાસી, બગડેલો તથા ગ્રાહકોના સ્વાસ્થ્ય માટે હાનિકારક કુલ ૬૨ કિલો ખાદ્ય પદાર્થ મળી આવ્યો હતો. વિભાગે આ સામગ્રી જપ્ત કરી હતી અને જનઆરોગ્યને ધ્યાનમાં રાખીને તેનો સ્થળ પર જ નાશ કરવામાં આવ્યો હતો.

તપાસ દરમિયાન ગ્રાહકોમાં થતી ગેરસમજ દૂર કરવા માટે આઈસ્ક્રીમ અને 'ફ્રોઝન ડેઝર્ટ' અંગે પણ હોટલ અને રેસ્ટોરન્ટ સંચાલકોને મહત્વની સૂચના આપવામાં આવી છે. વનસ્પતિ ફેટમાંથી બનતા ફ્રોઝન ડેઝર્ટને આઈસ્ક્રીમ તરીકે રજૂ ન કરવામાં આવે અને ગ્રાહકોને સ્પષ્ટ માહિતી મળી રહે તે માટે યોગ્ય કદના બોર્ડ લગાવવાનો આદેશ આપવામાં આવ્યો છે.

ભરૂચ જિલ્લામાં ખાદ્ય પદાર્થોની ગુણવત્તા અને સ્વચ્છતા જળવાઈ રહે તે માટે આવા ચેકિંગને વધુ વેગ આપવામાં આવી શકે છે. ખાસ કરીને હાઈવે પર મોટી સંખ્યામાં મુસાફરો અને પ્રવાસીઓ ભોજન લેતા હોવાથી હોટલ સંચાલકો માટે ફૂડ સેફ્ટીના નિયમોનું પાલન વધુ મહત્વપૂર્ણ બની રહે છે.

ઝેરી ધુમાડાથી ૩૦ વિદ્યાર્થીઓની તબિયત લથડી

બોટાદની જવાહર નવોદય વિદ્યાલય ખાલી; ૪૦૫માંથી એક પણ વિદ્યાર્થી હાજર નહીં



ડમ્પિંગ સાઈટમાં આગ લાગતાં વિદ્યાલયમાં ફેલાયો ધુમાડો; ૬ શિક્ષકો સહિત અસરગ્રસ્તોને સર્કિટ હાઉસ ખસેડાયા

(સંપૂર્ણ સમાચાર સેવા)

બોટાદ, તા.૨૧

બોટાદની જવાહર નવોદય વિદ્યાલયમાં ડમ્પિંગ સાઈટમાંથી ફેલાતા ઝેરી ધુમાડાની સમસ્યાએ ગંભીર સ્વરૂપ ધારણ કર્યું છે. વિદ્યાર્થીઓના સ્વાસ્થ્યને જોખમ ઊભું થતાં વાલીઓએ પોતાના બાળકોને વિદ્યાલયમાંથી ઘરે લઈ જવાનો નિર્ણય કર્યો છે. પરિણામે ૪૦૫ વિદ્યાર્થીઓ ધરાવતી આ વિદ્યાલય હાલમાં સંપૂર્ણપણે ખાલી થઈ ગઈ છે. ધુમાડાની અસરથી ૩૦ વિદ્યાર્થીઓની તબિયત લથડતાં તેમને સારવાર અને સુરક્ષાના હેતુથી સ્થળાંતરિત કરવાની ફરજ પડી હતી.

મળતી માહિતી મુજબ, જવાહર નવોદય વિદ્યાલયની નજીક આવેલી ડમ્પિંગ સાઈટમાં ૧૭ નવેમ્બરના રોજ આગ લાગી હતી. ફાયર વિભાગ દ્વારા આગ પર કાબૂ મેળવવામાં આવ્યો હતો, પરંતુ ત્યારબાદ ફરી આગ ભભૂકી ઊઠતાં વિસ્તારમાં ધુમાડાના ગોટેગોટા ફેલાવા લાગ્યા હતા. આ ધુમાડાની અસર વિદ્યાલય તેમજ આસપાસના વિસ્તારોમાં જોવા મળી હતી. સતત ધુમાડાના કારણે વિદ્યાર્થીઓના આરોગ્ય પર અસર થવા લાગી હતી. ૧૮ નવેમ્બરના રોજ ધુમાડાની સમસ્યાને લઈને વાલીઓએ વિદ્યાલય ખાતે હોબાળો મચાવ્યો હતો. ત્યારબાદ ૧૯ નવેમ્બરના રોજ ૩૦ વિદ્યાર્થીઓ અને ૬ શિક્ષકોને સર્કિટ હાઉસ ખાતે સ્થળાંતરિત કરવામાં આવ્યા હતા. વિદ્યાર્થીઓની તબિયત બગડતાં વાલીઓમાં પણ ચિંતા ફેલાઈ હતી.

૧૮ નવેમ્બરની રાતથી ૧૯ નવેમ્બરની બપોર સુધીમાં આશરે ૧૮૦ વાલીઓ પોતાનાં બાળકોને ઘરે લઈ ગયા હતા. ત્યારબાદ ૨૦ નવેમ્બરના રોજ બાકીના વિદ્યાર્થીઓને પણ વાલીઓ ઘરે લઈ ગયા હતા. આમ, કુલ ૪૦૫ વિદ્યાર્થીઓ ધરાવતી વિદ્યાલયમાં હાલ એકપણ વિદ્યાર્થી હાજર નથી.

વાલીઓએ તંત્ર સમક્ષ સ્પષ્ટ માગણી કરી છે કે ડમ્પિંગ સાઈટને અન્ય સ્થળે ખસેડવામાં આવે અને ધુમાડાની સમસ્યાનો કાયમી ઉકેલ લાવવામાં આવે. જ્યાં સુધી બાળકોના આરોગ્ય માટે સુરક્ષિત વાતાવરણ ઊભું નહીં થાય ત્યાં સુધી તેઓ પોતાનાં બાળકોને વિદ્યાલયમાં મોકલશે નહીં તેવી ચીમકી પણ ઉચ્ચારી છે.

એક તરફ વિદ્યાર્થીઓના આરોગ્યનો ગંભીર પ્રશ્ન ઊભો થયો છે, તો બીજી તરફ છેલ્લા પાંચ દિવસથી તેમના અભ્યાસ પર પણ અસર પડી રહી છે. રહેણાક સુવિધા ધરાવતી નવોદય વિદ્યાલયમાં આવી સ્થિતિ સર્જાતાં વિદ્યાર્થીઓના શૈક્ષણિક ભવિષ્ય અંગે પણ ચિંતા વ્યક્ત થઈ રહી છે.

હવે સૌથી મોટો સવાલ એ છે કે વિદ્યાલયની નજીક આવેલી ડમ્પિંગ સાઈટમાં વારંવાર આગ લાગવાની સમસ્યાનો કાયમી ઉકેલ ક્યારે આવશે? ૪૦૫ વિદ્યાર્થીઓના આરોગ્ય અને શિક્ષણ સાથે જોડાયેલા આ મુદ્દે જિલ્લા વહીવટી તંત્ર અને સંબંધિત વિભાગો ક્યારે નક્કર પગલાં લેશે તેના પર સૌની નજર છે.

ઈ-મેઇલ સ્પુફિંગ ગેંગનો પર્દાફાશ, મુંબઈથી ૪ આરોપીની ધરપકડ

(સંપૂર્ણ સમાચાર સેવા)

અમદાવાદ,તા.૨૧

અમદાવાદ સાયબર ક્રાઈમ બ્રાન્ચે આંતરરાજ્ય ઈ-મેઈલ સ્પુફિંગ ગેંગ સામે કાર્યવાહી કરીને મુંબઈથી ચાર આરોપીઓની ધરપકડ કરી છે. આરોપીઓએ ઈ-મેઈલ સ્પુફિંગ મારફતે કંપનીના પેમેન્ટ સંબંધિત સંવાદમાં ગેરકાયદેસર રીતે પ્રવેશ મેળવી માયા એગ્રોવેટ લિમિટેડ સાથે રૂ.૬.૫૫ લાખની છેતરપિંડી કરી હોવાનો ખુલાસો થયો છે.

તપાસ મુજબ, આરોપીઓએ છેતરપિંડી માટે યસ બેંકના નામે બનાવટી લેટરપેડ, ખોટી એકાઉન્ટ વિગતો અને નકલી સહી-સિક્કાનો ઉપયોગ કર્યો હતો. બનાવટી દસ્તાવેજો અને ઈ-મેઈલના આધારે કંપનીમાં વિશ્વાસ ઊભો કરીને રૂ.૬.૫૫ લાખની રકમ અન્ય બેંક ખાતામાં ટ્રાન્સફર કરાવવામાં આવી હતી.

ફરિયાદ મળ્યા બાદ અમદાવાદ સાયબર ક્રાઈમ બ્રાન્ચે ટેકનિકલ એનાલિસિસ અને હ્યુમન ઈન્ટેલિજન્સના આધારે તપાસ શરૂ કરી હતી. ડિજિટલ પુરાવા અને નાણાકીય વ્યવહારોની કડીઓ તપાસતા પોલીસ મુંબઈ સુધી પહોંચી હતી.

તપાસના આધારે મુંબઈમાં કાર્યવાહી કરીને ચાર આરોપીઓને ઝડપી પાડવામાં આવ્યા હતા. પ્રાથમિક તપાસમાં સામે આવ્યું છે કે ઝડપાયેલા આરોપીઓ ગેંગ માટે બેંક ખાતા ઉપલબ્ધ કરાવતા, ફોડની રકમ ઉપાડતા અને તેના બદલામાં કમીશન મેળવતા હતા.

આ કેસમાં ચાર આરોપીઓની ધરપકડ બાદ સાયબર ક્રાઈમ બ્રાન્ચે સમગ્ર નેટવર્કના અન્ય સભ્યો અને મુખ્ય સૂત્રધારો અંગે તપાસ વધુ તેજ કરી છે. આરોપીઓ સાથે જોડાયેલા બેંક ખાતા, નાણાકીય વ્યવહારો અને ડિજિટલ પુરાવાઓની તપાસ કરવામાં આવી રહી છે.

પોલીસને આશંકા છે કે આ ગેંગ દ્વારા અન્ય કંપનીઓ અથવા વ્યક્તિઓને પણ આ જ પ્રકારની ઈ-મેઈલ સ્પુફિંગ પદ્ધતિથી નિશાન બનાવવામાં આવી હોઈ શકે છે. અગાઉના સંભવિત ગુનાઓ અંગે પણ માહિતી એકત્ર કરવામાં આવી રહી છે.

ઈ-મેઈલ સ્પુફિંગ જેવી છેતરપિંડીમાં બનાવટી ઈ-મેઈલ અને દસ્તાવેજોના આધારે કંપનીના કર્મચારીઓને વિશ્વાસમાં લઈને નાણાં ટ્રાન્સફર કરાવવામાં આવે છે. તેથી પેમેન્ટ અથવા બેંક એકાઉન્ટ બદલવા સંબંધિત ઈ-મેઈલની સ્વતંત્ર રીતે ચકાસણી કરવી કંપનીઓ માટે મહત્વપૂર્ણ બની રહે છે.

સુરેન્દ્રનગરના સાયલામાં નશાની ખેતીનો પર્દાફાશ

એક જ દિવસમાં બે સ્થળેથી લીલા ગાંજાના ૬ છોડ સહિત કુલ ૧૦ કિલો ૫૨૦ ગ્રામ જથ્થો ઝડપાયો, બે શખ્સો સામે NDPS એક્ટ હેઠળ ગુનો નોંધાયો



(સંપૂર્ણ સમાચાર સેવા)

સુરેન્દ્રનગર,તા.૨૧

સુરેન્દ્રનગર જિલ્લાના સાયલા તાલુકામાં નશાના ગેરકાયદે કારોબાર સામે પોલીસ દ્વારા મોટી કાર્યવાહી કરવામાં આવી છે. સાયલા પંથકમાં ફરી એકવાર ગેરકાયદે ગાંજાનું વાવેતર ઝડપાતા ચકચાર મચી ગઈ છે. સુરેન્દ્રનગર SOG અને ધજાળા પોલીસની ટીમે બાતમીના આધારે એક જ દિવસમાં સોખડા અને નવાગામ (બા) ગામે દરોડા પાડ્યા હતા. આ બંને કાર્યવાહીમાં કુલ રૂ. ૫.૨૬ લાખની કિંમતનો ૧૦ કિલો ૫૨૦ ગ્રામ લીલો ગાંજો જપ્ત કરવામાં આવ્યો છે.

પોલીસ પેટ્રોલિંગ દરમિયાન મળેલી બાતમીના આધારે SOGની ટીમે સાયલા તાલુકાના સોખડા ગામની સીમમાં આવેલી એક વાડીમાં દરોડો પાડ્યો હતો. તપાસ દરમિયાન વાડીમાંથી ગેરકાયદે ઉગાડવામાં આવેલા ગાંજાના બે છોડ મળી આવ્યા હતા. પોલીસે ૪ કિલો ૩૭૦ ગ્રામ લીલો ગાંજો જપ્ત કર્યો હતો, જેની અંદાજિત કિંમત રૂ. ૨,૧૮,૫૦૦ થાય છે. આ મામલે આરોપી દાના દેવાભાઈ શેખ સામે NDPS એક્ટ હેઠળ ગુનો નોંધવામાં આવ્યો છે.

સોખડા બાદ ધજાળા પોલીસને પણ સફળતા મળી હતી. નાઈટ પેટ્રોલિંગ દરમિયાન મળેલી બાતમીના આધારે નવાગામ (બા) ગામના એક રહેણાંક મકાનમાં તપાસ કરવામાં આવી હતી. મકાનના ફળિયામાં ગાંજાના ચાર છોડ ઉગાડવામાં આવ્યા હોવાનું સામે આવ્યું હતું. પોલીસે ૬ કિલો ૧૫૦ ગ્રામ લીલો ગાંજો જપ્ત કર્યો હતો, જેની કિંમત અંદાજે રૂ. ૩,૦૭,૫૦૦ આંકવામાં આવી છે. આ મામલે આરોપી રાજારામ બચુરામ બરોલિયા સામે NDPS એક્ટ હેઠળ ગુનો નોંધાયો છે.

સોખડા અને નવાગામમાં કરવામાં આવેલી બંને કાર્યવાહીમાં પોલીસે કુલ ૧૦ કિલો ૫૨૦ ગ્રામ લીલો ગાંજો કબજે કર્યો છે. જપ્ત કરાયેલા જથ્થાની અંદાજિત બજાર કિંમત રૂ. ૫,૨૬,૦૦૦ થાય છે. બંને આરોપીઓ સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી વધુ તપાસ શરૂ કરવામાં આવી છે.

નોંધનીય છે કે સાયલા પંથકમાં અગાઉ પણ ગાંજાના ગેરકાયદે વાવેતરના બનાવો સામે આવી ચૂક્યા છે. વારંવાર આવા કિસ્સા પ્રકાશમાં આવતાં પોલીસ દ્વારા ગ્રામ્ય વિસ્તારોમાં પેટ્રોલિંગ અને તપાસ વધુ સઘન બનાવવામાં આવી રહી છે.

સાબરકાંઠાના ઈડરમાં ચોંકાવનારી ઘટના: મૃત શ્વાન હોવા છતાં ટાંકીના પાણીનો ઉપયોગ થતો હોવાનો ખુલાસો

(સંપૂર્ણ સમાચાર સેવા)

ઈડર, તા.૨૧

સાબરકાંઠા જિલ્લાના ઈડરમાં આવેલી PTC કોલેજમાં ગંભીર બેદરકારીનો ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે. કોલેજની પાણીની ટાંકીમાંથી મૃત શ્વાન મળી આવતાં સમગ્ર વિસ્તારમાં ખળભળાટ મચી ગયો છે. આ ટાંકીનું દૂષિત પાણી પીવાના કારણે ૩૦થી વધુ વિદ્યાર્થિનીઓની તબિયત લથડતાં તેમને સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવી છે. ઘટનાને પગલે વિદ્યાર્થીઓના વાલીઓમાં પણ ચિંતાનું મોજું ફરી વળ્યું છે. મળતી માહિતી અનુસાર, ઈડરની PTC કોલેજ અને હોસ્ટેલમાં પીવાના પાણી માટે ઉપયોગમાં લેવાતી ટાંકીમાં મૃત શ્વાન મળી આવ્યું હતું.

ચોંકાવનારી બાબત એ છે કે ટાંકીમાં મૃત શ્વાન હોવા છતાં છેલ્લા ઘણા દિવસોથી આ પાણીનો ઉપયોગ થતો હોવાની આશંકા વ્યક્ત કરવામાં આવી રહી છે.

આ દૂષિત પાણીના સેવનથી વિદ્યાર્થિનીઓના આરોગ્ય પર અસર થઈ હતી. ત્યારબાદ ૩૦થી વધુ વિદ્યાર્થિનીઓને તાત્કાલિક હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવી હતી. ઘટનાની ગંભીરતાને ધ્યાનમાં રાખીને આરોગ્ય વિભાગ દ્વારા હાથ ધરવામાં આવેલી કામગીરીનો તાગ મેળવવામાં આવ્યો હતો.

આ ઘટનાએ શૈક્ષણિક સંસ્થાઓ અને હોસ્ટેલોમાં પીવાના પાણીની સ્વચ્છતા તથા નિયમિત તપાસની વ્યવસ્થા સામે ગંભીર સવાલો ઊભા કર્યા છે. પાણીની ટાંકીની નિયમિત સફાઈ અને તપાસ થતી હતી કે નહીં? ટાંકીમાં મૃત શ્વાન હોવા છતાં સંચાલકોને તેની જાણ કેમ ન થઈ? આટલા દિવસો સુધી વિદ્યાર્થીઓને દૂષિત પાણી કેવી રીતે પીરસાતું રહ્યું? તેવા અનેક સવાલો ઊભા થયા છે.

મહીસાગરમાં સરકારી નોકરીના નામે લાખોની છેતરપિંડી

(સંપૂર્ણ સમાચાર સેવા)

મહીસાગર,તા.૨૧

મહીસાગર જિલ્લામાં સરકારી નોકરી અપાવવાના નામે બેરોજગાર યુવાનો સાથે છેતરપિંડી આચરવામાં આવી હોવાનો ગંભીર મામલો સામે આવ્યો છે. ૧૧૨ અને ૧૮૧ ઇમરજન્સી સેવાઓમાં નોકરી અપાવવાની લાલચ આપીને કુલ ૫૮ ઉમેદવારો પાસેથી રૂ. ૧૧.૨૦ લાખ ઉઘરાવવામાં આવ્યા હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે. આ મામલે મહીપાલસિંહ જાદવ સામે ફરિયાદ નોંધાતા જિલ્લામાં ચકચાર મચી ગઈ છે. પ્રાપ્ત માહિતી અનુસાર, સરકારી નોકરી મેળવવાની આશા રાખતા યુવાનોને ૧૧૨ અને ૧૮૧ જેવી સેવાઓમાં નોકરી અપાવવાની ખાતરી આપવામાં આવી હતી. આ લાલચ આપીને અલગ-અલગ ઉમેદવારો પાસેથી નાણાં લેવામાં આવ્યા હોવાનો ફરિયાદમાં આક્ષેપ છે. કુલ ૫૮ ઉમેદવારો પાસેથી રૂ. ૧૧.૨૦ લાખની રકમ ઉઘરાવવામાં આવી હોવાનું સામે આવ્યું છે. નોકરી મેળવવાની આશાએ નાણાં આપનારા ઉમેદવારો સાથે છેતરપિંડી થઈ હોવાની ફરિયાદ બાદ મામલો પોલીસ સુધી પહોંચ્યો છે. આ સમગ્ર વિવાદ વચ્ચે આરોપીનો હોવાનું કહેવાતો એક ધમકીભર્યો ઓડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થતાં મામલો વધુ ચર્ચાસ્પદ બન્યો છે. વાયરલ ઓડિયોમાં ફરિયાદીને ૫૦ FIR કરાવવાની ધમકી આપવામાં આવી હોવાનો આક્ષેપ છે. આ ઉપરાંત ફરિયાદી સાથે ગાળાગાળી કરવામાં આવી હોવાની વિગતો પણ સામે આવી છે. નાણાં પરત માંગવા અને કાયદેસરની કાર્યવાહી કરવાની વાત સામે ધમકી આપવામાં આવી હોવાના આક્ષેપથી ભોગ બનેલા ઉમેદવારોમાં રોષ જોવા મળી રહ્યો છે.

રાજકોટ રેલવે પોલીસની કામગીરી સામે સવાલો

રાજકોટમાં ૧૨ વર્ષનો કિશોર ગુમ થતાં પરિવાર પોલીસ સ્ટેશન પહોંચ્યો

(સંપૂર્ણ સમાચાર સેવા)

રાજકોટ,તા.૨૧

રાજકોટ રેલવે પોલીસ સ્ટેશનની કામગીરી સામે ગંભીર સવાલો ઊભા કરતી ઘટના સામે આવી છે. ૧૨ વર્ષનો કિશોર ગુમ થતાં તેના પરિવારજનો ફરિયાદ નોંધાવવા પોલીસ સ્ટેશન પહોંચ્યા હતા. જોકે, ત્યાં ફરજ પર હાજર મહિલા PSO ગોદડું ઓઢીને સૂતા હોવાનું અને પરિવારને ૨૪ કલાક બાદ આવવાનું કહેવામાં આવ્યું હોવાનો આક્ષેપ છે. આ સમગ્ર ઘટનાનો વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થતાં પોલીસની કામગીરી સામે લોકોમાં રોષ જોવા મળી રહ્યો છે.

મળતી માહિતી અનુસાર, ૧૨ વર્ષનો કિશોર દ્વારકા જવાનું કહીને ઘરેથી નીકળ્યો હતો. ત્યારબાદ તેણે એક અજાણ્યા મોબાઈલ નંબર પરથી પરિવારને ફોન કરીને પોતે રેલવે સ્ટેશન પર હોવાનું અને દ્વારકા જઈ રહ્યો હોવાનું જણાવ્યું હતું. આ માહિતી મળતાં જ કિશોરના મામા સહિત પરિવારજનો તાત્કાલિક રાજકોટ રેલવે સ્ટેશન પહોંચ્યા હતા. જોકે, તેઓ પહોંચે ત્યાં સુધીમાં ટ્રેન નીકળી ગઈ હતી અને કિશોરનો કોઈ પત્તો લાગ્યો નહોતો.

કિશોરની શોધખોળ અને ફરિયાદ માટે પરિવારજનો રેલવે પોલીસ સ્ટેશન પહોંચ્યા હતા. પરિવારના આક્ષેપ મુજબ, તે સમયે નાઈટ ડ્યૂટી પર હાજર મહિલા PSO ગોદડું ઓઢીને સૂતા હતા. પરિવારજનોએ કિશોર ગુમ થયાની રજૂઆત કરતાં તેમને ૨૪ કલાક રાહ જોવાનું કહેવામાં આવ્યું હતું. આ જવાબથી પરિવારજનોમાં ભારે નારાજગી ફેલાઈ હતી. પરિવારના જણાવ્યા અનુસાર, આ કિશોર અગાઉ પણ આ જ રીતે ગુમ થયો હતો, ત્યારે રાજકોટ ક્રાઈમ બ્રાન્ચની ટીમે તેને શોધી કાઢ્યો હતો. આ વખતે પણ પરિવારજનોએ તાત્કાલિક શોધખોળ અને લેખિત અરજી સ્વીકારવાની માગ કરી હતી. પરિવારનો આક્ષેપ છે કે સૌપ્રથમ ચાઈલ્ડ હેલ્પલાઈનનો સંપર્ક કર્યો હતો, પરંતુ ત્યાંથી પણ સંતોષકારક જવાબ મળ્યો નહોતો. ત્યારબાદ RPF કચેરીમાં પણ રજૂઆત કરવામાં આવી હતી.

પોલીસ સ્ટેશનમાં થયેલી સમગ્ર વાતચીતનો વીડિયો કિશોરના મામાએ ઉતારી સોશિયલ મીડિયામાં વાયરલ કર્યો છે. પરિવારજનોનો સવાલ છે કે ૧૨ વર્ષનો બાળક ગુમ હોય ત્યારે ૨૪ કલાક રાહ જોવાનું કહેવું કેટલું યોગ્ય છે? આ દરમિયાન બાળક સાથે કોઈ અઘટિત ઘટના બને તો જવાબદારી કોની રહેશે?

આ ઘટનાએ ગુમ થયેલા બાળકોની ફરિયાદ અને તેમની તાત્કાલિક શોધખોળની પોલીસ વ્યવસ્થાને લઈને અનેક સવાલો ઊભા કર્યા છે.

વર્તમાન પ્રવાહ વાંચકોને આથી ભલામણ કરવાની કે આ પ્રકાશનમાં પ્રસિદ્ધ થતી કોઈપણ જાહેરખબરના સંદર્ભમાં પૈસા મોકલતા અગાઉ કે તબીબી ભલામણના આધારે થતા ખર્ચ અથવા તો તેવા જ પ્રકારની કોઈપણ વચનપૂર્તિ કરતા અગાઉ અધિકૃત પૂછપરછ અને સલાહ લેવી. વર્તમાન પ્રવાહ સમાચાર જૂથ જાહેરાતની કોઈપણ સેવા કે ઉત્પાદનો અંગે કોઈ જ દાવાની ચકાસણી કરતું નથી. પ્રિન્ટર, પબ્લિશર, તંત્રી, વર્તમાન પ્રવાહ જૂથ પબ્લિકેશનના માલિક તેનાથી ઉપસ્થિત થતાં કોઈપણ પરિણામ કે દાવા જો જાહેરાતકારો નકારે તો તેની જવાબદારી લેશે નહીં.- વ્યવસ્થાપક

Owner, Publisher, Printer & Editor: Mukesh H. Gosavi, Printed at Vartman Pravah Offset Division :- 17-Sapphair Industrial Park, Dabhel, Nani Daman (U.T.), Publication Place : 92 Damanwada, Bhamti, Moti Daman, Daman (U.T.)

તમારી લાગણીનું પ્રતિબિંબ પાડતું સંઘપ્રદેશનું સર્વપ્રથમ દૈનિક

વર્તમાન પ્રવાહ

ગુજરાતમાં ઠંડીનો ચમકારો, ૧૧.૪ ડિગ્રી સાથે અમરેલી સૌથી ઠંડુ



હવામાન વિશ્લેષકોના જણાવ્યા મુજબ, ઠંડીના આ તીવ્ર રાઉન્ડ બાદ હવે વાતાવરણમાં ફરી ફેરફાર થવાની શક્યતા

(સંપૂર્ણ સમાચાર સેવા)

અમદાવાદ, તા.૨૧

છેલ્લા ૨૪ કલાકમાં રાજ્યભરના નાગરિકોએ ઠંડા પવનોના કારણે તીવ્ર ઠંડીનો અનુભવ કર્યો છે, જેમાં ૧૧.૪ ડિગ્રી સાથે અમરેલી સૌથી ઠંડું શહેર રહ્યું છે. જોકે, સક્રિય થનારા વેસ્ટર્ન ડિસ્ટર્બન્સના કારણે આવતીકાલથી તાપમાનમાં ૨ થી ૪ ડિગ્રીનો વધારો થવાની સંભાવના છે.

ગુજરાત રાજ્યમાં છેલ્લા એક દિવસ દરમિયાન હવામાનમાં નોંધપાત્ર પલટો આવતાં ઠંડીનો ચમકારો વધી ગયો છે. વાતાવરણમાં આવેલા આ બદલાવ અને ઠંડા પવનોના પ્રભાવને કારણે રાજ્યના મોટા ભાગના જિલ્લાઓમાં લઘુતમ તાપમાન ૨૦ ડિગ્રી સેલ્સિયસથી નીચે સરકી ગયું છે. માત્ર ૨૪ કલાકના ટૂંકા ગાળામાં રાજ્યભરમાં ઠંડીનો પારો ૨ થી ૫ ડિગ્રી સુધી ગગડ્યો હોવાથી વહેલી સવાર અને મોડી રાત્રે લોકોએ ઠંડીથી બચવા માટે ગરમ વસ્ત્રોનો સહારો લેવો પડ્યો છે.

વિવિધ શહેરોના તાપમાનના આંકડા પર નજર કરીએ તો ૧૧.૪ ડિગ્રી સેલ્સિયસ તાપમાન સાથે અમરેલી રાજ્યનું સૌથી ઠંડું શહેર નોંધાયું છે. કચ્છના નલિયામાં લઘુતમ તાપમાન ૧૧.૮ ડિગ્રી અને પાટનગર ગાંધીનગરમાં ઠંડીનો પારો ૧૨ ડિગ્રી સુધી ગગડી ગયો છે. આ ઉપરાંત રાજકોટમાં ૧૩.૨ ડિગ્રી, વડોદરામાં ૧૩.૪ ડિગ્રી, જ્યારે અમદાવાદ અને પોરબંદરમાં ૧૪ ડિગ્રી લઘુતમ તાપમાન નોંધાયું છે. બીજી તરફ, ભુજમાં ૧૭.૩ ડિગ્રી અને સુરતમાં ૧૬.૬ ડિગ્રી તાપમાન રહેતા ત્યાં અન્ય શહેરોની સરખામણીમાં પ્રમાણમાં ઓછી ઠંડી અનુભવાઈ છે.

હવામાન વિશ્લેષકોના જણાવ્યા મુજબ, ઠંડીના આ તીવ્ર રાઉન્ડ બાદ હવે વાતાવરણમાં ફરી ફેરફાર થવાની શક્યતા છે. સક્રિય થઈ રહેલા વેસ્ટર્ન ડિસ્ટર્બન્સની અસરથી આવતીકાલથી રાજ્યના તાપમાનમાં ૨ થી ૪ ડિગ્રી સુધીનો વધારો થઈ શકે છે. આ કારણે ઠંડીના જોરમાં અસ્થાયી નરમાશ જોવા મળી શકે છે, પરંતુ હવામાનના આ ચઢાવ-ઉતાર વચ્ચે નાગરિકોએ બદલાતા વાતાવરણની અસર સામે સાવચેત રહેવું જરૂરી બન્યું છે. ખાસ કરીને વહેલી સવારે અને મોડી રાત્રે બહાર નીકળતા લોકો, બાળકો અને વડીલોએ સ્વાસ્થ્ય પ્રત્યે વિશેષ કાળજી રાખવી હિતાવહ છે. વેસ્ટર્ન ડિસ્ટર્બન્સના પ્રભાવથી આવતીકાલથી તાપમાનમાં ૨ થી ૪ ડિગ્રીનો ઉછાળો આવતાં ઠંડીમાં હંગામી રાહત મળી શકે છે. જોકે, તાપમાનના આ સતત બદલાવ વચ્ચે નાગરિકોએ સ્વાસ્થ્ય સાચવવું અનિવાર્ય છે અને આગામી દિવસોમાં હવામાનની નવી સિસ્ટમો પર નજર રાખવી પડશે.

મહત્ત્વપૂર્ણ ટકોર ગુજરાત હાઇકોર્ટે કરી

યોગ્ય તક આપ્યા વિના સાક્ષીની ઉલટ તપાસનો અધિકાર છીનવી શકાય નહીં



ટ્રાયલ કોર્ટના આદેશને હાઇકોર્ટે કર્યો રદ, પોસ્ટમોર્ટમ કરનાર તબીબની વધુ ૪૫ મિનિટ ઉલટ તપાસ કરવાની અરજદારને મંજૂરી

(સંપૂર્ણ સમાચાર સેવા)

અમદાવાદ, તા.૨૧

ન્યાયિક પ્રક્રિયામાં સાક્ષીની ઉલટતપાસ કરવાનો અધિકાર પક્ષકાર માટે મહત્ત્વપૂર્ણ કાયદેસર અધિકાર છે અને પૂરતી તક આપ્યા વિના આ અધિકાર બંધ કરી શકાય નહીં, તેવી મહત્ત્વપૂર્ણ ટકોર ગુજરાત હાઈકોર્ટે કરી છે. અમદાવાદ ગ્રામ્યની કોર્ટ નંબર-૬ના એડિશનલ સેશન્સ જજ પરેશ એમ. સયાણી દ્વારા પોસ્ટમોર્ટમ કરનાર તબીબની ઉલટતપાસ બંધ કરવાના આદેશને પડકારતી અરજીમાં હાઈકોર્ટે અરજદારને વધુ ૪૫ મિનિટ સુધી ઉલટતપાસ કરવાની મંજૂરી આપી છે.

આ કેસમાં પોસ્ટમોર્ટમ કરનાર તબીબની જુબાની દરમિયાન અરજદાર પક્ષના વકીલ દ્વારા ઉલટતપાસ કરવામાં આવી રહી હતી. જોકે, ઉલટતપાસ પૂર્ણ થાય તે પહેલાં જ ટ્રાયલ કોર્ટે પોતાની રીતે કાર્યવાહી હાથ ધરીને તબીબની વધુ ઉલટતપાસ કરવાનો અરજદારનો અધિકાર બંધ કરી દીધો હતો. ખાસ બાબત એ હતી કે અરજદારના વકીલ દ્વારા કેસ મુલતવી રાખવાની કે વધારાનો સમય આપવાની કોઈ માગણી કરવામાં આવી નહોતી.

ટ્રાયલ કોર્ટના આ નિર્ણય સામે અરજદાર દ્વારા ગુજરાત હાઈકોર્ટમાં અરજી કરવામાં આવી હતી. અરજદાર તરફથી એડવોકેટ આદિત્ય અજય ચોકસી હાજર રહ્યા હતા અને તેમણે રજૂઆત કરી હતી કે બચાવ પક્ષને પોતાના કેસને લગતા મહત્ત્વપૂર્ણ તબીબી તથ્યો સ્પષ્ટ કરવા માટે સાક્ષીની ઉલટતપાસ કરવાની પૂરતી તક મળવી જરૂરી છે. હાઈકોર્ટે કેસની હકીકતો અને રજૂઆતોને ધ્યાનમાં લેતાં જણાવ્યું હતું કે ટ્રાયલ કોર્ટે ફરિયાદ પક્ષ અને બચાવ પક્ષ વચ્ચે યોગ્ય સંતુલન જાળવવું જોઈએ. બંને પક્ષકારોને પોતાના પુરાવા અને દલીલો રજૂ કરવાની વાજબી તક મળવી ન્યાયિક પ્રક્રિયાનો મહત્ત્વપૂર્ણ હિસ્સો છે.

સાક્ષીની જુબાની આંશિક રીતે નોંધાઈ હોય અને વકીલ દ્વારા મહત્ત્વના પ્રશ્નો પૂછીને સંબંધિત વિગતો રેકર્ડ પર લાવવામાં આવી રહી હોય ત્યારે પૂરતી તક આપ્યા વિના ઉલટતપાસ બંધ કરવી યોગ્ય નથી. માત્ર કાર્યવાહી ઝડપથી પૂર્ણ કરવાના હેતુથી પક્ષકારના બચાવના અધિકારને મર્યાદિત કરી શકાય નહીં, તેવો અભિગમ હાઈકોર્ટના ચુકાદામાં જોવા મળ્યો હતો.

ગુજરાત હાઈકોર્ટે ટ્રાયલ કોર્ટ દ્વારા ઉલટતપાસ બંધ કરવાનો આપવામાં આવેલો આદેશ રદ કર્યો હતો અને અરજદારને વધુ ૪૫ મિનિટ સુધી પોસ્ટમોર્ટમ કરનાર તબીબની ઉલટતપાસ કરવાની તક આપી હતી. આ માટે નિર્ધારિત તારીખે તબીબને ટ્રાયલ કોર્ટ સમક્ષ હાજર રાખીને બાકી રહેલી ઉલટતપાસ પૂર્ણ કરવાની મંજૂરી આપવામાં આવી છે.

ફોજદારી કેસમાં પોસ્ટમોર્ટમ કરનાર તબીબની જુબાની ઘણી વખત મહત્ત્વપૂર્ણ પુરાવા તરીકે ગણાય છે. મૃત્યુનું કારણ, ઈજાઓનું સ્વરૂપ અને તબીબી તારણો જેવા મુદ્દાઓ સ્પષ્ટ કરવા માટે તબીબની ઉલટતપાસ જરૂરી બની શકે છે. આથી બચાવ પક્ષને આવા સાક્ષીને પ્રશ્નો પૂછવાની વાજબી તક મળવી જરૂરી છે.

હાઇકોર્ટે પોસ્ટમોર્ટમ કરનાર તબીબના ખર્ચની રકમ નીચેની કોર્ટમાં જમા કરાવવાનો પણ આદેશ કર્યો છે. આ ચુકાદો નીચલી અદાલતો માટે માર્ગદર્શક બની શકે છે કે ન્યાયિક કાર્યવાહી દરમિયાન પ્રક્રિયાની ઝડપ કરતાં પક્ષકારોને ન્યાયી તક આપવી અને તેમના કાયદેસર અધિકારોનું રક્ષણ કરવું વધુ મહત્ત્વનું છે.

ભેસ્તાન પોલીસની મોટી કાર્યવાહી

સુરતના ભેસ્તાનમાં આંતરરાજ્ય સાયબર ઠગાઈ કરતી ગેંગનો પર્દાફાશ

પોલીસે રૂ. ૪.૪૭ લાખ રોકડા, ૧૫ મોબાઈલ અને ૨૨ ડેબિટ કાર્ડ સહિત રૂ. ૫,૭૨,૫૦૦નો મુદ્દામાલ કબજે કર્યો, અન્ય ચાર આરોપીઓ વોન્ટેડ



(સંપૂર્ણ સમાચાર સેવા)

સુરત,તા.૨૧

સુરત શહેરમાં સાયબર ગુનાખોરી સામે ભેસ્તાન પોલીસે મોટી કાર્યવાહી કરી આંતરરાજ્ય સાયબર ફ્રોડ ટોળકીનો પર્દાફાશ કર્યો છે. ભેસ્તાનના રાજ ઈન્ડસ્ટ્રીયલ વિસ્તારમાં દરોડો પાડી પોલીસે રાજસ્થાન, હરિયાણા અને ઉત્તર પ્રદેશના ચાર આરોપીઓને ઝડપી પાડ્યા છે. જ્યારે આ ગુનામાં સંડોવાયેલા અન્ય ચાર આરોપીઓને વોન્ટેડ જાહેર કરવામાં આવ્યા છે.

પોલીસ તપાસમાં ટોળકીની ચોંકાવનારી મોડસ ઓપરેન્ડી સામે આવી છે. આરોપીઓ સામાન્ય લોકોને રૂ. ૧૫થી ૧૬ હજાર આપવાની લાલચ આપી તેમના નામે બેંક ખાતાં ખોલાવતા હતા. ત્યારબાદ બેંકની કીટ, પાસબુક, ડેબિટ કાર્ડ અને સિમકાર્ડ મેળવી લેતા હતા. આ ખાતાંનો ઉપયોગ સાયબર ઠગાઈથી મેળવેલા નાણાંની હેરફેર માટે કરવામાં આવતો હતો.

આરોપીઓ ફેસબુક સહિતના સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર જૂના સિક્કા વેચવાની અને અન્ય લોભામણી જાહેરાતો મૂકતા હતા. આ જાહેરાતોના માધ્યમથી લોકોને જાળમાં ફસાવી ઓનલાઈન ઠગાઈ કરવામાં આવતી હતી. છેલ્લા દોઢ વર્ષથી આ ગેંગ સક્રિય હોવાનું તપાસમાં સામે આવ્યું છે. ઠગાઈની રકમ ભાડે મેળવેલા બેંક ખાતાંમાં જમા કરાવી અલગ-અલગ ખાતાઓમાં ટ્રાન્સફર કર્યા બાદ ATM મારફતે રોકડ ઉપાડી લેવામાં આવતી હતી. ભેસ્તાન પોલીસે આરોપીઓ પાસેથી રૂ. ૪.૪૭ લાખ રોકડા, ૧૫ મોબાઈલ ફોન, ૨૨ ડેબિટ કાર્ડ, પાસબુક અને ચેકબુક સહિત કુલ રૂ. ૫,૭૨,૫૦૦નો મુદ્દામાલ જપ્ત કર્યો છે. તપાસમાં આ ટોળકી વિરુદ્ધ ગુજરાત, મહારાષ્ટ્ર, દિલ્હી, હરિયાણા, ઉત્તર પ્રદેશ અને તેલંગાણા સહિત અનેક રાજ્યોમાં સાયબર ફ્રોડની ફરિયાદો નોંધાયેલી હોવાનું બહાર આવ્યું છે.

હાલ પોલીસે BNS અને IT એક્ટની વિવિધ કલમો હેઠળ ગુનો નોંધી વધુ તપાસ શરૂ કરી છે. ફરાર ચાર આરોપીઓને ઝડપી પાડવા માટે પોલીસની કાર્યવાહી ચાલુ છે.

સુરતમાં ઉત્તરાયણ પહેલાં જ પતંગની દોરી બની જીવલેણ

છાપરાભાઠાથી ઉધના તરફ નોકરીએથી ઘરે જતાં યુવકના ગળામાં અચાનક આવી ગઈ પતંગની દોરી, ગંભીર ઈજા થતાં લોહીલુહાણ થયા



(સંપૂર્ણ સમાચાર સેવા)

સુરત,તા.૨૧

સુરત શહેરમાં ઉત્તરાયણના પર્વને હજુ પોણા બે મહિના જેટલો સમય બાકી છે, ત્યાં જ પતંગની દોરી વાહનચાલકો માટે જોખમી સાબિત થવા લાગી છે. શહેરના છાપરાભાઠા વિસ્તારમાં નોકરી પરથી બાઈક પર ઘરે પરત ફરી રહેલા એક યુવકના ગળામાં અચાનક પતંગની દોરી આવી જતાં ગંભીર અકસ્માત સર્જાયો હતો. આ ઘટનામાં સાહિલ રાણા નામના યુવકને ગળાના ભાગે ગંભીર ઈજા પહોંચી હતી.

મળતી માહિતી મુજબ, સાહિલ રાણા પોતાની નોકરી પૂર્ણ કરીને બાઈક પર ઘરે પરત ફરી રહ્યો હતો. તે છાપરાભાઠાથી ઉધના તરફ જઈ રહ્યો હતો ત્યારે રસ્તામાં અચાનક પતંગની દોરી તેના ગળામાં આવી ગઈ હતી. બાઈક ચાલુ હોવાના કારણે દોરી ગળાના ભાગે ઘસાતાં ગંભીર ઘા પડ્યો હતો. અચાનક બનેલી આ ઘટનાથી યુવક લોહીલુહાણ થઈ ગયો હતો.

ઘટના બાદ ઈજાગ્રસ્ત સાહિલ રાણાને તાત્કાલિક સુરતની નવી સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. ત્યાં તબીબોની દેખરેખ હેઠળ તેની સારવાર શરૂ કરવામાં આવી છે. ઉત્તરાયણ પહેલાં જ પતંગની દોરીના કારણે બનેલી આ ઘટનાથી વાહનચાલકોની સુરક્ષાનો મુદ્દો ફરી ચર્ચામાં આવ્યો છે. ઉત્તરાયણના પર્વ દરમિયાન રસ્તાઓ પર લટકતી અને હવામાં ઉડતી પતંગની દોરી બાઈકચાલકો માટે ગંભીર જોખમ ઊભું કરતી હોય છે. ખાસ કરીને ગળા અને ચહેરાના ભાગે દોરી વાગવાથી ગંભીર ઈજાઓ થઈ શકે છે. ત્યારે ઉત્તરાયણને હજુ પોણા બે મહિનાની વાર હોવા છતાં સુરતમાં બનેલી આ ઘટનાએ તંત્ર અને નાગરિકો માટે ચેતવણી આપી છે. વાહનચાલકોએ રસ્તા પર પસાર થતી વખતે સાવચેતી રાખવી અને દોરીથી બચવા જરૂરી સુરક્ષા વ્યવસ્થા અપનાવવી અત્યંત જરૂરી બની છે.

દિવાળી તહેવારના પાંચ દિવસમાં અંબાજી મંદિરમાં દાનની સરવાણી

એક કરોડથી વધુની રોકડ આવકઃ અંદાજે ૧૨ લાખથી વધુ માઈભક્તોએ મા અંબાના ચરણોમાં શીશ ઝુકાવી આશીર્વાદ મેળવ્યા હતા

(સંપૂર્ણ સમાચાર સેવા)

અંબાજી, તા.૨૧

સુપ્રસિદ્ધ યાત્રાધામ અંબાજી મંદિરમાં દિવાળી પર્વ દરમિયાન શ્રદ્ધા અને ભક્તિનો અદભુત માહોલ જોવા મળ્યો હતો. દિવાળીના એકમથી પાંચમ સુધીના પાંચ દિવસ દરમિયાન ૧૨ લાખથી વધુ માઈભક્તોએ મા અંબાના દર્શન કરી ધન્યતા અનુભવી હતી. બીજી તરફ, ભક્તોએ માતાજીના ચરણોમાં યથાશક્તિ દાન અર્પણ કરતાં મંદિરના ભંડારમાં માત્ર રોકડ દાનની આવક જ એક કરોડ રૂપિયાથી વધુ નોંધાઈ હતી. સોના-ચાંદી અને પ્રસાદીની આવક આ ઉપરાંત રહી હતી.

દર વર્ષે દિવાળી અને નવા વર્ષના પર્વે અંબાજી મંદિરમાં દર્શન માટે લાખોની સંખ્યામાં શ્રદ્ધાળુઓ ઉમટી પડે છે. આ વર્ષે પણ એકમથી પાંચમ સુધી મંદિર પરિસરમાં ભક્તોનો ભારે ધસારો જોવા મળ્યો હતો. અંદાજે ૧૨ લાખથી વધુ માઈભક્તોએ મા અંબાના ચરણોમાં શીશ ઝુકાવી આશીર્વાદ મેળવ્યા હતા.

દિવાળીના પવિત્ર દિવસોમાં ભક્તોએ માતાજીના ભંડારમાં ઉદાર હાથે દાન આપ્યું હતું. પાંચ દિવસ દરમિયાન માત્ર રોકડ દાનની આવક જ એક કરોડ રૂપિયાથી વધુ થઈ હતી. આ ઉપરાંત સોના-ચાંદીના દાન અને પ્રસાદીના વેચાણથી થતી આવક અલગ રહી હતી. મંદિર ટ્રસ્ટના જણાવ્યા અનુસાર, ભક્તોની શ્રદ્ધાથી પ્રાપ્ત થતી આ રકમનો ઉપયોગ મંદિરના વિકાસ અને સુવિધાઓ વધારવાનાં કાર્યોમાં કરવામાં આવશે.





દિવાળી પર્વ દરમિયાન મોટી સંખ્યામાં પગપાળા સંઘો પણ અંબાજી પહોંચ્યા હતા. શ્રદ્ધાળુઓએ પગપાળા યાત્રા કરીને મા અંબાના દર્શન કર્યા હતા અને મંદિરના શિખર પર ધજા ચઢાવી મંગલકામના કરી હતી. સમગ્ર મંદિર પરિસર ભક્તિમય બની ગયું હતું.

પાંચ દિવસ દરમિયાન અંબાજી મંદિરનો ચાચર ચોક માઈભક્તોની ભારે ભીડથી છલકાઈ ગયો હતો. ભક્તોના મુખે સતત 'બોલ માડી અંબે... જય જય અંબે'ના જયઘોષથી સમગ્ર મંદિર પરિસર ગુંજી ઊઠ્યું હતું. શ્રદ્ધાળુઓએ માતાજીના ચરણોમાં શીશ ઝુકાવી પોતાની શક્તિ અનુસાર દાન અર્પણ કર્યું હતું.

ભક્તોની મોટી સંખ્યાને ધ્યાનમાં રાખીને અંબાજી મંદિર ટ્રસ્ટ દ્વારા દર્શન, પ્રસાદ અને યાત્રિકોની અવરજવર માટે વિશેષ વ્યવસ્થા કરવામાં આવી હતી. જેથી મોટી સંખ્યામાં આવતા શ્રદ્ધાળુઓને સરળતાથી દર્શનનો લાભ મળી શકે. મંદિરના વહીવટદારે જણાવ્યું હતું કે ભક્તો દ્વારા મળેલા દાનનો ઉપયોગ મંદિરના વિકાસલક્ષી કાર્યો અને યાત્રિકોને વધુ સારી સુવિધાઓ પૂરી પાડવા માટે કરવામાં આવશે. આમ, દિવાળીના પાંચ દિવસ દરમિયાન અંબાજીધામમાં ભક્તિ, શ્રદ્ધા અને દાનનો ત્રિવેણી સંગમ જોવા મળ્યો હતો.

આઈસ્ક્રીમના નામે ગ્રાહકો સાથે છેતરપિંડી અટકાવવા સુરત ફૂડ વિભાગની કવાયત

દુકાનો અને ઉત્પાદન એકમોમાં ફરજિયાત માહિતી બોર્ડ લગાવાશે; આઈસ્ક્રીમ-ફ્રોઝન ડેઝર્ટ વચ્ચેનો તફાવત દર્શાવાશે



(સંપૂર્ણ સમાચાર સેવા)

સુરત, તા.૨૧

આઈસ્ક્રીમના નામે ફ્રોઝન ડેઝર્ટનું વેચાણ કરીને ગ્રાહકોને ગેરમાર્ગે દોરવામાં ન આવે તે માટે સુરતના ફૂડ વિભાગે કાર્યવાહી તેજ કરી છે.

ગ્રાહકોને આઈસ્ક્રીમ અને ફ્રોઝન ડેઝર્ટ વચ્ચેનો તફાવત સરળતાથી સમજાય અને ખરીદી વખતે યોગ્ય પસંદગી કરી શકે તે માટે શહેરની દુકાનો તેમજ ઉત્પાદન એકમોમાં માહિતી દર્શાવતા બોર્ડ લગાવવાની કવાયત હાથ ધરવામાં આવી છે. આ ઉપરાંત ફૂડ વિભાગ દ્વારા ઉત્પાદન એકમો અને વેચાણ કેન્દ્રો પર ચેકિંગ પણ ચાલુ રાખવામાં આવશે.

ફૂડ વિભાગ દ્વારા આપવામાં આવનારી સૂચના મુજબ, આઈસ્ક્રીમ અને ફ્રોઝન ડેઝર્ટ બંને અલગ પ્રકારની પ્રોડક્ટ છે. આઈસ્ક્રીમ દૂધની ચરબીના આધારે તૈયાર કરવામાં આવે છે, જ્યારે ફ્રોઝન ડેઝર્ટમાં વેજિટેબલ ઓઈલ અને સ્કિમ્ડ મિલ્ક પાઉડરનો ઉપયોગ કરવામાં આવે છે. આમ, બંનેની બનાવટમાં રહેલા તફાવત અંગે ગ્રાહકોને સ્પષ્ટ માહિતી મળે તે માટે દુકાનોમાં બોર્ડ લગાવવાનું આયોજન છે.

ફૂડ વિભાગ દ્વારા આઈસ્ક્રીમનું ઉત્પાદન કરતી કંપનીઓ તેમજ તેનું વેચાણ કરતી દુકાનોને ગ્રાહકોની જાણ માટે સ્પષ્ટ માહિતી દર્શાવતા બોર્ડ લગાવવાની સૂચના આપવામાં આવશે. જેથી ગ્રાહકો કોઈ પ્રોડક્ટ ખરીદે ત્યારે તે ખરેખર આઈસ્ક્રીમ છે કે ફ્રોઝન ડેઝર્ટ તેની જાણકારી મેળવી શકે. આ પગલાથી ગ્રાહકો સાથે થતી સંભવિત ગેરસમજ અને છેતરપિંડી અટકાવવામાં મદદ મળશે.

ફૂડ વિભાગે સ્પષ્ટ કર્યું છે કે આગામી દિવસોમાં પણ આઈસ્ક્રીમના ઉત્પાદન એકમો અને વેચાણ કેન્દ્રો પર તપાસ ચાલુ રાખવામાં આવશે. સંચાલકો દ્વારા આપવામાં આવેલી સૂચનાઓનું પાલન થાય છે કે નહીં, ગ્રાહકોને પ્રોડક્ટ અંગે યોગ્ય માહિતી આપવામાં આવે છે કે નહીં તેની ચકાસણી કરવામાં આવશે. નિયમોનું પાલન ન કરતી સંસ્થાઓ સામે જરૂરી કાર્યવાહી કરવામાં આવશે.

ફૂડ વિભાગની આ કામગીરીનો મુખ્ય હેતુ ગ્રાહકોના હિતોનું રક્ષણ કરવાની સાથે ખાદ્યપદાર્થોના વેચાણમાં પારદર્શિતા લાવવાનો છે. ઘણી વખત ગ્રાહકો આઈસ્ક્રીમ સમજીને ફ્રોઝન ડેઝર્ટ ખરીદતા હોય છે, પરંતુ બંનેની બનાવટ અલગ હોય છે. હવે દુકાનોમાં સ્પષ્ટ માહિતી બોર્ડ લગાવવાથી ગ્રાહકોને પ્રોડક્ટ પસંદ કરવામાં સરળતા રહેશે અને ખાદ્યપદાર્થોના વેચાણમાં પારદર્શિતા જળવાશે.